


દીપાવલીના રોજ શ્રીશ્રી અષ્ટલક્ષ્મી આદિશક્તિપીઠ ખાતે ભવ્ય અન્નકૂટ દર્શન (૧૩-૧૧-૨૦૧૨)




શ્રી ગુરુનાનક જયંતી ઉત્સવ-ગુરુદ્વારા ગોવિંદધામ ખાતે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીનું ઉદ્બોધન (૨૮-૧૧-૨૦૧૨)




મૃત્યુંજય મિશન, હરિદ્વાર ખાતે મર્મ વિજ્ઞાન ગ્રંથનું વિમોચન પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીના અતિથિવિશેષપદે (૧૮-૧૧-૨૦૧૨)

## દિવ્ય વિચારો

આધ્યાત્મિક જીવન એ સતત સંઘર્ષ છે, એ સંઘર્ષ બાહ્ય દુષ્ટ બળો સામેનો નથી, પણ વધુ વિચિત્ર રીતે અને વારંવાર મૂંઝવતા મનુષ્યના નિમ્ન સ્વભાવની સાથેનો સંઘર્ષ છે.

- સ્વામી ચિદાનંદ


Print Vision

If undelivered return to:
**"Divya Jivan" Gujarat Divya Jivan Sangh**
Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૯, અંક - ૧૨, ડિસેમ્બર - ૨૦૧૨

Postal Registration No. GANC 1417/2012-2014 Valid up to 31-12-2014 RNI No. GUJGUJ/2003/15738
Posted on 5th of every month at PSO, Ahmedabad-380 002. Annual Subscription Rs.150/-





॥ પ્રણામો દુઃખ શમનઃ તં નમામિ હરિં પરં ॥

## પ્રચ્છન્ન (છુપાયેલા) ભગવાન

તમારી અંદર ભગવાન છુપાયેલા છે. તમારી અંદર અમર આત્મા છે. તમારી અંદર અખૂટ આધ્યાત્મિક ભંડાર છે. તમારી અંદર આનંદનો સાગર છે. જે સુખને નાશવંત પદાર્થોમાં શોધવામાં તમે નિષ્ફળ થયા છો તે સુખ માટે અંદર જુઓ. શાંતિથી તમારા આત્મામાં વિશ્રામ કરો.

- સ્વામી શિવાનંદ

# શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત

# દિવ્ય જીવન

વર્ષ : ૯ | અંક : ૧૨ | ડિસેમ્બર-૨૦૧૨



**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**ડૉ. મફતલાલ જે. પટણી**
**ડૉ. હરીશ દ્વિવેદી**
**શ્રીમતી રૂપા મજમુદાર**

❍

**લેખ મોકલવાનું સરનામું :**
**તંત્રીશ્રી : ડૉ. મફતલાલ જે. પટણી**
૪, વિશ્વભારતી સોસાયટી,
નવરંગપુરા ટેલિફોન ટાવર પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૪૦૮૪૦૬

❍

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી યજ્ઞેશભાઈ દેસાઈ**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

❍

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org



## લવાજમ

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |

**વિદેશ માટે (એર મેઈલ)**

| | | |
|---|---|---|
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા


ॐ

आत्मानं सततं जान-कालं नय महामते ।
प्रारब्धमखिलं भुञ्जन्नोद्वेगं कर्तुमर्हसि ॥

उत्पन्नेऽप्यात्मविज्ञाने प्रारब्धं नैव मुञ्चति ।
इति यच्छ्रुयते शास्त्रे तन्निराक्रियतेऽधुना ॥

तत्त्वज्ञानोदयादूर्ध्वं प्रारब्धं नैव विद्यते ।
देहादीनामसत्त्वात्तु यथ्था स्वप्नो विबोधतः ॥

**अपरोक्षानुभूतिः ८९, ९०, ९१**

હે મહાબુદ્ધિશાળી ! (તું વેદાંતના વાક્યો વડે) સર્વદા આત્માનો વિચાર કરતાં (તારા જીવનનો સર્વ) સમય વ્યતીત કર, (અને જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી) બધું પ્રારબ્ધ (આભાસમાત્ર સમજી તેને) ભોગવતો (તું) ઉદ્વેગ કરવાને યોગ્ય નથી.

આત્માનો અનુભવ ઉત્પન્ન થયા છતાં પણ પ્રારબ્ધ છોડતું નથી જ એવું જે શાસ્ત્રમાં સંભળાય છે તેનું હવે નિરાકરણ કરાય છે.

જેમ જાગવાથી સ્વપ્ન (રહેતું નથી તેમ) તત્ત્વજ્ઞાનનો ઉદય થયા પછી દેહાદિના મિથ્યાપણાથી પ્રારબ્ધ પણ નથી જ રહેતું.

## શિવાનંદ વાણી

**ભગવાન શિવની પૂજા :** બધું જ ભગવાન શિવનું વ્યક્ત સ્વરૂપ છે. શિવ જ નારાયણ અને બ્રહ્મા છે. ભગવાન શિવના પ્રેમનો અનુભવ કરવો જ જોઈએ અને વ્યક્ત કરવો જોઈએ. પ્રાર્થો, પૂજો, રડો, નૃત્ય કરો. ભગવાન શિવ ગીતનું સંગીત છે, ફળની મીઠાશ છે, મનનો વિચાર છે, આંખનું તેજ છે. યમ અને નિયમનો અભ્યાસ કરો. તમે જલદીથી શિવનો શાશ્વત આનંદ પામશો.

**- સ્વામી શિવાનંદ**


**પ્રકાશક-મુદ્રક :** અરૂણ દેવેન્દ્ર ઓઝા, **માલિક :** ગુજરાત દિવ્ય જીવન સંઘ વતી, પ્રિન્ટ વિઝન પ્રા. લિ., પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પ્રેસ ખાતે છપાવી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫થી પ્રકાશિત કર્યું.

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્લોક - આત્મબોધ | શ્રીમદ્ આદિ શંકરાચાર્ય | ૧ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | | ૨ |
| ૩. | સંપાદકીય | સંપાદક | ૩ |
| ૪. | ગીતાજયંતી પ્રવચનો | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૪ |
| | (૧) ગીતાજયંતીનો સંદેશ | | ૪ |
| | (૨) ભગવદ્‌ગીતાનું માહાત્મ્ય અને મહત્ત્વ | | ૪ |
| | (૩) ગીતા-શક્તિનો સ્રોત; સમશ્લોકી ગીતા | | ૬ |
| | (૪) સર્વદેશીય અને સર્વસાધારણ ગીતા | | ૮ |
| | (૫) ગીતાનું તત્ત્વજ્ઞાન | | ૧૦ |
| | (૬) પરમાત્માનું આહ્વાન | | ૧૦ |
| | (૭) સર્વ માટેનું શાસ્ત્ર | | ૧૨ |
| | (૮) અર્વાચીન માનવજાતને પ્રાચીન બોધ | | ૧૪ |
| | (૯) ગીતાનો યોગ | | ૧૫ |
| | (૧૦) ગીતાના ચૈતન્યમાં જીવો | | ૧૬ |
| | (૧૧) ગીતા એક-દીવાદાંડી | | ૧૭ |
| | (૧૨) પૂર્ણતા-જીવનનો કાનૂન | | ૧૮ |
| | (૧૩) પૂર્ણબ્રહ્મ-યોગ | | ૨૦ |
| | (૧૪) આધુનિક જગતને ભારતનો સંદેશ | | ૨૨ |
| | (૧૫) કર્મયોગનો ઉપદેશ | | ૨૩ |
| ૫. | ગીતા-યોગ | શ્રી સ્વામી ચિદાનંદજી | ૨૫ |
| ૬. | ગીતા રહસ્ય | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૨૭ |
| ૭. | શ્રી ગુરુ નાનકદેવ-પ્રાકટ્ય પર્વ | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૨૮ |
| ૮. | વૃત્તાંત | | ૩૦ |


## તહેવાર સૂચિ

**ડિસેમ્બર, ૨૦૧૨**

| તા. | તિથિ | (કારતક વદ) |
|---|---|---|
| ૩ | ૫ | શિવાનંદ આશ્રમમાં અખંડ મહામંત્ર સંકીર્તન યજ્ઞની ૬૯મી સંવત્સરી |
| ૯ | ૧૧ | એકાદશી |
| ૧૧ | ૧૩ | પ્રદોષપૂજા |
| ૧૩ | ૩૦ | અમાવાસ્યા |
| | | **(માગશર સુદ)** |
| ૨૩ | ૧૧ | એકાદશી, શ્રી ગીતા જયંતી |
| ૨૪ | ૧૧ | ક્રિસ્ટમસ ઈવ (સાંજ) |
| ૨૫ | ૧૨ | પ્રદોષપૂજા, ક્રિસ્ટમસ દિન |
| ૨૭/૨૮ | ૧૪/૧૫ | દત્તાત્રેય જયંતી, પૂર્ણિમા |
| | | **(માગશર વદ)** |
| ૩૧ | ૩ | શિવાનંદ આશ્રમમાં શ્રી વિશ્વનાથ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવની સંવત્સરી |

### ● ગુરુદેવ સ્વામી શિવાનંદજીનો ષડંગ યોગ ●

**● સેવા ● પ્રેમ ● દાન ● પવિત્રતા ● ધ્યાન ● સાક્ષાત્કાર**

**તમારું સ્વરૂપ :** આત્મા એ તમારું અંદરનું સ્વરૂપ છે. જો તમે તમારી શોધમાં ગંભીર હશો, જો તમે તમારી ઈન્દ્રિયોને બાહ્ય વિષયોમાંથી પાછું ખેંચશો અને હૃદયના ઊંડાણના એકાંતમાં ડૂબકી મારશો તો તે તમારાથી તદ્દન નજીક છે. તે સદાયે ત્યાં ચમકી રહ્યો છે, ભલે તમે તેના સુધી પહોંચવા પ્રયત્ન કરો કે ન કરો. શિસ્તબદ્ધ દ્રષ્ટા તેને જુએ છે. આ જગતનો થાકેલો મુસાફર અથડાતો કૂટાતો આત્માની શોધ કરે છે, પણ સમાજના મિથ્યા મોભાથી છેતરાયેલો ધનવાન મનુષ્ય શોધતો નથી. **- સ્વામી શિવાનંદ**

### "અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- **આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાંની ચોકસાઈ માટે વિનંતી.**
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

### દિવ્ય સ્ફુલિંગ

**પ્રોન્નત વિચારો :** પવિત્ર જીવન માટે પ્રેમ રાખો અને આ જ જન્મમાં આત્મસાક્ષાત્કાર કરો. તમારા ઝડપી ઉત્થાન માટે ત્રિવિધ-સત્ય, અહિંસા અને બ્રહ્મચર્ય-નું લક્ષ્ય રાખો. અને તમને કોઈ પણ ભોગે વળગી રહો. સૌ પ્રથમ તમારી જાતને સંપૂર્ણપણે શિસ્તબદ્ધ કરો. તમે દિવ્ય જીવનના જીવતા, ચાલતા અને બોલતા ઉદાહરણ બની જાઓ. ઉપદેશ કરવા માટે તે જ વધુ અસરકારક માર્ગ છે. **- સ્વામી ચિદાનંદ**

# સંપાદકીય

ફરીથી એક વર્ષ પૂરું થવામાં છે. આ વર્ષની યાદ રહે તેવી ઘટનાઓમાં શ્રી બરાક ઓબામાનું પુનરાગમન, અમેરિકામાં સેન્ડી, તમિળનાડુમાં નિલમ તથા ચીનમાં ભયંકર ચક્રવાક આંધી અને તોફાન તથા ભારે વર્ષા. આપણું વિશ્વ આ આધિ, વ્યાધિ અને ઉપાધિનું ઘર છે. આ તાપત્રય-આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક- પરિતાપ છે. છેલ્લા બે મહિનામાં અનેક પ્રાકૃતિક ઉપાધિ છે, તારાજી થાય છે, લોકો હિંમત રાખે, બધું પાછું બેઠું થઈ જાય. ઓસામા બિન લાદેનને તેના ઘરમાં જઈને ઠાર મારવામાં આવ્યો, પરંતુ તેણે જગાવેલી અજ્ઞાનસભર જેહાદની હાકલને ભૂતપ્રેત બનીને વળગેલા આતંકવાદીઓ રક્તબીજ જેવા એક મરે ને બે જન્મે છે.

આપણા રાષ્ટ્રની વાત કંઈ આનંદભરી નથી. દિલ્હીમાં રમાયેલા એશિયાડમાં થયેલી ધાંધલ અને પૈસાના ગોટાળાઓમાં સંડોવાયેલા જેલમાં ગયા અને બહાર પણ આવી ગયા. ભ્રષ્ટાચારની આંધીમાં મંત્રીઓને પદભ્રષ્ટ કરવામાં આવે, બે ચાર મહિને પાછા તેમને માનભેર નવી ખુરશીમાં બેસાડવામાં પણ આવે. આ જ છે આજની દુનિયાનો ચિતાર. એક જૂનું ગીત અહીં મમળાવવું પડે,

'દેખ તેરે સંસાર કી હાલત ક્યા હો ગઈ ભગવાન, કિતના બદલ ગયા ઈન્સાન ?

સૂરજ ન બદલા, ચાંદ ન બદલા, ના બદલા આસમાન, કિતના બદલ ગયા ઈન્સાન ?'

આ 'માણસ' નામના પ્રાણીમાંથી માણસાઈ નામના તત્ત્વનાં નીર ઓસરતાં કેમ જાય છે ?

મૃત્યુ પછી જ 'રામ નામ સત્ય છે' આ કેમ યાદ આવે છે. અને જેનું મૃત્યુ થયું તેને તો હવે આ સનાતન સત્યને સાંભળવાનું હોતું નથી. અને સ્મશાને જનારા એમ સમજે છે કે આ મર્યો પણ આપણે તો અમરપટ્ટો લખાવીને આવ્યા છીએ. આપણે તો મરવાનું છે જ નહીં ! આ સત્ય કડવું છે, પરંતુ આમ જ્યારે જ્યારે વરસો વીતતા જશે ત્યારે ત્યારે આપણે આપણી અંદરના માહ્યલાને ટપારવો તો પડશે જ.

જન્મ મળ્યો છે. મૃત્યુ અનિવાર્ય છે. આ જન્મ અને મૃત્યુ વચ્ચે આપણે માત્ર મૃત્યુ ભણી જ યાત્રા કરીએ છીએ, જીવન પામતા નથી. ગુરુભગવાન શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ એક માત્ર એવા સંત હતા કે જેમણે દિવ્ય જીવન માટે આધ્યાત્મિક સાધના ઉપર ખૂબ જ ભાર મૂક્યો. વેદાંત વિચાર પણ આત્મોન્નતિ માટે 'આત્માની પ્રાપ્તિ પ્રવચનોથી, બહુ બુદ્ધિથી, બહુ શિષ્યો બનાવવાથી, કર્મથી કે ધનથી થશે જ નહીં. તેનો માર્ગ એક જ છે, 'ત્યાગેન એકેન' એક માત્ર ત્યાગથી જ સંભવ થશે.

આ ત્યાગ વનગમન નથી. આ ત્યાગ આપણી અંદર ગળાડૂબ રહેલી કામનાઓ અને વાસનાઓનો ત્યાગ કરવાનો છે. જ્યાં સુધી અહંતા અને મમતાનું શૂન્યત્વ ન થાય, પરસ્પર પ્રેમ ઉપજી શકે નહીં, રાગ અને દ્વેષ આપણાં શાંત અને સ્વસ્થ જીવનને ઊધઈની જેમ સડાંધમાં ખેંચી રહ્યાં છે. સદ્‌વાંચન, સદ્‌વિચાર, ગુરુમંત્રનો જપ-નિયમિત સ્વાધ્યાય, આત્મચિંતન અને ખાસ તો આધ્યાત્મિક ડાયરી લખવાની ટેવથી જ આત્મ-મનો-મંથન શક્ય બનશે. આપણે આપણાં વ્યક્તિગત જીવનની ભ્રાન્તિઓનાં વમળમાંથી બહાર આવવા માટે ચોપાસથી સારા વિચારો અને ચિંતન મળી રહે તેવું જીવન યાપન કરવું જ પડે. 'આ નો ભદ્રા ક્રતવો સન્તુ વિશ્વતઃ' દુર્ભાગ્યે આપણી અવસ્થા માછીમારની કન્યા જેવી છે, કે જે મોગરાની સુગંધની વચ્ચે રહી શકતી નથી.

ઢંઢોળીએ. વર્ષાંતે આતમને અજવાળીએ. આગામી વર્ષ પરસ્પર પ્રેમ, સદ્‌ભાવ, સન્માન, સેવા, નિષ્કપટ, નિષ્પાપ અને પ્રાર્થના તથા પરોપકારસભર જીવન બની રહે, માટે સંઘર્ષ કરીએ, અસંભવ નથી. સમજવું એટલું જ પડશે કે હું કહું છું, તેટલું જ સાચું નથી, બીજું ઘણું બધું સારું અને સાચું હોઈ શકે છે, તેને જાણીએ, માણીએ અને આત્મીય આનંદના સામ્રાજ્યની પ્રાપ્તિ કરીએ.

આ મહિનામાં માગશર સુદ એકાદશી તા.૨૩મી ડિસેમ્બરને રવિવારના રોજ છે. ગીતા ઉપનિષદોનું અર્ક અને વેદોનું હૃદય છે. માનવજીવનની ઉત્ક્રાન્તિ અને માનવીય જીવનના અભ્યુદય માટે ગીતા એક વિષદ પ્રકાશપથ છે. આપણા આ દિવ્ય જીવનના અંકમાં ભગવત સ્વરૂપ પૂજ્યપાદ સદ્‌ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના શ્રીમદ્ ભગવદ્‌ગીતા વિષયક ઉદ્‌બોધનોનાં સંકલનમાંથી પ્રકાશિત કર્યા છે. જેને માટે આપણે આ પુસ્તકના સંપાદક શ્રી કનૈયાલાલ મહારાજશ્રી પંડ્યાના આભારી રહીશું. ગીતાના ગાયક ભગવાન શ્રીકૃષ્ણની મહત્ કૃપાનું વરદાન સૌ મુમુક્ષુઓનો જીવનપથ અજવાળે એ જ વિનમ્ર પ્રાર્થના. ૐ શાંતિ.

**- સંપાદક**

# ગીતાજયંતી પ્રવચનો★

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

### (૧) ગીતાજયંતીનો સંદેશ
### (૧૯૪૨માં ગીતાજયંતીનો દિવસ)

ભાગ્યશાળી આત્માઓ ! મારા પ્યારા મિત્રો ! ઘણી ગીતાજયંતીઓ આવી અને ગઈ, પરંતુ તમારા હૃદયનો અંધકાર દૂર થયો નથી. વ્યવહારુ બનો. રોજ ગીતાના બોધની ભાવનામાં જીવો. પવિત્ર જીવન જીવો. તમારા મનની દુર્વૃત્તિઓનું ધ્યાનથી નિરીક્ષણ કરો અને કળી અવસ્થામાંથી જ તેને ચૂંટી નાખો. અંતઃનિરીક્ષણ કરીને તમારી ખામીઓ દૂર કરો. શુભ અને ઉન્નત વિચારોનો વિકાસ કરો. રોજ સદાચારી કર્મો કરો. ઉદાસીનભાવે સમાજની સેવા કરો.

દિવ્ય જીવન જીવવામાં મદદરૂપ થતા ગીતાના શ્લોકો સતત યાદ કરો, તેમનું રટણ કરો; તેઓ તમને સદાચારી અને દિવ્ય જીવન જીવવામાં મદદરૂપ થશે. તમારાં ધર્મ અને સત્યપરાયણતાને વળગી રહો. સ્વાર્થરહિત સેવા કરો. ભગવાનના ચરણે શરણાગત થઈ જાઓ. સફળતા અને નિષ્ફળતામાં, માન અને અપમાનમાં, ઠંડી અને ગરમીમાં, આનંદ અને દુઃખમાં, સુખ અને દિલગીરીમાં સમત્વ જાળવો. મન ભગવાનને આપો અને હાથ માનવસેવાને આપો. બ્રહ્મચર્યવ્રતમાં સ્થિત થાઓ. સ્વાર્થી વૃત્તિનો ત્યાગ કરો. સ્વાર્થી અને હલકી વૃત્તિ, આસક્તિ અને અહંવૃત્તિનો ત્યાગ કરો; તમે જન્મ-મરણના ચક્ર અને કર્મના બંધનમાંથી મુક્ત થઈ જશો તથા શાશ્વત આનંદ અને અમરતા પ્રાપ્ત કરશો. આ ગીતાનો સંદેશ છે. તમે આખી ગીતા મોઢે કરી શકો, તેમ કલાકો સુધી ગીતા પર પ્રવચનો આપી શકો, છતાં તમારામાં ગીતાજ્ઞાનનું એક કિરણ પણ ન હોઈ શકે. જે જરૂર છે તે એ કે ગીતાબોધનું અનુસરણ કરતાં કરતાં અનાસક્ત જીવન જીવો. ગીતા સતત જપવાના બે મંત્રો આપે છે - આઠમા અધ્યાયમાં 'ૐ' અને સાતમા અધ્યાયમાં 'ૐ તત્સત્ ।' 'ૐ' કે 'ૐ તત્સત્ ।'માં જીવો; તે સ્વયં પરબ્રહ્મ છે, તે પરબ્રહ્મનું પ્રતીક પણ છે. સોળમા અધ્યાયમાં બતાવેલાં ત્રણ વ્રતો આચરો. તેરમા અને સોળમા અધ્યાયમાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં મદદરૂપ થનારા શ્લોકો આપ્યા છે, તે પ્રમાણે આચરણ કરો. તમે ઘણી વાર નિષ્ફળ જાઓ અને પતન પણ પામો, પરંતુ પુનઃ તમે નિર્ભયતાથી વીરની માફક આધ્યાત્મિક પથમાં આગળ વધશો અને ધ્યેયને પ્રાપ્ત કરી લેશો.

ગીતા વેદનું સત્ત્વ છે, તે ઉપનિષદોનો અર્ક છે. તે બધાય સમય માટે અજોડ પુસ્તક છે. ગીતાનો બોધ વૈશ્વિક અને સર્વોત્તમ છે. ગીતામાં માનવજાતિ માટે શાંતિ, આશ્વાસન, મુક્તિ અને પૂર્ણતાનો ઉપદેશ છે. સાગરમાં ડૂબકી મારીને અતિકીમતી જ્ઞાનરૂપી મોતી લઈ આવો અને અમરત્વ પ્રાપ્ત કરો. ભગવાન તમને તમારાં વ્રતો, સંકલ્પો, સત્ય અને ધર્મને વળગી રહેવાનું બળ આપો. તમે હંમેશાં ભગવાન કૃષ્ણ અને તેમના મૂલ્યવાન ઉપદેશના આચરણવાળું જીવન બક્ષો. તમે અર્જુન જેવા વીર, ભક્ત અને જ્ઞાની બનો, તેના જેવી સહજ પ્રેરણા અને ઉમદા આદર્શ પામો. ભગવાન કૃષ્ણનો જય હો ! અર્જુનનો જય હો ! ગીતાનું અનુસરણ કરનારાઓનો જય હો !

### (૨) ભગવદ્ગીતાનું માહાત્મ્ય અને મહત્ત્વ :
### (૧૯૪૩માં ગીતાજયંતીનો દિવસ)

ગીતાજીનો જન્મ દિવસ માગસર સુદ એકાદશીને દિવસે સમગ્ર ભારતવર્ષમાં ગીતાના પ્રશંસકો અને ચાહકો દ્વારા ઉજવાય છે. ગીતાના ઉપદેશો વિશાળ, વિશ્વસ્તરના અને સર્વશ્રેષ્ઠ છે. ગીતાના ઉપદેશો કોઈ ખાસ સંપ્રદાય, પંથ, ધાર્મિક માન્યતા, ચોક્કસ યુગ, સ્થળ કે દેશને માટે નથી. ગીતાના ઉપદેશો ઉપનિષદો, પ્રાચીન દ્રષ્ટાઓ, ઋષિઓ અને સંતોના જ્ઞાન ઉપર આધારિત છે. તે એવી રીતે ઉપદેશ આપે છે કે તેને બધા લોકો આચરી શકે. ગીતામાં આખી માનવજાત માટે શાંતિ, મુક્તિ, મોક્ષ અને પૂર્ણતાનો સંદેશ છે. એકલી ગીતા રોજના સ્વાધ્યાય માટે પૂરતી છે. તેમાં તમારી બધી જ શંકાઓનો ઉકેલ છે. જેમ જેમ શ્રદ્ધા સહિત તમે ગીતાનો વધુ અભ્યાસ કરતા જશો,

★ 'સ્વામી શિવાનંદ સરસ્વતીનું ઈશ્વરી જીવનદર્શન, જ્ઞાનસાગર અને મહાયોગસાધના'માંથી સાભાર

તેમ તેમ તમને જ્ઞાન, સૂક્ષ્મઅંતરદૃષ્ટિ અને સ્પષ્ટ સાચું ચિંતન પ્રાપ્ત થતું જશે. કેવળ એક જ શ્લોકના ભાવમાં તમે જીવન જીવો, તો તમારાં બધાં દુઃખોનો અંત આવી જશે અને તમે જીવનના લક્ષ્ય-અમરતા અને શાશ્વત શાંતિને પામી જશો.

ગીતા એ આખા જગત માટેનો બોધ (Gospel) છે. આખી માનવજાત માટેનો સામાન્ય (General) બોધ છે. તે લગભગ પાંચ હજાર વર્ષ પહેલાં કુરુક્ષેત્રના મેદાન પર શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને ઉપદેશી હતી. બીજું કોઈ નહિ, પરંતુ માત્ર ભગવાન જ આવા અપૂર્વ અને અતિસુંદર ગ્રંથ પ્રકટ કરી શકે, જે પરમોચ્ચ આનંદની પ્રાપ્તિ માટે માર્ગદર્શન અને મદદ કરી શકે. તે જ્ઞાન આજ સુધી જીવંત છે. તે જ સ્પષ્ટ રીતે સાબિત કરે છે કે ભગવાનનું અસ્તિત્વ છે, ભગવાન જ્ઞાનની મૂર્તિ છે અને ભગવાનનો સાક્ષાત્કાર કરી પૂર્ણતા કે મુક્તિ મેળવી શકે છે. જે મનુષ્યો ભગવાનના નામનો જપ કરે છે, જેઓ હંમેશાં ગીતા વાંચે છે અને ગીતાના ઉપદેશ પ્રમાણે જીવે છે, અરે ! ગીતાના માત્ર એક શ્લોકના ઉપદેશ પ્રમાણે જીવે, તેમનાથી માયા દૂર ભાગી જાય છે. જેઓ અવિદ્યા(અજ્ઞાન)થી ગ્રસ્ત હોય છે તેઓ હંમેશાં સંસારમાં ભટકે છે. જેઓ અંતઃનિરીક્ષણ, જપ, કીર્તન, ધ્યાન અને પવિત્ર શાસ્ત્રોનો સ્વાધ્યાય કરે છે, તેઓ હંમેશાં મોક્ષ પામે છે. જે લોકો ભગવાનના ભક્તો છે અને રોજ તેમનું ભજન કરે છે, તેમને આત્માનું જ્ઞાન થાય છે. જેમનામાં ભક્તિ છે તે નિઃશંક મુક્તિ પામે છે. જેઓ ભક્તિરૂપ ધનના દરિદ્ર હોય તેમને સ્વપ્ને પણ મોક્ષ લભ્ય નથી. યોગ અને નિયમિત સાધનાના અભાવે મનુષ્ય નીચલી કક્ષાએ ખેંચાઈ આવે છે. અગમચેતીરૂપ ઉપાયો ન કરનારનું પતન થાય છે. જો તમે સાચેસાચ ઉત્સુક હો, જો તમારામાં આધ્યાત્મિક નિસરણીનાં સોપાન ચઢીને ઊંચે ને ઊંચે જવાની મહત્ત્વાકાંક્ષા હોય, તો પતનનો પ્રશ્ન જ નથી; કારણ કે દરેક પગથિયે તમે કેટલું ઊંચે ચઢ્યા છો, જે ઊંચાઈ તમારે હવે પ્રાપ્ત કરવાની છે અને ભવિષ્યમાં કયાં પગથિયાં સર કરવાનાં છે, તેની ઉપર તમારી દૃષ્ટિ મંડાશે. કૃપા કરી આ હમણાં જ કરો. તમારો પગ લપસી ન પડે અને તમે ઊંધે માથે પછડાઓ નહિ તેનું ધ્યાન રાખો. તમે ગમે તે કામ કરતા હો, પણ જેમ તમે તમારા શરીરની સંભાળ લો છો અને ખોરાક લો છો, તે રીતે તમારી સાધનાને નિરંતર ચાલુ જ રાખો. જો તમે એક દિવસ પણ પાડશો તો ખરાબ વૃત્તિ સ્થાન લેશે, જે તમને ક્રમશઃ નીચે ધકેલી દેશે.

સાધનામાં શરૂઆતનો ઊભરો આવે ને પછી ધીરે ધીરે સાધના બંધ થઈ જાય, એવી સાધના ફળદાયી નીવડતી નથી. તે તેલની ધારા માફક (તૈલધારાવત્) અતૂટ રાખો. શાશ્વત સુખ-આનંદના ધામમાં ઊતરવા માટે 'પવિત્રતા'રૂપી પાસપોર્ટ જોઈએ. જો તમારી પાસે તે હશે તો તમે પરમઆનંદના ધામમાં પહોંચી શકશો, જ્યાં કાયમી શાંતિ, નિર્ભેળ આનંદ-સૌભાગ્ય અને શાશ્વત સૂર્યપ્રકાશ છે. તમારી અંદર રહેલા અખૂટ ખજાનાની શોધ કરો. તેની પ્રાપ્તિ થતાં તમને ખાતરી થશે કે વિશ્વનો સમ્રાટ, અરે! દેવોના પણ દેવ આત્માના જ્ઞાનની ભવ્યતા આગળ ધૂળ સમાન છે. આ જગતનું બંધન ભયંકર છે. ભૌતિક જીવનથી ઉપર ઊઠો અને અવિનાશી જીવન જીવો. તમે અથાક અને મહાન પ્રયત્ન કરીને આ સર્વશક્તિમાન આત્માનો અમર્યાદ ખજાનો પ્રાપ્ત કરો. પવિત્રતા અને ભગવાન પર એકાગ્ર થયેલા મન જેવું પવિત્ર કોઈ મંદિર નથી.

જ્યારે પ્રલોભનો આક્રમણ કરે, જ્યારે ઇન્દ્રિયોરૂપી સર્પો ફૂંફાડા મારે, જ્યારે ઇચ્છાઓ તમારી ઉપર પ્રભુત્વ જમાવવા પ્રયત્ન કરે, જ્યારે મન ચલિત થાય, ત્યારે ભગવાનને પોકારો. તેમના નામનું ગાન કરો, જપ કરો, ઉગ્ર પ્રાર્થના કરો. ભગવાન એક ટાંકણી કે કીડીના પડવાના અવાજને પણ સાંભળે છે. જો તમે તેમનું નામ જપ્યા કરશો, તો તમે દુસ્તર ભવસાગરને તરી જશો. તમારી જિહ્વાને હંમેશાં ભગવન્નામના રટણમાં જોડી રાખો. તમારા મનને ભગવાનના સ્વરૂપ ઉપર એકાગ્ર કરો. શ્રદ્ધા, શ્રદ્ધા, શ્રદ્ધા! બધી જ વસ્તુ તમારી શ્રદ્ધા પર આધારિત છે. કેવળ ભગવાન ઉપર જ આધાર રાખો. તે દરેક માર્ગમાં તમારી સંભાળ લેશે.

જગત તાલીમનું શ્રેષ્ઠ મેદાન છે અને રોજ તે તમારા બળને ચકાસવાની નવી તક આપે છે. આ જગત સાધકને હિમાચલના એકાંત સ્થળમાં પણ લલચાવી શકે

છે. આ મનને નિયંત્રિત કરવાનું છે, તેને મજબૂત રીતે પકડી રાખવાનું છે તથા નવી રીતે તાલીમબદ્ધ કરીને સમસ્યાઓને હલ કરવાની છે. ગીતાનો સંદેશ બલિદાન, પ્રેમ અને કર્તવ્યનો છે. સર્વને ચાહો. જે તમારી પાસે છે, તેનો ઉપયોગ અન્યને પણ કરવા દો. તમારાં કર્તવ્ય કર્મો સારી રીતે કરો. ગીતાના અજોડ બોધના પ્રકાશમાં જીવો. ક્ષુદ્ર ગમાઅણગમાને ઉલ્લંઘી જાઓ. ભગવાન કૃષ્ણમાં જીવો, જે યોગેશ્વર છે અને પ્રેમનું મૂર્ત સ્વરૂપ છે. સ્વાર્થી વૃત્તિ, વિષયલોલુપતા તથા લોભને દૂર કરી તમારા હૃદયના દરવાજાને ઉઘાડો, જેથી ભગવાન કૃષ્ણ આવીને તેમાં વાસ કરે. અર્જુન જેવા યોદ્ધા બનીને ભક્તિરૂપી બાણવર્ષા કરીને તમારા અંતઃશત્રુઓને હણી નાખો. સતત ગીતા વાંચો. ગીતોપદેશને તમારા આખા જીવનમાં પ્રવેશાવો. ક્રમશઃ તમારો જીવન તરફનો અભિગમ બદલાશે. તમે ભગવદ્દર્શન કરીને ભગવત્પુરુષ બની જશો. તમે કાયમી શાંતિ, અમરત્વ અને અનંત સુખ પ્રાપ્ત કરશો. ગીતાના તેરમા અને સોળમા અધ્યાયના દિવ્ય ગુણોને અપનાવો, વિકસાવો અને સત્તરમા અધ્યાયમાં વર્ણવેલાં ત્રણ પ્રકારનાં તપ કરો. તમારાં કર્મફળો ભગવાનને અર્પણ કરો. 'હું કર્તા છું' એવા વિચારને ત્યાગી દો. સર્વકાળ પ્રભુનું ચિંતન કરો અને જીવનરૂપી યુદ્ધ લડો- એટલે કે તમારા વર્ણ (બ્રાહ્મણ વગેરે) અને આશ્રમ (બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ વગેરે) પ્રમાણે તમારી ફરજો સારી રીતે બજાવો. બીજી કોઈ વસ્તુની પાછળ મનને ભટકવા ન દો. સતત અભ્યાસ અને ધ્યાન દ્વારા સંવાદિત કરેલા મનથી તમે પરમપદને પામી જશો. ગીતાનો આ ઉપદેશ છે.

પ્રેમની વ્યાપક અભિવ્યક્તિ એટલે 'જ્ઞાન'. પ્રેમનો સંકેન્દ્રિત અર્ક એ 'જ્ઞાન' છે. 'સેવા' એ કર્મ દ્વારા અભિવ્યક્ત 'પ્રેમ' છે. પૂર્ણ દિવ્ય જીવનના ઘડતર માટે જ્ઞાન અને સેવા સમાન રીતે જરૂરી છે. હૃદય, મસ્તક અને હાથ એ ત્રણે એકરાગ બને તે રીતે તેમનો વિકાસ કરવો જોઈએ, પછી જ તમને પૂર્ણતા પ્રાપ્ત થશે. ગીતા એ ત્રણેના વિકાસની રીતો બતાવે છે. તેરમા અધ્યાયમાં બતાવેલી સાધના હૃદયનો વિકાસ કરે છે. ત્રીજો અધ્યાય નિષ્કામ સેવા દ્વારા હૃદયને પવિત્ર કરવાની રીતો બતાવે છે. અઢારમો અધ્યાય જ્ઞાન પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવે છે. તમે સૌ ગીતાએ પ્રબોધેલા માર્ગ પ્રમાણે જીવો. ગીતા તમને માર્ગ બતાવો અને તમારો સંસારનો બોજ હળવો કરો. તમે બધા અર્જુન જેવા યોગી યોદ્ધા બનો. ભગવાન કૃષ્ણના આશીર્વાદ તમારા બધા ઉપર ઊતરો. જય ગીતા માતા ! જય શ્રીકૃષ્ણ ! ગીતાના ઉપાસકોનો જય !

### (3) ગીતા-શક્તિનો સ્રોત; સમશ્લોકી ગીતા : (૧૯૪૪માં ગીતાજયંતીનો દિવસ)

ભગવદ્ગીતા સૌથી સુંદર અને સાચા અર્થમાં તત્ત્વજ્ઞાનપૂર્ણ ગીત છે. તેમાં જ્ઞાન અને તત્ત્વજ્ઞાનના પ્રોન્નત પાઠો રહેલા છે. તે એક દિવ્ય ગીત છે. તે વૈશ્વિક બોધકથા છે. તેમાં જીવનનો સંદેશ છે, જે દરેકને અસર કરે છે, પછી ભલે તે ગમે તે ઉંમર, જાતિ કે ધર્મનો હોય.

ગીતા લગભગ ૫૦૦૦ વર્ષ પહેલાં શ્રીકૃષ્ણ દ્વારા ઉપદેશાયેલી છે. તેના ઉપદેશો ભારતીય પ્રાચીન આધ્યાત્મિક સાહિત્ય-ઉપનિષદોના જ્ઞાન પર આધારિત છે. ગીતા દ્વૈત જગતથી પર થવાનું; નિંદા-સ્તુતિ, માનાપમાન જેવી પરસ્પર વિરોધી જોડીઓને ઉલ્લંઘીને શાશ્વત આનંદ અને અમરત્વ પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવે છે. તે કર્મનો ઉપદેશ છે. ગીતા સમાજમાં આપણાં કર્તવ્ય કર્મોને દૃઢતાથી કરવાનું તથા અંતરાત્માને આસપાસનાં પરિબળોથી વણસ્પર્શ્યો રાખીને અને કર્મફળો ઈશ્વરાર્પણ કરીને જીવનનો સંઘર્ષ સરળતાથી વટાવી જવાનું શીખવે છે. ગીતા જ્ઞાન અને શક્તિનો સ્રોત છે. ગીતા તમે જ્યારે નબળા બનો ત્યારે તમને બળ આપે છે અને જ્યારે અશક્ત બનો છો, ત્યારે પ્રેરણા આપે છે. તે અધર્મનો પ્રતિકાર અને ધર્મનું અનુષ્ઠાન કરવાનું શીખવે છે. ગીતાનો અભ્યાસ જીવનનો સાચો અર્થ અને તેનું મૂલ્ય સમજાવીને અમાપ સત્કાર્ય કરવાનો માર્ગ તથા જીવન શા માટે આપવામાં આવ્યું છે, તેનો સર્વોચ્ચ હેતુ પણ ગણતરીપૂર્વક બતાવે છે. એ દુઃખની વાત છે કે ભારતનાં ઘણાં સ્ત્રી-પુરુષો આ સર્વોચ્ચ પુસ્તક વિશે કશું જાણતાં નથી. જો તમે ગીતાનો અભ્યાસ ન કર્યો હોય, તો તમે ગમે તેટલી ડિગ્રી ધારણ કરતા હો, તોપણ તમારું શિક્ષણ અધૂરું

છે-કુશ્કી અને ફોતરાં બરાબર છે. ગીતાના બોધના દિવ્ય નશામાં જીવો. માત્ર પ્રવચન અને વાતો આ બાબતમાં પૂરતાં નથી. ગીતાને જીવનમાં ઉતારો. ગીતાના નીચેના સાત શ્લોકો યાદ રાખો : તેને 'સપ્તશ્લોકી ગીતા' કહે છે.

**સપ્તશ્લોકી ગીતા**

**કવિં પુરાણમનુશાસિતારમણોરણીયાંસમનુસ્મરેદ્યઃ ।**
**સર્વસ્ય ધાતારમચિન્ત્યરૂપમાદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ । ૮/૯**

'જે માણસ સર્વજ્ઞ, અનાદિ, સૌના નિયન્તા, સૂક્ષ્મથીય અતિસૂક્ષ્મ, સૌનું ધારણ-પોષણ કરનાર, અચિન્ત્ય-સ્વરૂપ, સૂર્ય સમાન નિત્ય ચેતન પ્રકાશસ્વરૂપ અને અવિદ્યાથી સાવ પર એવા શુદ્ધ સચ્ચિદાનંદઘન પરમેશ્વરને સ્મરે છે.'

**ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ વ્યાહરન્મનુસ્મરન્ ।**
**યઃ પ્રયાતિ ત્યજન્દેહં સ યાતિ પરમાં ગતિમ્ । ૮/૧૩**

'સર્વ (ઇંદ્રિયરૂપી) દરવાજા વશ કરી, મનને હૃદયમાં રોકી, પોતાના પ્રાણને મસ્તકે (બ્રહ્મરંધ્રમાં) સ્થાપી, યોગધારણાનો આશ્રય કરનારો જે પુરુષ, 'ૐ' એવા એકાક્ષર બ્રહ્મનું ઉચ્ચારણ કરતો અને મારું સ્મરણ કરતો દેહ ત્યજી મરણ પામે છે તે પરમગતિ પામે છે.'

**મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।**
**મામેવૈષ્યસિ યુક્ત્વૈમાત્માનં મત્પરાયણઃ । ૯/૩૪**

'તું મારામાં મનવાળો, મારો ભક્ત તથા મને પૂજનારો થા અને મને નમસ્કાર કર, એમ મારામાં અંતઃકરણને જોડી મારા પરાયણ થયેલો તું મને જ પામીશ.'

**સ્થાને હૃષીકેશ તવ પ્રકીર્ત્યા જગત્પ્રહૃષ્યત્યનુરજ્યતે ચ ।**
**રક્ષાંસિ ભીતાનિ દિશો દ્રવન્તિ સર્વે નમસ્યન્તિ ચ સિદ્ધસઙ્ઘાઃ ॥૧૧/૩૬**

હે ઇંદ્રિયોના નિયંતા ! આપના કીર્તનથી જગત અતિહર્ષ પામે છે અને (આપનામાં) પ્રેમવાળું બને છે અને રાક્ષસો તો (તમારું આ સ્વરૂપ જોઈ) ભયભીત થઈને આમતેમ દિશાઓમાં ભાગી જાય છે તથા સર્વે સિદ્ધ લોકોના સમુદાયો આપને નમસ્કાર કરી રહ્યા છે. આ બધું આપને યોગ્ય જ છે.

**સર્વતઃ પાણિપાદં તત્સર્વતોઽક્ષિશિરોમુખમ્ ।**
**સર્વતઃ શ્રુતિમલ્લોકે સર્વમાવૃત્ય તિષ્ઠતિ ॥ ૧૩/૧૪**

'તેને સર્વ તરફ હાથપગ છે, સર્વ તરફ નેત્રો, મસ્તક અને મુખ છે, સર્વ બાજુ કાન છે અને લોકમાં સર્વને વ્યાપી તે રહે છે.'

**ઊર્ધ્વમૂલમધઃશાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।**
**છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્ ॥ ૧૫/૧**

'જેનું આદિપુરુષ પરમાત્મારૂપ મૂળ ઊર્ધ્વ છે અને બ્રહ્માથી લઈ સ્થાવર-જંગમ સૃષ્ટિરૂપ નીચે વિસ્તરેલી જેની શાખાઓ છે; છંદો જેનાં પાંદડાં છે, એવા આ સંસારને અશ્વત્થવૃક્ષરૂપે કહેલો છે, જે તેને જાણે છે તે વેદને જાણનારો છે.'

**સર્વસ્ય ચાહં હૃદિ સન્નિવિષ્ટો મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ ।**
**વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો વેદાન્તકૃદ્વેદવિદેવ ચાહમ્ ॥ ૧૫/૧૫**

'હું સર્વના હૃદયમાં (અંતર્યામીરૂપે) રહેલો છું; અને મારે લીધે સ્મૃતિ, જ્ઞાન અને તેનો અભાવ વિસ્મરણ તથા અજ્ઞાન થાય છે; સર્વ વેદો વડે જાણવા યોગ્ય હું જ છું તથા વેદાંતશાસ્ત્રનો કર્તા અને વેદોને જાણનારો હું જ છું.'

**'એકશ્લોકી ગીતા' પણ યાદ રાખો.**

**યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।**
**તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥ ૧૮/૭૮**

'જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ છે અને જ્યાં ધનુર્ધારી અર્જુન છે, ત્યાં લક્ષ્મી, વિજય, ઐશ્વર્ય અને અવિચળ નીતિ છે, એવો મારો મત છે.'

રજા અને રવિવારને દિવસે આખી ગીતા વાંચો. નીચેના બે શ્લોકો વારંવાર વાંચો, જેમાં સ્થિતપ્રજ્ઞ (જીવનમુક્ત)નો સ્વભાવ વર્ણવેલો છે.'

**એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ ।**
**સ્થિત્વાસ્યામન્તકાલેઽપિ બ્રહ્મનિર્વાણમૃચ્છતિ ॥૨/૭૨**

'હે પાર્થ ! બ્રહ્મને પ્રાપ્ત થયેલાની સ્થિતિ આવી છે; તે પામ્યા પછી મનુષ્ય મોહને વશ થતો નથી. અંતકાળે પણ આ સ્થિતિમાં રહીને તે શાંત બ્રહ્મપદને પામે છે.'

**સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ ।**
**સ્થિતધીઃ કિં પ્રભાષેત કિમાસીત વ્રજેત કિમ્ ॥ ૨/૫૪**

'હે કેશવ ! સમાધિમાં રહેલા પરમાત્માને પામી ગયેલા સ્થિતપ્રજ્ઞ પુરુષનાં લક્ષણો કયાં છે ? તે સ્થિર બુદ્ધિવાળો મનુષ્ય બોલવા-ચાલવા, બેસવા-ઊઠવા વગેરેમાં કેવી રીતે વર્તે છે ? ।૫૪।'

ગીતાનું 'અમૃતાષ્ટક' હંમેશાં વાંચો. તે નીચે પ્રમાણે છે :

**૧૨મા અધ્યાયના શ્લોક ૧૩-૨૦**

**અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ ।**
**નિર્મમો નિરહઙ્કારઃ સમદુઃખસુખઃ ક્ષમી ॥૧૩॥**
**સન્તુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ ।**
**મય્યર્પિતમનોબુદ્ધિર્યો મદ્‌ભક્તઃ સ મે પ્રિયઃ ॥૧૪॥**

'જે સર્વ ભૂતોનો દ્વેષ નહિ કરનાર, મિત્રભાવે વર્તનાર, દયાળુ, મમતા વિનાનો, અહંકારરહિત, સુખદુઃખ સમાન માનનારો, ક્ષમાવાળો, સદા સંતોષી, યોગનિષ્ઠ, મન વશ કરનારો, દૃઢ નિશ્ચયવાળો અને મારામાં અર્પણ કરેલાં મન-બુદ્ધિવાળો હોય છે, તે મારો ભક્ત મને પ્રિય છે.'

**યસ્માન્નોદ્વિજતે લોકો લોકાન્નોદ્વિજતે ચ યઃ ।**
**હર્ષામર્ષભયોદ્વેગૈર્મુક્તો યઃ સ ચ મે પ્રિયઃ ॥૧૫॥**

'જેનાથી લોક ઉદ્વેગ પામતા નથી અને જે લોકથી ઉદ્વેગ પામતો નથી, તથા જે હર્ષ, ક્રોધ, ભય અને ઉદ્વેગથી રહિત છે, તે (ભક્ત) મને પ્રિય છે.'

**અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ ।**
**સર્વારમ્ભપરિત્યાગી યો ભદ્‌ભક્તઃ સ મે પ્રિયઃ ॥૧૬॥**

'જે સ્પૃહા વિનાનો, પવિત્ર, દક્ષ, (ચતુર) પક્ષપાતરહિત, ગભરાટ વિનાનો અને સર્વ આરંભો છોડનારો છે, તે મારો ભક્ત મને પ્રિય છે.'

**યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાઙ્‌ક્ષતિ ।**
**શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્યઃ સ મે પ્રિયઃ ॥૧૭॥**

'જે હર્ષ પામતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી, ઇચ્છા કરતો નથી અને શુભ-અશુભ ત્યજનાર તથા ભક્તિવાળો છે, તે મને પ્રિય છે.'

**સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ ।**
**શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સઙ્ગવિવર્જિતઃ ॥૧૮॥**
**તુલ્યનિન્દાસ્તુતિર્મૌની સન્તુષ્ટો યેન કેનચિત્ ।**
**અનિકેતઃ સ્થિરમતિર્ભક્તિમાન્મે પ્રિયો નરઃ ॥૧૯॥**

'વળી જે શત્રુ કે મિત્ર ઉપર, માન કે અપમાનમાં ટાઢ, તાપ, સુખ કે દુઃખમાં સમાન ભાવવાળો અને સંસારમાં આસક્તિરહિત હોય, નિંદા સ્તુતિને સમાન માને, મનનશીલ હોય, જે (કંઈ આવી મળે, તેથી) સંતોષી રહે, નિશ્ચિત સ્થાન વિનાનો (રહેવાના સ્થાનમાં મમતારહિત) અને સ્થિર બુદ્ધિવાળો હોય તે ભક્તિમાન મનુષ્ય મને પ્રિય છે.'

**યે તુ ધર્મ્યામૃતમિદં યથોક્તં પર્યુપાસતે ।**
**શ્રદ્દધાના મત્પરમા ભક્તાસ્તેઽતીવ મે પ્રિયાઃ ॥૧૨-૨૦**

'જેઓ શ્રદ્ધાવાન થઈ મારા પરાયણ રહી ઉપર કહેલા ધર્મમય અમૃતને તે પ્રમાણે સેવે છે, તે ભક્તો મને અત્યંત પ્રિય છે.'

તમે સૌ ગીતાએ ઉપદેશેલા માર્ગ પ્રમાણે જીવન જીવો ! ઉપનિષદોના જ્ઞાનરૂપી દૂધ વેદોની માતા ગીતા તમને પીવડાવીને તમારું પોષણ અને રક્ષણ કરો ! ભગવાન કવિઓના કવિ શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ, જેમણે આ ગીતા લખી તેમના તથા ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ તમારી ઉપર ઊતરશે ! તેમનો જય હો !

## (૪) સર્વદેશીય અને સર્વસાધારણ ગીતા :
### (૧૯૪૫માં ગીતાજયંતીનો દિવસ)

'ગીતાજયંતી' એ માનવજાતના ઇતિહાસમાં સર્વશ્રેષ્ઠ દિવસ છે. લગભગ ૬૦૦૦ વર્ષો પહેલાં આ દિવસે માનવસંસ્કૃતિના ગગનમાં વીજળીનો એક ઝળહળતો પ્રકાશ ફેલાઈ ગયો. આ આધ્યાત્મિક તેજ, એ ગીતાનું જ્ઞાન છે, જેને કુરુક્ષેત્રના મેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણે ઉપદેશ્યું. વીજળીનો સામાન્ય ઝબકારો તો ક્ષણમાત્રમાં અદશ્ય થઈ જાય છે, પરંતુ એ યાદગાર દિવસનો આ તેજસ્વી ઝળહળાટ સદીઓથી જ્ઞાનપ્રકાશને આજપર્યંત ફેલાવી રહ્યો છે અને માનવજાતને પૂર્ણતા પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવી રહ્યો છે. સર્વશ્રેષ્ઠ ભેટો અને સર્વોચ્ચ આશીર્વાદ ભારતવર્ષે જગતને તથા માનવતાને આપ્યાં. તેમાં ગીતાનો ઉપદેશ સર્વોચ્ચ છતાં કીર્તિમાન, વ્યાવહારિક અને વૈશ્વિક છે. મહાન વિચારકો અને તત્ત્વજ્ઞાનીઓએ ગીતારૂપી ભગવાનના મંદિરમાં કૃતજ્ઞતારૂપી પુષ્પોની અંજલિઓ અર્પણ કરી છે. યુગોથી જગતના પવિત્ર સાહિત્યમાં વ્યાવહારિક દિવ્ય જીવનનો ઉપદેશ ધરાવતી ગીતા વિશાળ લોકસમુદાય માટે બધી રીતે ઉત્કૃષ્ટ વૈશ્વિક શાસ્ત્ર તરીકે, બળ અને શાતા બનીને, સતત સાથી અને દિલાસો આપનાર, માર્ગદર્શક, મિત્ર અને તત્ત્વજ્ઞાની બનીને આવી છે. ગીતાએ વિશ્વને કરેલી અપીલ અને તેનો થયેલો સ્વીકાર - એનું કારણ એ છે કે ગીતા તેનો

ઉપદેશ ગ્રહણ કરી ધન્ય થવામાં કોઈને અવગણતી નથી. તે સંપૂર્ણ રીતે બિનસાંપ્રદાયિક છે અને તેમાં વ્યવહારમાં મૂકી શકાય તેવો ઉપદેશ છે. તે તમારા માટે, મારા માટે, સામાન્ય જિંદગી જીવનાર માટે તથા હંમેશાં ખૂબ કામમાં રોકાયેલાઓ માટે છે. ગીતા જ્ઞાન, ભક્તિ, કર્મ અને યોગનું સ્પષ્ટીકરણ કરે છે. તે સર્વ પ્રકારની પ્રકૃતિવાળા લોકોને બંધ બેસે તેવો ઉપદેશ આપે છે અને તે પરમાનંદ અને પૂર્ણતા બક્ષવાનો અમલમાં મૂકી શકાય તેવો બોધ આપે છે.

ગીતા બધા વેદો અને સર્વ શાસ્ત્રોનો અર્ક છે. પ્રખ્યાત પાશ્ચાત્ય વિદ્વાન વિલ્હેમ વોન હમ્બોલ્ટ કહે છે કે, 'ભગવદ્‌ગીતા જગતની ગહનતમ અને સર્વોચ્ચ કૃતિ છે.' માગો અને તમને મળશે. શોધો અને તમને જડશે. બારણે ટકોરો મારો અને તે તમારા માટે ઉઘડશે. આ શાસ્ત્રનું આ અવિરોધ લક્ષણ છે, લૌકિક અને દિવ્ય બંને જ્ઞાન ભાગ્યના એક જ સુયોગથી તમને મળશે. ગીતોપદેશ તરત જ નિદ્રામાંથી જગાડનાર અને પ્રેરણાદાયક જગદ્‌ગુરુ છે. તે જીવનની સૌથી દુઃખદ સમસ્યાઓ ઉપર પ્રકાશનો ધોધ વહેડાવી આશાનાં તેજસ્વી કિરણોથી વિષાદ, નિરાશા તથા હતાશાના અંધારા ખૂણાઓને અજવાળી દે છે. તે વાચકની નબળાઈ તથા આત્મશ્રદ્ધાના અભાવને તરત જ દૂર કરી દઈ બળ આપે છે અને તેનામાં નિરામય આત્મવિશ્વાસ ઉત્પન્ન કરે છે તથા તેની પોતાની અનંત શક્તિઓ અને અવિનાશી સ્વભાવને જાગ્રત કરે છે. બીજા અધ્યાયના રણશિંગાનો ધ્વનિ નિરાશામાં સરી પડતા જીવાત્માને ટકોરીને તેના અવિનાશી અને અવિકારી સ્વરૂપનું જ્ઞાન કરાવી આખી માનવજાતને હિંમત અને આશાનો પ્રેરણાદાયી શાશ્વત સંદેશ આપે છે અને કહે છે : 'તું આ નાશવંત દેહ નથી. તું આત્મા છે, પવિત્ર અને અમર સર્વવ્યાપક છે, સ્થાયી છે; આ ઉપદેશને ધારણ કરો' અને અંતે ગીતોપદેશ તેની વિશિષ્ટ પદ્ધતિથી આગળ વધે છે અને આ ભવ્ય સત્યના સાક્ષાત્કાર સુધી આવી પહોંચે છે. ગીતાનો આ હિંમતદાયક સંદેશ છે કે મનુષ્યે તેની દિવ્યતા અને તેના અમરત્વનો સાક્ષાત્કાર કરવા; તેને કુટુંબ, મિત્રો અને સમાજથી દૂર એકાંતમાં ચાલ્યા જવાની જરૂર નથી. સાંસારિક કર્મો અને પ્રવૃત્તિઓની વચ્ચે રહીને પણ પોતાના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ શકે છે. આ પરમાનંદની સ્થિતિ પ્રાપ્ત કરવાનાં વિઘ્નો આપણી અંદર જ રહેલાં છે, બાહ્ય પર્યાવરણમાં નથી-આ અદ્વિતીય અને પવિત્ર પુસ્તકનો આ મધ્યવર્તી બોધ છે.

જીવવું એટલે યુદ્ધ કરવું; કારણ કે મનુષ્યના હૃદયરૂપી યુદ્ધક્ષેત્રમાં શુભ અને અશુભ, દૈવી અને આસુરી ગુણો, પવિત્રતા અને વિષયલોલુપતા વચ્ચે નિરંતર યુદ્ધ ચાલે છે. દરેક મનુષ્યની અંદર ચાલી રહેલાં ભૌતિક અને આધ્યાત્મિક પરિબળો વચ્ચે યુદ્ધના ઉકેલનું પ્રતીક 'ગીતા' છે. જીવન એ 'પ્રવૃત્તિ' છે. કોઈ પણ મનુષ્ય કર્મ અને ફરજની લગામથી બચી શકતો નથી. તેથી તે જ્યાં પણ હોય, માણસે પ્રવૃત્તિમાં રહીને તથા પ્રવૃત્તિ દ્વારા તેનું જીવન-લક્ષ્ય સિદ્ધ કરવાનું છે. કર્મના બાહ્ય ત્યાગની પ્રબળ આકાંક્ષા રાખ્યા વિના શાંતિ અને સાચી શરણાગતિરૂપી વિજય પ્રવૃત્તિમાં રહીને જ મેળવવો પડશે. આ ત્યારે જ શક્ય બને છે, જ્યારે તમે 'તમારી અંદર રહેલી દિવ્યતાના માત્ર સાધન છો' એ સત્યમાં સ્થિત થશો. અનાસક્ત રહીને, કર્તાપણાનું અભિમાન ત્યાગીને અને કર્મનાં ફળોની આશા રાખ્યા વિના જે કર્મ કરવામાં આવે, તે કર્મ યોગમય કર્મ કહેવાય છે. પછી તમારાં કર્મોનું દૈવીકરણ થઈ જાય છે અને પછીથી તમને કર્મોનું બંધન થશે નહિ. અહંકારને ભૂંસી નાખી અનાસક્તિ સિદ્ધ કરવા માટે ઈચ્છા-અનિચ્છાના દ્વંદ્વથી ઉપર ઊઠો. ઈચ્છાઓ અને ઘૃણાથી પ્રભાવિત ન થાઓ, હલકાં સુખો અને દુઃખોથી તથા આશાઓ અને નિરાશાઓથી અસર ન પામો. દ્વંદ્વોરૂપી હિંચકા પર ઝૂલતી વખતે બંને છેડાના ચરમ છેડા સુધી ન જાઓ. બધી બાબતમાં સમતોલ રહો, મધ્યમાર્ગી બનો. ગીતાના આ સુવર્ણોપદેશ છે. જગતમાં રહો ત્યાં સુધી દિવ્ય જીવન જીવો. સતત ગીતાભ્યાસ કરો. કામ-ક્રોધ-લોભની ત્રિપુટીને નિર્મૂળ કરી નાખો. આ જ નરકનાં દ્વારો છે.

ઠંડી-ગરમી, નિંદા-સ્તુતિ, આશા-નિરાશા, સુખ-દુઃખ જેવાં પરસ્પર વિરોધી બળો પર તેમની નાશવંતતાને તથા તમારી દિવ્યતાને ઓળખીને વિજય પ્રાપ્ત કરો. તમારા આખા જીવનને ગીતોપદેશાચરણથી

ભરી દો. તમારું જીવન પ્રત્યેનું સમગ્ર વલણ બદલાઈ જશે. તમે સફળતા-નિષ્ફળતા, સુખ-દુઃખ, પ્રાપ્તિ અને ગુમાવવું વગેરે જોડકાંથી ક્ષોભ નહિ પામો. તમને બળ, શાંતિ અને આનંદ, તમે જ્યાં છો ત્યાં આ જ જન્મમાં મળશે. દૈવી ગુણોનો વિકાસ કરો. તમારાં કર્મોનાં ફળો ભગવાનને અર્પણ કરી દો. તેમનું ફળ કેવું આવશે તેની ચિંતા ન કરો. બધો સમય કેવળ ભગવાનનો જ વિચાર કરતાં કરતાં જીવન-સંગ્રામ ખેલો, માત્ર તમારી ફરજો પ્રામાણિકતાથી બજાવીને તમારા માની લીધેલા મર્યાદિતપણામાંથી બહાર આવી જાઓ. બધાની સેવા કરો અને બધાને ચાહો, તમે જીવનનું સર્વોચ્ચ ધ્યેય સિદ્ધ કરશો. ગીતાજી જય પામો ! ગીતાચાર્ય ભગવાન શ્રીકૃષ્ણનો જય હો !

## (૫) ગીતાનું તત્ત્વજ્ઞાન :
## (૧૯૪૬ ગીતાજયંતીનો દિવસ)

'ગીતા' એ ભગવાનની વાણી છે. તે પુરાતન જ્ઞાનનું ગીત છે. તે અધ્યાત્મ-સંસ્કૃતિનું સર્વશ્રેષ્ઠ પાઠ્યપુસ્તક છે. 'ગીતા' એ કર્મ, પ્રેમ, સેવા અને યજ્ઞનો સંદેશ છે. ગીતામાં હિંદુધર્મનું સત્ત્વ રહેલું છે. 'ગીતા' એ ધર્મ અને નીતિનું સંશ્લેષણ છે. 'ગીતા' સર્વ યોગોનું સંયોગીકરણ છે. ગીતા એક ઉપનિષદ, બ્રહ્મવિદ્યા, યોગશાસ્ત્ર, સંવાદ અને આત્માનું વિજ્ઞાન છે. તે મહાભારતની કલગીનો હીરો છે. 'ગીતા' જગતના ઘા રુઝાવવાનો શ્રેષ્ઠ મલમ છે. ગીતા એક વૈશ્વિક ઉપદેશ છે, જે યુગ, જાતિ અને કર્મથી નિરપેક્ષ છે. તેનામાં વૈશ્વિકતા છે, જે માનવ-વિકાસના દરેક સોપાનને અનુકૂળ છે અને તેને ઉન્નત બનાવે છે. એટલા જ માટે એશિયા, યુરોપ અને અમેરિકાના વિખ્યાત વિદ્વાનોએ ગીતાને અંજલિઓ આપી છે. અમેરિકાના મહાન સંત એમરસન તેમના ટેબલ પર 'ગીતા' રાખતા હતા. ગીતા તમને જાગતિક કારકિર્દીને ત્યાગીને એકાંત જંગલમાં જવાનું કહેતી નથી. તે તમને શાશ્વત પરમશાંતિની પ્રાપ્તિ માટે હિમાલયની ગુફામાં સંતાઈ રહેવાનું કહેતી નથી. ગીતા તમને અધર્મનો પ્રતિકાર કરવાનું તથા દિવ્ય ગુણોનો વિકાસ કરવાનું કહે છે, જે તમને જગતમાં રહીને જગત દ્વારા ભગવત્ચેતના પ્રાપ્ત કરવામાં તથા આત્મસાક્ષાત્કાર કરવામાં મદદ કરશે.

ગીતા તમને તમારા દૈનિક જીવન અને ચરિત્રનું નિયમન કરવાના વ્યાવહારિક પાઠો શીખવે છે. ફરજ ખાતર ફરજ, આસક્તિ અને કર્મફળની આશા વિનાનું કર્મ, શિસ્તવાળું જીવન, નિયમિત ધ્યાન, યજ્ઞ અને આત્મસમર્પણ, અહિંસાનું આચરણ, સત્યપ્રિયતા અને પવિત્રતા, દૈવીસંપતનો વિકાસ અને વિશ્વપ્રેમ, પરમાત્માની શોધ, નામ અને રૂપોની પાછળની વાસ્તવિકતા પોતે સર્વવ્યાપી બ્રહ્મ છે એવો અનુભવ કરવાનો સતત પ્રયત્ન અથવા અમર આત્માનો વિચાર- ગીતાના આ પાઠો વ્યક્તિ અને રાષ્ટ્રો માટે સમાન છે. હે માનવ ! તું જુઠ્ઠી અને અસત્ય કેળવણીથી બરબાદ થઈ ગયો છે. ભગવાન વૈજ્ઞાનિકની પ્રયોગશાળામાં કાચના ચંબુમાં કસોટી કરીને કે સર્જનની છરીથી જોઈ શકાતા નથી. કોઈ પણ મનુષ્ય ભગવાનની હયાતીને તર્કથી સાબિત કરી શકે નહિ. તમે ભક્તિ વિના ભગવાનને મળી શકતા નથી. તમારી બડાશભરી બુદ્ધિથી તમે અભિમાન લો છો કે તમે સાબિત કર્યું છે કે 'ભગવાન નથી.' તમે નાસ્તિક હોવાનું ગૌરવ લો છો. તમે કેવા દંભી નાસ્તિક છો ! તમે વ્યર્થ જીવ્યા છો, તમે તમારું જીવન બરબાદ કરી નાખ્યું છે. તમારી આંખો ખોલો. તમારી દીર્ઘ નિદ્રામાંથી હવે જાગો. ગીતા અને ગીતાના ભગવાન શ્રીકૃષ્ણનું શરણ ગ્રહો. હજુ તમારે માટે આશા છે. તે સંપૂર્ણ દયાળુ છે. તે તમને આશીર્વાદ આપશે. ગીતાનો અભ્યાસ રોજ કરો અને ગીતાના ભાવમાં જીવો. તમે તરત જ શાશ્વત આનંદ અને અમરત્વ પ્રાપ્ત કરશો. મારા ભગવાન કૃષ્ણ, દેવકીના આનંદ, વૃંદાવનના બંસીધારી, જગતના સર્વશ્રેષ્ઠ ગુરુના તમારી ઉપર આશીર્વાદ વરસો ! ૐ તત્સત્ ।

## (૬) પરમાત્માનું આહ્વાન :
## (૧૯૪૭ ગીતાજયંતીનો દિવસ)

ભાગ્યવાન અમર આત્માઓ ! આજના સૌથી વધુ યાદ કરવા યોગ્ય ગીતા-જયંતીના દિવસે મારો સૌને સંદેશ છે કે - મહાન શાસ્ત્રનો સર્વોચ્ચ સંદેશ યાદ કરો, મહાભાગ ભગવાનની વાણીને ધ્યાનપૂર્વક સાંભળો, તમારી જિંદગીની દરેક ક્ષણ ગીતાના જ્ઞાન પ્રમાણે

જીવવા પ્રયત્ન કરો. ગીતાના નીચેના શ્લોક પ્રમાણે તમારી જાતને ઘડો :

**યે ત્વક્ષરમનિર્દેશ્યમવ્યક્તં પર્યુપાસતે ।**
**સર્વત્રગમચિન્ત્યં ચ કૂટસ્થમચલં ધ્રુવમ્ ॥**
**સન્નિયમ્યેન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ ।**
**તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ॥ ૧૨/૩-૪॥**

'પરંતુ જે ભક્તો, ઇન્દ્રિયોના સમુદાયને સારી પેઠે વશમાં કરીને મન-બુદ્ધિથી પર, સદા એકરસ રહેનાર, કોઈ પણ રીતે નિર્દેશ ન થઈ શકે એવા સદા એકરસ રહેનાર, નિત્ય, અચળ, નિરાકાર, અવિનાશી સચ્ચિદાનંદઘન બ્રહ્મને નિરંતર એકાત્મભાવે ધ્યાન કરતાં ભજે છે, એ સઘળાં ભૂતોના હિતમાં રત રહેનારા અને સૌમાં સમાનભાવ રાખનારા યોગીઓ મને જ પામે છે.'

ગીતા એક પુસ્તકમાત્ર નથી, તે કેવળ શાસ્ત્ર જ નથી; તે માનવજાત માટે સનાતન, પરમઆવશ્યક અને અનિવાર્ય સંદેશ છે. તેના શ્લોકો જ્ઞાનનાં મૂર્ત સ્વરૂપો છે, જે સ્વયં નિરપેક્ષ જ્ઞાનના અનંત સાગરમાંથી આવ્યાં છે.

ગીતાનો સંદેશો પરમાત્માનું આહ્વાન છે. તે દિવ્ય શબ્દનું સ્પષ્ટીકરણ છે. બધાં જ અસ્તિત્વોનો સર્વસમર્થ, સર્વશક્તિમાન મૂળ સ્રોત શબ્દ તરીકે પ્રકટ થાય છે, જેનું પ્રતીક 'ૐ' છે. તે દિવ્ય શબ્દ છે. તે નાદ-બ્રહ્મ છે. જેનું સતત આહ્વાન, શાશ્વત સંદેશ એ છે કે, 'હે માનવો ! શાશ્વત, અખંડ સતત પરમસત્યની ચેતનામાં તમે એકાકાર થઈ જાઓ.' આ સર્વોત્તમ સંદેશ છે, જે ગીતાએ ખંતપૂર્વક અને વિગતવાર ઘડ્યો છે અને વ્યાપકરૂપે વિશ્વ સ્વીકારે તેવા સ્વરૂપમાં રજૂ કર્યો છે. ભગવદ્ગીતાનો આ વાસ્તવિક સંદેશ સંભારીને હું ભારપૂર્વક આજના મહાન દિવસે પુનઃ તમારી આગળ જાહેર કરું છું :

જ્યારે તમે ધરતી પર હો ત્યારે પણ તમારા હૃદયમાં અને તમારી આસપાસ સર્વત્ર દિવ્ય શક્તિ વિશે સભાન હોવું, એ દિવ્યતાની હાજરીનો હંમેશાં અનુભવ કરવો, હંમેશાં પરમાત્મા પ્રત્યે જાગ્રત રહેવું, આવું સ્મરણ અને આવો ભાવ તમને સદાય માયાનાં બંધનોથી મુક્ત કરશે અને તમને ભયમાંથી મુક્ત કરશે. ભગવાનને ભૂલવા એટલે માયામાં પડવું. પ્રભુને ભૂલવા એટલે ભયના આક્રમણના ભોગ બનવું. પરમસત્યના અખંડ સ્મરણમાં રહેવું એટલે હંમેશાં દૂર માયાની પહોંચની બહાર, પ્રકાશના રાજ્યમાં રહેવું.

હંમેશાં અનુભવો કે તમારી અંદર બળતી જ્યોત રહેલી છે. તેના પ્રકાશને દરેક રૂપમાં અને દરેક ચહેરામાં ઝળહળતો જુઓ. દરેક ઘટનાની પાછળ કદી ભૂલ ન કરતા પરમાત્માની હાજરીને ઓળખવાનું શીખો. જે આ રીતે જીવે છે, તે કદાપિ ધર્મથી વિમુખ થતો નથી. તે સત્યની દૃષ્ટિ ગુમાવતો નથી. તે કદી, અંધકારમાં પડતો નથી. આવો માણસ કદાપિ જૂઠું બોલતો નથી; કારણ કે તે જાણે છે કે ભગવાન અંતર્યામી છે અને જીવોના અંતરતમમાં રહે છે. તે કદી પાપ કરતો નથી; કારણ કે સર્વવ્યાપી પ્રભુથી કશું છૂપું હોતું નથી. તે હંમેશાં તેની ફરજ વીરતાથી અને હિંમતથી બજાવે છે; તે એમ જાણીને કે સાચો કર્તા ખરેખર ભગવાન છે, જે તેને આ ભૂતલ પર એ કર્મ કરવા પ્રેરી રહ્યા છે. ગીતા વારંવાર કેવી રીતે આ સંદેશને ભારપૂર્વક જણાવે છે, તે જુઓ :

**તસ્માત્સર્વેષુ કાલેષુ મામનુસ્મર યુધ્ય ચ ।**
**મય્યર્પિતમનોબુદ્ધિર્મામેવૈષ્યસ્યસંશયમ્ ॥ ૮/૭ ॥**

'માટે સર્વ કાળે તું મારું સ્મરણ કર અને યુદ્ધ કર. મારામાં અર્પણ કરેલાં મન-બુદ્ધિવાળો તું ચોક્કસ મને જ પામીશ.'

**તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।**
**ભવામિ નચિરાત્પાર્થ મય્યાવેશિતચેતસામ્ ॥ ૧૨/૭ ॥**

'મારામાં મનને પરોવ અને મારામાં જ બુદ્ધિને જોડ; એ પછી તું મારામાં જ નિવાસ કરીશ, એમાં લેશમાત્ર સંશય નથી.'

**મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।**
**નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ ॥૧૨/૮॥**

'(માટે) તું મારામાં જ મન ધારણ કર અને મારામાં બુદ્ધિ પરોવ; એ પછી તું મારામાં જ રહીશ; (એમાં) સંશય નથી.'

માનવજાતને પૂર્ણતા તરફ દોરી જતો ખૂબ પ્રકાશ આપતો અને આદેશ આપતો આવો છે ગીતાનો સંદેશ. લાંબા કાળથી મનુષ્યોએ તેની ઉપેક્ષા કરી હતી,

ભગવાનને ભૂલી જઈ જગત ઇન્દ્રિયોનાં સુખોમાં લિપ્ત થઈ ગયું હતું તથા ધનને જ જીવનનું એકમાત્ર ધ્યેય સમજી ધનલાલસારૂપી રાક્ષસનો ભોગ બન્યું હતું. તેની ઘણી ભયંકર કિંમત ચૂકવવી પડી છે. હવે આ ભૂલી જવાની બાબત બહુ થઈ ગઈ; કારણ કે ભગવાને માણસને બેદરકારી તરફ પૂરતી ચેતવણી આપી છે :

**અથ ચેત્ત્વમહંકારાન્ન શ્રોષ્યસિ વિનઙ્ક્ષ્યસિ ॥૧૮/૫૮**

'પણ અહંકારથી (મારું વચન) જો તું નહિ સાંભળે તો નાશ પામીશ.'

આજના યાદગાર દિવસે મારો સંદેશ છે કે : 'ગીતાનો આ સંદેશ ધ્યાનપૂર્વક સાંભળો. ગીતાના આ સર્વોત્તમ જ્ઞાન પર રોજ આરોહણ કરો. તેણે કહેલા મહાન સંદેશ ઉપર મનન કરો. સત્યને અનુભવવાનો અને તેનો સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન કરો. એ જ સત્યનો અત્યારે અને અહીં જ સાક્ષાત્કાર કરો. જ્યારે શંકા જાગે, ત્યારે જ્ઞાનેશ્વરી ગીતા જેવી મહત્ત્વશીલ રચના વાંચો, શંકરાચાર્યની ટીકા વાંચો અથવા ફરીથી હયાત સંતો અને ઋષિઓના જીવનનું ઉદાહરણ લઈ તેમને અનુસરો. ભગવદ્‌પુરુષો ખરેખર ગીતાના આદર્શનાં મૂર્ત સ્વરૂપો છે. ભગવાન શ્રીકૃષ્ણ તમારી ઉપર કૃપા કરીને તમને તમારા જીવનને ગીતા-આદર્શ પ્રમાણે યોગ્ય ઘાટ આપવા શક્તિ આપો ! તમે બધા આજે પ્રેરણા પામીને ગીતાના યોગમય જીવનને જીવો.

### (૭) સર્વ માટેનું શાસ્ત્ર :
### (૧૯૪૮માં ગીતાજયંતીનો દિવસ)

મનુષ્યના હૃદય પર અસર ઉપજાવવા માટે દેવ-ધર્મ-નામ જેવી સમાનધર્મી વસ્તુઓ કરતાં પણ વધુ મહત્ત્વનું, અજોડ અને કંઈક ખાસ હોવું જોઈએ, જે તેને આકર્ષી શકે. બધા જ ધર્મોમાં ધર્મશાસ્ત્રો હોય છે અને દરેક ધર્મમાં કોઈ એક પુસ્તકમાં એક લાક્ષણિક અપીલ હોય છે, જે ખાસ મૂલ્ય ધરાવતા ખજાનારૂપ હોય છે. 'થોમસ એ. કેમ્પીસ'નું લખેલું 'The Imitation Of Christ' નામનું પુસ્તક વૈશ્વિક ધર્મપુસ્તક બની ગયું છે. એ જ રીતે બૌદ્ધધર્મમાં બધાં જ પુસ્તકોમાં 'ધમ્મપદ'નું ઊંચું સ્થાન છે. જ્યારે સર્વ શાસ્ત્રોને ટપી જાય તેવું વિશ્વના સર્વ ધર્મોમાં ગીતાનું સર્વોચ્ચ સ્થાન છે અને થોડું મનન કરતાં જણાશે કે તેમાં કેટલા વણકથ્યા ભંડારો છુપાયેલા છે, જે ભક્તો માટે રત્નો બનવાના છે.

હાલમાં સમગ્ર ભારત દેશ ગીતાજ્ઞાન ધરાવતા મનવાળો બન્યો છે. ભારતમાં મહાન ધર્મશાસ્ત્રો છે : ઉપનિષદો, ભાગવત, રામાયણ વગેરે. રૂઢિચૂસ્ત માણસોએ તે શાસ્ત્રો રાખ્યાં છે અને તેમને અસંખ્ય લોકો રસ અને ભક્તિપૂર્વક વાંચે છે. બધા જ હિંદુઓ આ ગ્રંથો પ્રાસંગિક વાચન માટે રાખે છે, પરંતુ આ ૭૦૦ શ્લોકોની નાની પુસ્તિકાને તો સતત સાથી તરીકે ખીસામાં રાખે છે; ભલે તે ગમે તેટલો કામમાં વ્યસ્ત હોય. ગીતામાં એવું શું છે કે લોકો તેનું પ્રેમથી જતન કરે છે ? મોટા ભાગનાં આ શાસ્ત્રો સિદ્ધ પુરુષોનાં હૃદયોમાં પ્રકટેલા દિવ્ય જ્ઞાનનું પ્રકટીકરણ છે. તેઓ પૃથક્કરણ કરે છે, ખુલ્લું કરે છે અને અંતિમ વાસ્તવિકતાના સ્વભાવનું પ્રકટીકરણ કરતા હોય તે રીતે કર્મ કરે છે. આત્મજ્ઞાનના પ્રકટીકરણ કરતાંય વધુ, આધ્યાત્મિક કૂટપ્રશ્નોના ઉકેલ કરતાંય વધુ, ગીતા તત્કાળ મનુષ્યને ભીંસી રહેલી જટિલ સમસ્યાઓના ઉકેલનું મૂર્ત સ્વરૂપ છે. દુખિયાંઓના અશ્રુ લૂછવા, નિરાશ થઈ ગયેલાઓને હિંમત આપવા અને જેઓ તેમના ઉદ્ધારક પરમેશ્વરની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, તેમને ચોક્કસ વચન આપવા માટે, જે પરમાત્મા પોતાનું સર્વોચ્ચ ધામ છોડીને પૃથ્વીતલ પર ઊતરી આવ્યા, તે ઈશ્વરની કરુણાનું ઝરણું બનીને ગીતા વહી રહી છે. ગીતા, જીવનની સમસ્યાઓનો ઉકેલ અને હિંમતનો સંદેશ છે; તે આશા, આશ્વાસન, આનંદ અને ચોક્કસ વચનરૂપ છે. આ રસ્તે સંપૂર્ણ માનવજાત માટે જીવનપાથેય બનીને ઈશ્વર સ્વયં ગીતારૂપે ધરતી પર બિરાજમાન છે. ગીતાને સહજ-પ્રેરણારૂપ તારણહાર તંતુ સમજીને મનુષ્ય વળગી રહે છે; તેનું સત્ય કારણ એટલું જ છે કે, તે સર્વ સમસ્યાઓનો ઉકેલ છે. જે મનુષ્ય સમૃદ્ધિમાં આળોટે છે, તેને ધનની ચિંતા નથી; તેને ધન કમાવાની વિદ્યાનાં પુસ્તકો મેળવવાની દરકાર નથી; પરંતુ ગીતા જીવનની સમસ્યા સાથે સંકળાયેલી છે; દરેક મનુષ્યને જીવન અને મૃત્યુની સમસ્યા છે; ગીતા દુઃખપીડિતો માટે સંદેશ છે, તેથી ગીતા-પુસ્તકની ધનવાનોને પણ જરૂર છે. ભગવાન કહે છે : 'દુઃખ

માયાને લીધે છે, હું તેને તરવાનો ઉપાય જણાવીશ.' દ્વંદ્વો (સુખ-દુઃખ, ઠંડી-ગરમી, હાનિ-લાભ વગેરે) પ્રત્યે સંવેદનશીલ થવાથી દુઃખ આવે છે; જ્યારે વાસ્તવમાં તમે બધી પરિસ્થિતિઓના સાક્ષી છો. એ પરિસ્થિતિઓ ત્રિગુણી પ્રકૃતિઓના લક્ષણરૂપ છે. તમે કેવળ સાક્ષી છો અને આત્મારૂપે એ દ્વંદ્વોથી અસર પામતા નથી. માનસિક તાણ આપતો પ્રશ્ન એ છે કે, 'દુઃખમાંથી મુક્ત કેવી રીતે થવું ?' ભગવાને વિવિધ રીતો આપી છે. માનવજાતને 'કોઈક અનિષ્ટ બની જવાનો' વારંવાર રટણ કરાવતો ભય કંપાવી રહ્યો છે. એ ભય ભગવાન થોડાંક સુંદર અને મધુર વાક્યોથી સદાને માટે દૂર કરે છે. 'મૃત્યુ' કંઈ નથી. મૃત્યુનો ભય તમને ડરાવે છે. જેમ બાળપણ, યુવાની વગેરે ફેરફારો તમારા શરીરમાં થાય છે, તેમ મૃત્યુ એક દેહમાંથી બીજા દેહમાં જવાની એક પ્રાકૃતિક સ્થિતિ છે. ગીતાના ચિંતનથી મનુષ્યને ખાતરી થઈ જાય છે કે, મૃત્યુ એ વિનાશ નથી, પરંતુ માત્ર ફેરફાર છે; જેથી આપણામાં અદ્ભુત બળ ભરાઈ જાય છે. શરીરની આ વિશિષ્ટતા એ વાસ્તવમાં એક જ વર્ષમાં ચાર ઋતુઓના ફેરફાર જેવી છે. 'મૃત્યુ એ માત્ર ફેરફાર છે' એની ખાતરી મહાન નિર્ભયતા આપે છે અને મૃત્યુની સમસ્યાના ઉકેલની રીત મેળવીને માનવ ગીતાનો અંતઃકરણપૂર્વક ઋણી છે. ગીતા મનુષ્યને તેના સામર્થ્યની બહાર કંઈ કરવાનું કહેતી નથી. ભગવાન કહે છે : 'આ જ્ઞાનનો સ્વલ્પ અંશ પણ તમને મહાન ભયથી દૂર લઈ જાય છે. એનું થોડું પણ આચરણ કરો અને તમે અનુભવશો કે તે તમને સંસારના સર્વ ભયોથી મુક્ત કરે છે. હું થોડું પણ આચરણ કરે, તેનાથી પ્રસન્ન થાઉં છું, તમે યોગ્ય ભાવથી તે કરો. હું તમને રાક્ષસી કદની ક્રિયાઓ કરવાનું કહેતો નથી. મારે 'ભાવ' જોઈએ છે. મારે તમારું હૃદય જોઈએ છે. ગીતામાંથી તમારે માટે શક્ય હોય તેવું સરળ કર્મ શોધી કાઢો અને કરવા માંડો. હું તે પૂર્ણ કરીશ; તેની સિદ્ધિ મારા હાથમાં છે.'

**પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।**
**તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ ॥૯/૨૬**

'જે મને પત્ર, પુષ્પ, ફળ કે જળ ભક્તિથી આપે છે, તે શુદ્ધ ચિત્તવાળાનું ભક્તિપૂર્વક આપેલું હું સ્વીકારું છું.'

'માત્ર એ ભાવથી જ હું તમારું પરિવર્તન કરી નાખીશ.' ભગવાન તુલસીના પાંદડા જેટલા વજનના થઈને તોળાયા અને તેમણે ભક્તની લાજ રાખી; ભગવાનને તોળવા ત્રિલોકની સંપત્તિ પૂરતી ન હતી, પરંતુ ભાવથી અર્પણ કરાયેલું તુલસીપત્ર પૂરતું થયું.

ભગવાન કહે છે : 'એક વાર તું મારું શરણ લે, હું દોડતો તારી પાસે આવીશ અને તને સાચા રસ્તે દોરીશ, એવું હું વચન આપું છું; જ્યાં સુધી હું તારો ઉદ્ધાર કરનાર બેઠો છું, ત્યાં સુધી, તારે ભય રાખવાની જરૂર નથી. હું તને બધા પાપોથી છોડાવીશ'- શું આનાથી મોટો સંદેશ બીજો હોઈ શકે ? જુઓ તે સર્વોચ્ચ સ્થાનેથી માત્ર આજ્ઞા આપે છે : 'ભય ન રાખીશ !' ગીતાના માત્ર થોડાક જ આચરણથી નિરાશ થયેલા મનુષ્યને શક્તિ મળે છે. ગીતા તેને નિર્ભય બનાવી મોક્ષનું વચન આપે છે, ત્યાં જ ગીતાની સર્વોત્તમ કિંમત છે. ગીતા 'ઉકેલ' છે અને તે સત્ય, નિર્ભયતા અને હિંમતનું મૂર્ત સ્વરૂપ છે. ગીતાએ જે આચરણ કરવાનું આપણને કહ્યું છે તે અશક્ય નથી જ. તે જીવનનું દૈવીકરણ કરવાની અપીલ છે.

અપવિત્ર ઈચ્છા તથા કામ-ક્રોધ-લોભયુક્ત સ્વભાવ એ આપણી નિમ્ન પ્રકૃતિનાં લક્ષણો છે. ગીતા કામ-ક્રોધ-લોભમાંથી મુક્ત થઈને મનુષ્યના સમગ્ર સ્વભાવને દિવ્ય બનાવવાની સીધી અપીલ કરે છે. બધા જ પ્રકારના 'સંગ' છોડીને એ ત્રણથી મુક્ત થઈ જાઓ. આ ત્રણ મૂળભૂત દુષ્ટ ગુણો પોતે જ વિવિધ આસુરી ગુણોરૂપે વ્યક્ત થાય છે અને મનુષ્યનું પતન કરે છે. દૈવી સંપત પ્રાપ્ત કરો. એમ કરવાથી તમે તે ત્રણ શત્રુઓ પર વિજયી નીવડશો. મેં વહાવેલી 'દિવ્ય જીવન'ની વિચારધારા ઉપરોક્ત ગીતાની વિચારધારાને સમાંતર છે. એ જ પ્રવાહ મહાત્મા ગાંધીજીએ સત્ય, અહિંસા અને બ્રહ્મચર્યના આચરિત ઉપદેશથી વહાવ્યો. આ ત્રણ દિવ્ય ગુણોનું અનુસરણ કરવાથી તમે તમારું પતન કરનારા કામ-ક્રોધ-લોભને મહાત કરી શકશો. ગીતાના આ ઉપદેશનું થોડું થોડું આચરણ આ જ ઘડીથી શરૂ કરો અને ગીતોપદેશની મૂર્તિ બનવાનો પ્રયત્ન કરો તથા ભગવાને આપેલું અંતિમ અને કાયમી મોક્ષનું વચન પૂર્ણ

થતું જુઓ. ગીતાના ગાનારા શ્રીકૃષ્ણ તમને સંસારનાં બંધનોથી મુક્ત કરી મોક્ષ પ્રદાન કરો ! ગીતાના રાહે ચાલીને તમે સૌ ગતિશીલ યોગીઓ તરીકે પ્રકાશો અને અમરત્વ, શાશ્વત આનંદ તથા સર્વોચ્ચ શાંતિ પ્રાપ્ત કરો!

**(૮) અર્વાચીન માનવજાતને પ્રાચીન બોધ : (૧૯૪૯માં ગીતાજયંતીનો દિવસ)**

ભગવદ્‌ગીતા અર્વાચીન સમસ્યાઓનો એક પ્રાચીન ઉકેલ છે. માનવજાત જે સમસ્યાઓનો સામનો કરી રહી છે, તે બધા જ યુગોના બધા જ સમયમાં સમાન રહી છે, ભલે તે લોકો વિવિધ કાળમાં વિવિધ પોશાકો પહેરતા હોય. ગીતાની મહાનતા એ છે કે તે એક સંપૂર્ણ ઉપદેશ છે, બધા જ સંજોગોમાં બધા જ પ્રશ્નોનાં બધાં જ પાસાંનું નિરાકરણ છે. ગીતાનું ઉચ્ચારણ પૂર્ણપુરુષ શ્રીકૃષ્ણના મુખે થયું છે કે જે સત્યસ્વરૂપ પરમાત્મા સ્વયં હતા. ગીતા અર્જુનને ઉપદેશાઈ હતી, કે જે સાચો માનવ હતો. સામાન્ય રીતે અર્જુનના જેવી સમસ્યા આખી માનવજાતની પણ છે; ગીતા જીવનના વૈશ્વિક પ્રશ્નનો સંપૂર્ણ જવાબ છે. જીવનની વિવિધ સ્મૃતિઓ સાથે સંબંધિત શારીરિક બૌદ્ધિક અને આધ્યાત્મિક સમસ્યાઓ સાથે જોડાયેલી સામાજિક, રાજકીય અને વ્યક્તિગત સમસ્યાઓ એ ચોક્કસ મૂળભૂત મુશ્કેલીઓની પ્રશાખાઓ છે, જે જીવનને તીવ્ર અશાંતિ અને દુઃખના દૃશ્યને સર્જતી હોય તેમ દેખાય છે. શાંતિ, વિપુલતા અને સુખ જીવનમૂલ્યને નિયંત્રિત કરતા અવયવરૂપ જણાય છે; તેમનો અભાવ તીવ્ર અછત અને સમસ્યાનું ઉદ્‌ગમ-સ્થાન હોય, તેમ લાગે છે. તેમની સતત હયાતી બધી જ દિલગીરીઓને શમાવતી હોય તેવું લાગે છે. જેની તરફ ગીતા આંગળી ચિંધે છે, જે પાયાની ભૂલ માણસે કરી છે; તે એ છે કે બધા જ પ્રકારના પ્રશ્નોના ઉકેલનું અજ્ઞાન નિરંતર સંતોષની સ્થાપનાને અવરોધે છે. ગીતાએ ગણાવેલી વિશ્વના બંધારણની જુદી જુદી કક્ષાએ એ સત્યનો નિર્દેશ કરે છે કે મનુષ્ય પોતાનાં મન અને ઇન્દ્રિયોથી વિશ્વના આત્માને જોઈ શકતો નથી, પરંતુ પોતાની અમુક માન્યતા કે પોતાનું જ્ઞાન એ તેણે તેની કલ્પના કે સમજ પ્રમાણે પહેલેથી ધારી લીધેલાં હોય છે. વિશ્વનો આત્મા એ તેનું હૃદય છે, પદાર્થ વિનાનો સર્વોચ્ચ વિષય છે, એટલે કે માણસમાં રહેલા ભગવાન જેવા સાચા વિષયને પદાર્થરૂપ બનાવવાથી જ સમસ્યાઓ અને મુશ્કેલીઓ ઉદ્‌ભવે છે. અર્થાત્ પોતાના વાસ્તવિક સ્વરૂપ પ્રત્યે અસદ્‌ભાવ રાખવાથી મુશ્કેલીઓ ઉદ્‌ભવે છે. આખા જગતને સંપૂર્ણ રીતે જાણવા માટે જાણનારો જગતનું નિયમન કરનાર નિયમોથી સ્વતંત્ર હોવો જોઈએ, નહિ તો પૂર્ણ જ્ઞાન અશક્ય બની જશે. જેનું જ્ઞાન બાહ્ય ઇન્દ્રિયગમ્ય પદાર્થોથી નિયંત્રિત થાય, તેને તેમનું જ્ઞાન કદાપિ ન થાય. નિરપેક્ષ જ્ઞાન મેળવવાનો જુસ્સો આવું જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્યતા ઊભી કરે છે. એ બતાવે છે કે જ્ઞાતા (જાણનારો) જ્ઞેય (જાણવાની વસ્તુ) કરતાં શ્રેષ્ઠ છે; તે એટલી હદે શ્રેષ્ઠ છે કે જ્ઞેય જ્ઞાતાની નિરપેક્ષતાના પ્રકાશમાં તેનું હોવાપણાનું મૂલ્ય ગુમાવી દે છે. પોતાના 'મારા સિવાય અન્ય કંઈ નથી' એ વિધાનમાં ગીતા ભગવાનના આ સ્વરૂપને ઓળખવાની સ્થિતિ પર ભાર દે છે. તેથી જગતમાં નિરપેક્ષ પૂર્ણતા શોધવાનો પ્રયત્ન કરવો એ 'અશક્ય'ને પામવાનો પ્રયત્ન કરવા બરાબર છે; કારણ કે એ ત્યારે જ શક્ય છે, જ્યારે 'તમે મને પામો' એટલે કે ભગવાનને પામીને અથવા નિરપેક્ષ જ્ઞાતા બનીને; જેનું જ્ઞાન બીજા કશાનું નહિ પણ તેમનું(શ્રીકૃષ્ણ) જ. શ્રીકૃષ્ણ બનવું એટલે નિરપેક્ષ આત્મા થવું, જ્યાં કેવળ શાંતિ, સમૃદ્ધિની રેલમછેલ અને નિર્ભેળ સુખની સુગંધ જ હોય. જગતમાં મળેલો સંતોષ એટલે ઇન્દ્રિયગ્રાહ્ય દર્પણ દ્વારા જોવાયેલા જ્ઞાતાનું મન. જગતમાં મળેલો સંતોષ એટલે પોતાના વિચાર પ્રમાણે માણસની સમજ, જોકે આવાં રૂપોનો પાયો નિરપેક્ષ કે વૈશ્વિક આત્મા છે. ગીતામાં વારંવાર ભાર દેવામાં આવેલાં વચનો સૂચવે છે કે શંકાઓ, સમસ્યાઓ અને ચિંતાઓ કેવળ ભગવત્પ્રાપ્તિથી જ દૂર થાય છે. એ સ્પષ્ટ સમજી લો કે ભગવત્પ્રાપ્તિ એટલે ભગવાન બની જવું. વિશ્વમાં મહાત ન કરી શકાય તેવો સંતોષ જીવનના કોયડા અને પજવતા અનુભવોનો કાયમી ઉકેલ લાવવાથી મળી શકે છે. તે ઉકેલ એ જ્ઞાન પ્રાપ્ત કરવાથી લાવી શકાય છે કે-મૂળભૂત ભૂલ વૈચારિક રૂપોને સાચાં માની લેવાથી તથા તે રૂપોમાં પોતાપણું માની લેવામાં રહેલી છે અને

તે સાચી પૂર્ણતાનું મૂળ નિરપેક્ષ આત્માની સભાનતામાં રહેલું છે.

આધુનિક માનવ પોતે વૈજ્ઞાનિક અને બુદ્ધિશાળી હોવાનો અભિપ્રાય ધરાવે છે. ગીતા માણસને ચેતવણી આપે છે કે વિજ્ઞાન અને તાર્કિક જ્ઞાન એ માત્ર નિયમો અને બાહ્ય અનુભવોનાં રૂપો છે, જે કોઈ પણ રીતે પ્રમાણભૂત અસ્તિત્વ ધરાવતાં નથી. એ રૂપો ઇન્દ્રિયગમ્ય પદાર્થોના અનુભવ સુધી જ પ્રમાણભૂત લાગે છે, પરંતુ તેઓ અસાધારણ વિષયના (આત્માના) જ્ઞાન આગળ અસત્ સાબિત થાય છે અને તે જ્ઞાન, અનુભવમાં આવતાં રૂપોનું હૃદય છે. આત્મા માટે અનુભવ એ પૂર્વનો નથી પણ પછીનો છે. તેથી જગતમાં બધા અનુભવ એ જાણવાના વિષયની ક્ષમતા મુજબ ચેતનાએ આપેલા વિચારોની પેદાશ છે. ઇન્દ્રિયગમ્ય વસ્તુ મૂળના અનુભવથી લુપ્ત થઈ જશે. જ્યાં સુધી આ મૂળ (આત્મા)ને પ્રાપ્ત નહિ કરી લેવામાં આવે ત્યાં સુધી નથી કોઈ સમસ્યા હલ થવાની કે નથી દુઃખ હળવું થવાનું. ગીતાના જ્ઞાન આગળ આધુનિક મહાન સમસ્યાઓનું કંઈ જ મૂલ્ય નથી. ગીતા જાગતિક (જગતને લગતા) જ્ઞાનને મૂર્ખાઓનું સ્વર્ગ ગણે છે. નિરપેક્ષ પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે જીવવા યોગ્ય જીવનનો રાહ ગીતાએ સૂચવ્યો છે. તેનાથી તૃષ્ણાઓની શાંતિ થાય છે તથા સર્જનાત્મક ઇચ્છાઓ જાગે છે. તે દિવ્ય જીવનથી આત્મામાં લીન થવા તરફ દોરી જતાં બધાં જ મનોવૈજ્ઞાનિક કાર્યો થવા માંડે છે. માત્ર એ જ્ઞાનથી જ વિવિધ પ્રકારના વિશ્વમાં જીવનનાં દબાણોથી મુક્તિ મળે છે; એ જ માત્ર સાચું જ્ઞાન છે, એ જ વાસ્તવિક પ્રજ્ઞા છે, માત્ર એ જ્ઞાનમાં જ અનંત પૂર્ણતા રહેલી છે.

ચિંતનશક્તિના કાર્ય દ્વારા અથવા સર્જનાત્મક કલ્પનાથી નિરપેક્ષ પરમાત્માની ધારણા અને તેમના જ્ઞાનનો જગત એક ખાસ માર્ગ છે. જગત વિષેના ચિંતનના કાર્યનો અંત એટલે સર્વ સમસ્યાઓમાંથી મુક્તિ, અનંત શાંતિમય જીવન અને અનંત શાંતિની પ્રાપ્તિ. સર્વને માટે આ ગીતાનો સર્વોચ્ચ ઉપદેશ છે. તમે સૌ એવી મુક્તિ પામો કે જેને મર્યાદા નથી. તમે શાંતિમાં નિવાસ કરો !

## (૯) ગીતાનો યોગ :
## (૧૯૫૦માં ગીતાજયંતીનો દિવસ)

સાધુઓના પરિત્રાણ (રક્ષણ) માટે, દુષ્ટોના નાશ માટે તથા ધર્મની સંસ્થાપના માટે જે શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પરમાત્મા સ્વયં આ જગતમાં અવતર્યા, તેમને વારંવાર નમસ્કાર! લોકોએ મને ભગવદ્‌ગીતાના યોગનું મુદ્દાસર પૃથક્કરણ કરવા ઘણી વાર કહ્યું. હું કહીશ કે એ આ પ્રમાણે છે : 'કર્મ એ પૂજા છે, તેને ભગવાનને અર્પણ કરી દો.' તમે કામ કરો, પણ એટલા માટે નહિ કે તમે કામ કરવા ઇચ્છો છો અથવા કંઈક પ્રાપ્ત કરવા માગો છો; (કારણ કે જો તમે એમ નહિ કરો તો તમે **'અહંકારવિમૂઢાત્મા કર્તાહમિતિ મન્યતે'** ગીતા : ૩/૨૭ - 'અહંકારથી વિમૂઢ આત્મા 'હું કર્તા છું', એવું માને છે'- એ કક્ષામાં આવી જશો.) એટલા માટે પણ કર્મ ન કરો કે કર્મમાં સ્વભાવથી જ ભવ્ય હોય તેવું કંઈ રહેલું છે; (કારણ કે અહીં **'કાર્યતે હ્યવશઃ કર્મ સર્વઃ પ્રકૃતૈર્ગુણૈઃ'** ગીતા : ૩/૫ - 'બધા જ લોકો પ્રકૃતિના ગુણોથી અવશ કર્મ કરે છે') પરંતુ કર્મ એટલા માટે કરો કે - 'મારા કર્મ દ્વારા ઈશ્વરની ઇચ્છા વ્યક્ત થઈ રહી છે'. જ્યારે શ્રીકૃષ્ણે અર્જુનને આજ્ઞા આપી કે : **'તસ્માત્ યુદ્ધ્યસ્વ ભારત'** - 'તેથી તું હે અર્જુન ! યુદ્ધ કર.' એ એટલા માટે ન હતું કહ્યું કે પ્રભુ પોતે અર્જુન બધાને મારી નાખે એવું ઇચ્છતા હતા; તે હિંસાત્મક કર્મ કરે એવું પણ ઇચ્છતા ન હતા; પરંતુ તે (અર્જુન) તેમની (પ્રભુની) ઇચ્છા પ્રમાણે કરે, તેમ ઇચ્છતા હતા. **યદહઙ્કારમાશ્રિત્ય ન યોત્સ્ય ઈતિ મન્યસે । મિથ્યૈષ વ્યવસાયસ્તે પ્રકૃતિસ્ત્વામ્ નિયોક્ષ્યતિ ॥** ગીતા : ૧૮/૫૯ 'જો તું અહંકારથી 'હું નહિ લડું' એમ માનતો હોય, તો એ તારો આ નિશ્ચય મિથ્યા છે; કેમ કે તારો સ્વભાવ તને બળજબરીથી યુદ્ધમાં જોડશે.' મારી શક્તિ તને યુદ્ધ કરવા ફરજ પાડશે, તેથી તું યુદ્ધ કર. સાચું કર્મ એ જ છે કે - જેમાં કાર્ય કરવા કે ન કરવા માટે અહંકાર જોડાયેલો ન હોય. **'નિમિત્તમાત્રં ભવ ।'** - 'તું માત્ર સાધન બન.' ટૂંકમાં સ્વયં ભગવાને ગીતા-યોગનું રહસ્ય કહ્યું :

**યસ્ય સર્વે સમારમ્ભાઃ કામસંકલ્પવર્જિતાઃ ।**
**જ્ઞાનાગ્નિદગ્ધકર્માણં તમાહુઃ પણ્ડિતં બુધાઃ ॥૪/૧૯॥**

'જેના સર્વ આરંભો કામનાઓથી ને સંકલ્પોથી રહિત હોય તથા જેનાં કર્મો જ્ઞાનરૂપી અગ્નિ વડે બળી ગયાં હોય, તેને જ્ઞાનીઓ પંડિત કહે છે.'

**'નૈવ કિઞ્ચિત્કરોમિ'** - 'હું કંઈ જ કરતો નથી- હું કર્તા નથી, પરમાત્મા જ બધું કરે છે, હું માત્ર સાધન છું.' આવું જ્ઞાન જીવનને બંધન કરનારાં અને સંસારમાં નાખનારાં કર્મોનાં બીજોને બાળી નાખે છે. આવી મનઃસ્થિતિમાં રહીને જ્યારે મનુષ્ય ગીતોપદેશ પ્રમાણે કર્મ કરે છે,

**ત્યક્ત્વા કર્મફલાસઙ્ગં નિત્યતૃપ્તો નિરાશ્રયઃ ।**
**કર્મણ્યભિપ્રવૃત્તોઽપિ નૈવ કિઞ્ચિત્કરોતિ સઃ ॥૪/૨૦॥**

'નિત્ય સંતુષ્ટ રહેનારો, આશ્રય-આકાંક્ષારહિત મનુષ્ય કર્મફળની આસક્તિ છોડીને કર્મમાં પ્રવૃત્ત થાય તોપણ તે કંઈ જ કરતો નથી.'

આ છે રહસ્ય ! જ્યારે મનુષ્ય નિરંતર કર્મ કરે ત્યારે જો તે હૃદયમાં કર્મ અને તેનાં ફળો પ્રત્યે અનાસક્ત રહે, તો તે કંઈ જ કરતો નથી; બીજી બાજુ જે દેખિતાં કર્મ વિના બેસી રહે, પરંતુ જેનું મન પદાર્થોમાં આસક્ત હોય અને અંતરમાં રહેલા સાક્ષી પરમાત્મા પર સ્થિર ન થયું હોય, તેને ભગવાન 'દંભી' કહે છે. આવો માણસ બાહ્ય રીતે દેખાતાં કર્મ ન કરવા છતાં બંધાય છે.

**કર્મેન્દ્રિયાણિ સંયમ્ય ય આસ્તે મનસા સ્મરન્ ।**
**ઇન્દ્રિયાર્થાન્વિમૂઢાત્મા મિથ્યાચારઃ સ ઉચ્યતે ॥૩/૬॥**
**યસ્ત્વિન્દ્રિયાણિ મનસા નિયમ્યારભતેઽર્જુન ।**
**કર્મેન્દ્રિયૈઃ કર્મયોગમસક્તઃ સ વિશિષ્યતે ॥૩/૭॥**

'જે મૂઢાત્મા કર્મેન્દ્રિયોને વશ કરી મન વડે ઇન્દ્રિયોના વિષયોનું ચિંતન કરતો રહે છે, તે મિથ્યાચારી-ઢોંગી કહેવાય છે.' 'પરંતુ હે અર્જુન ! મન વડે ઇન્દ્રિયોને વશ કરી ફલાસક્તિરહિત થઈને, જે કર્મેન્દ્રિયો વડે કર્મયોગનો આરંભ કરે છે, તે અતિશ્રેષ્ઠ થાય છે.' આ રીતે અર્જુનને વિસ્તારપૂર્વક આપેલા ઉપદેશ દ્વારા ભગવાને પોતાના કોયડા (ઉખાણું)નો ઉકેલ કહ્યો :

**કર્મણ્યકર્મ યઃ પશ્યેદકર્મણિ ચ કર્મ યઃ ।**
**સ બુદ્ધિમાન્મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ ॥૪/૧૮॥**

'કર્મમાં અકર્મ (તેમના અભાવ)ને અને અકર્મમાં કર્મને જે જુએ છે, તે મનુષ્યોમાં બુદ્ધિમાન છે, તે યોગી છે અને સર્વ કર્મ કરનારો છે.'

ખરેખર કર્મની ગતિ ગહન છે અને તે ભગવાન સિવાય કોઈ સમજાવી ન શકે. જે ગીતા-યોગને સમજ્યો છે, તે કેવું વર્તન કરે છે ? જે ગીતા-યોગ સમજ્યો છે, તે ગીતોપદેશના અંતે અર્જુનની માફક કહેશે : **'કરિષ્યે વચનં તવ ।'**-'હું તમારી ઇચ્છા પ્રમાણે કરીશ.' આ જ રીતે સૂર્યે ગીતાનું જ્ઞાન સીધેસીધું ભગવાન પાસેથી મેળવ્યું હતું. અનાદિ-કાળથી આજપર્યંત સૂર્યદેવ ભગવાનની ઇચ્છા મુજબ ચૂસ્ત રીતે તેમની રોજિંદી ફરજો બજાવે છે. એ જ રીતે જેઓ ગીતા-યોગમાં સ્થિત થઈ કર્મ કરે છે, તેઓ અવશ્ય ભગવત્પુરુષો છે. તમે સૌ ભગવાનની અને ગીતાચાર્યોની કૃપાથી ગીતાના ભાવમાં જીવો, ગીતાના આદર્શરૂપ કર્મયોગ સિદ્ધ કરો ! ભગવાનના આશીર્વાદ તમારા સૌની ઉપર ઊતરો ! નીચેનો શ્લોક સદાયને માટે તમારા હૃદયમાં કોતરાઈ જાઓ !

**મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।**
**મામેવૈષ્યસિ યુક્ત્વૈવમાત્માનં મત્પરાયણઃ ॥૯/૩૪॥**

'તું મારામાં મનવાળો, મારો ભક્ત તથા મને પૂજનારો થા અને મને નમસ્કાર કર, એમ મારામાં અંતઃકરણને જોડી મારા પરાયણ થયેલો તું મને જ પામીશ.'

## (૧૦) ગીતાના ચૈતન્યમાં જીવો :
## (૧૯૫૧માં ગીતાજયંતીનો દિવસ)

હે મહાભાગ અમર આત્મા ! અર્જુનને અમર ગીતા ઉપદેશનાર પૂર્ણાવતાર પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણને તથા ભાવી માનવજાતના કલ્યાણ માટે ગીતાનું સંકલન કરનાર વ્યાસને નમસ્કાર અને પ્રણામ!

પાંચ હજાર વર્ષોથી પણ પૂર્વે કુરુક્ષેત્રના મેદાનમાં જ્યારે અર્જુન માનસિક સંઘર્ષાત્મક વિચારો સાથે તેમની સામે ઊભો હતો ત્યારે શ્રીકૃષ્ણે તેને પોતાનો દિવ્ય ગીતા-સંદેશ કહ્યો હતો. ગીતાના બોધે અર્જુનની બધી શંકાઓ દૂર કરી હતી, તેના મનને સ્થિર બનાવ્યું હતું તથા તેને અધર્મનાં પરિબળો સામે લડવાની આંતરિક આધ્યાત્મિક શક્તિ આપી હતી અને અંતે તેને વિજય પણ અપાવ્યો હતો. ગીતાનો સંદેશ બધા સમય માટે

ઉપયોગી છે તે એવો દિવ્ય ભોમિયો છે, જે મનુષ્યને પૂર્ણતા તરફ દોરે છે. તે વેદો, ઉપનિષદો અને અન્ય શાસ્ત્રોનો અર્ક છે. જે લોકોની વેદ-ઉપનિષદ સમજવાની ક્ષમતા નથી તથા જે શાસ્ત્રોનો બોધ સ્પષ્ટ રીતે સમજી શકતા નથી, તેમને પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે ગીતા મદદ કરે છે. ગીતા આજના સમયની જરૂરિયાત છે. વૈજ્ઞાનિક પ્રગતિના જમાનામાં આસપાસની કૃત્રિમ પરિસ્થિતિની વચ્ચે દરેક શ્વાસે તેને સંતો અને દૃષ્ટાઓ દ્વારા જાગ્રત કરવામાં આવતો હોવા છતાં માનવ વારંવાર ભૂલો કરે છે અને માયાના સકંજામાં ફસાય છે. માત્ર ગીતાનો ઉપદેશ તેને માયાના ફાંસલાથી બચાવી શકે છે. ગીતા આધુનિક માનવજાત માટેનો ઉપદેશ છે. તે જ માત્ર માનવતાના ભવિષ્યને સારો ઘાટ આપી શકે તેમ છે. આજના જગતમાં ગીતા જેટલી વધુ પ્રચલિત થશે, તેટલી શાંતિ, પ્રેમ અને ભગવાનનું રાજ્ય સ્થાપવાની મોટી, ઘણી અને નિશ્ચિત તકો રહેલી છે.

હે અમૃતનાં સંતાનો ! તમે પરમાત્મા તરફના પૂજ્ય ભાવ અને તેમના પ્રત્યેની દર વર્ષે ગીતાજયંતી ઉજવવા એકઠા થાઓ છો. આ ઉત્સવ બાહ્ય ઉજવણી ઉપરાંત આંતરિક ઉજવણી પણ કરે છે. તમારે ગીતાજયંતી તમારી અંદર ઉજવવી જોઈએ. તેમાં જ સાચી શાંતિ અને સાચું સુખ રહેલાં છે. તમારી અંદર દિવ્ય અને આસુરી બળો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે, જે તમારા મનને અશાંત બનાવે છે; તે તમારા મનને મૂંઝવણ અને અવ્યવસ્થાથી ભરી દે છે. જેમ અર્જુન યુદ્ધક્ષેત્રમાં મૂંઝાયો હતો તેમ એ યુદ્ધ તમને વ્યાકુળ બનાવી દે છે. તમારું મન અર્જુન છે. પાંડવો અને કૌરવો, એ તમારામાં રહેલાં દૈવી અને આસુરી બળો છે. પવિત્ર બુદ્ધિરૂપે ભગવાન શ્રીકૃષ્ણ પણ તમારી અંદર રહેલા છે. જેમ યુદ્ધના સમયે અર્જુને તેના મનમાં રહેલી અંધાધૂંધીને ભૂલી જઈ ભગવાનને શાંતિથી સાંભળ્યા, તે રીતે તમારે પણ તમારી મુશ્કેલીઓ અને આકરી કસોટીઓને ભૂલી જઈ મનને શાંત કરી તમારી પવિત્ર બુદ્ધિમાં રહેલા શ્રીકૃષ્ણના અવાજને સાંભળવો જોઈએ. તમારામાંથી દરેકને અંદરથી ગીતાના અઢારે અધ્યાયો સંભળાશે, વેદો અને ઉપનિષદોના બોધ પૂર્ણ રીતે સમજાશે અને તમે અનંત શાંતિ અને શાશ્વત આનંદ માણી શકશો. સર્વશક્તિમાન પરમાત્માનાં બાળકો ! ગીતા વાંચો. ગીતાનો કેવળ એક જ શ્લોક સારી રીતે સમજવાથી ગીતાજયંતીની સાચી ઉજવણી થશે. આ ગીતારૂપી દિવ્ય બોધ આપવા માટે શ્રીકૃષ્ણની પૂજા કરવાનો શ્રેષ્ઠ ઉપાય, ગીતાનાં વચનોનું અનુસરણ કરવું તે છે. ગીતાની વ્યાખ્યા પ્રમાણે કર્મયોગનું આચરણ કરો. શ્રીકૃષ્ણનાં ચરણકમળોમાં પૂર્ણ શરણાગત થઈ જાઓ. તે હંમેશાં અમૃતત્વના આનંદરૂપી અમૃત લઈને તમને હંમેશાં સત્કારવા તૈયાર છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વનાં હૃદયોમાં રહેલા છે; તેમની સેવા કરો, પૂજા કરો; તેમને પ્રેમ કરો. ઇન્દ્રિયોને સંયમિત કરો. ગંભીર બનો. સંનિષ્ઠ બનો. તમારા મનમાં સત્યનો ઉદય થશે. તમને જ્ઞાનનો પ્રકાશ લાધશે. તમે પૂર્ણતા પ્રાપ્ત કરશો. તમે અમર આનંદના મધુર અમૃતનું પાન કરવાનો આનંદ માણશો. અનંત શાંતિ, શાશ્વત આનંદ અને અમરત્વના તમે અધિકારી બની શકો છો.

ભગવાન શ્રીકૃષ્ણના તમારી ઉપર આશીર્વાદ ઊતરો ! સ્વાસ્થ્ય, સુખ, દીર્ઘ આયુષ્ય, શાંતિ, સમૃદ્ધિ અને કૈવલ્ય પ્રાપ્ત કરો ! તમે સૌ ગીતોપદેશના પાલનરૂપે ગીતાજયંતીની ઉજવણી કરો ! ૐ શાંતિઃ

## (૧૧) ગીતા એક - દીવાદાંડી :
### (૧૯૫૨માં ગીતાજયંતીનો દિવસ)

એક પવિત્ર શાસ્ત્ર તરીકે ભગવદ્‌ગીતાની પૂજા કરો. તેમાંથી રોજ એક અધ્યાય વાંચો, પરંતુ એટલાથી રોકાઈ ન જશો; કારણ કે વિજ્ઞાનોમાં ગીતા એક રાજા છે. તેનું આચરણ કરવું સહેલું છે. તે તમારી દીવાદાંડી છે. તે જ્ઞાનામૃત છે. તમારા હૃદયમાં ગીતાનું પ્રેમથી જતન કરો. ગીતાને તમારા રક્તમાં વહાવો અને શ્વાસની સાથે ભેળવી દો. ગીતાના માર્ગદર્શન પ્રમાણે વિચારો, તમારી વાણીને પ્રેરણા આપો અને તમારાં કર્મો પર શાસન કરો. પછી ગીતા તમને પરમઆનંદ આપશે, અનંત જીવન આપશે અને પૂર્ણ શાંતિ આપશે. જીતવાનું એ મહાનતમ ઇનામ છે ! તે તમને ઇચ્છાઓથી મુક્ત કરી દેશે. જ્યાં સુધી તમે ક્ષુદ્ર ઇન્દ્રિયોનાં સુખો માટે દોડતા રહેશો, ત્યાં સુધી તમે સર્વોચ્ચ તૃપ્તિ શું છે, તે નહિ જાણી શકો.

**વિહાય કામાન્યઃ સર્વાન્પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ ।**
**નિર્મમો નિરહંકારઃ સ શાન્તિમધિગચ્છતિ ।૨/૭૧**

'જે (પુરુષ) સર્વ કામનાઓ ત્યજી નિઃસ્પૃહ, મમતારહિત અને અહંકારરહિત થઈ વિચરે છે, તે શાંતિ પામે છે.'

આને હંમેશાં યાદ રાખો. અહંથી મુક્ત થઈ જાઓ, મમતા અને ઈચ્છાઓથી છુટકારો પામો. પછી અંતે તમને સૌથી મોટાં દુઃખો પણ અસર નહિ કરી શકે. ભગવાન આ ઈનામ તમને પ્રદાન કરે છે. આવો, કમર કસો, આ ઈનામ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરો. જ્યાં સુધી આ પુરસ્કાર તમને નહિ મળે ત્યાં સુધી નિરંતર કર્મ કરો. એક ક્ષણ પણ બગાડો નહિ. જાગ્રત રહો. તમારી જાતનું માયાથી રક્ષણ કરો. ગતિશીલ વૈરાગ્ય કેળવો. ભગવદ્‌ગીતાનો યોગ એ એક કળા છે. તમારે હંમેશાં કાર્યરત રહેવું જોઈએ; અને એ જ વખતે તમને અંદરથી લાગવું જોઈએ કે તમે અકર્તા અને અભોક્તા છો. તમારે બધામાં ઊંડો રસ લેવો જોઈએ, છતાં તમે પૂર્ણ રીતે અનાસક્ત હોવા જોઈએ. જળમાં કમળની માફક તમારે કર્મરત રહેવું જોઈએ. તમને લાગવું જોઈએ કે ભગવાનની સર્વોચ્ચ શક્તિ અહીં બધું કરી રહી છે. આપણે બધાં તેમનાં સાધનો છીએ. સર્વમાં રહેલા ભગવાનની સેવામાં તમારા હાથને જોડી દો. તમારા મનને ભગવાનની ભવ્યતાના વિચારમાં જોડી દો. તમારી બુદ્ધિને વિવેકપૂર્ણ બનાવો અને તમારો આત્મા ભગવાન સાથે એકાત્મતા અનુભવવો જોઈએ. એ યોગ છે. 'યોગી' એ નિષ્ક્રિય સ્વપ્નદ્રષ્ટા નથી, જડ પથ્થર નથી. હવાઈ કિલ્લા બાંધવા એ ભગવાને કહેલો 'યોગ' નથી. સંપૂર્ણ વિશ્વના માલિક ભગવાન સ્વયં તેમના ઉપદેશો પ્રમાણેનું ઉદાહરણ બનવા સદાય 'સેવા'માં રત રહેતા હતા. પ્રિય મુમુક્ષુઓ! આ પ્રપંચને છોડી દો, સેવામાં ડૂબી જાઓ. તમારા રોજિંદા પ્રભાતકાલીન ધ્યાનમાં નિયમિત બનો. અનંતની સાથે એકતાર થવું એ શું છે, તે તમે સમજી શકશો. તમે સમજી શકશો કે આત્મસુખ શું છે અને અંદરનો આનંદ શું છે. ધ્યાન તમને જે શાંતિ અને આનંદ આપે છે, તેની નોંધ કરો. આ શાંતિ અને આ આનંદ તમારે સઘન પ્રવૃત્તિમાં રહીને પણ આખા દિવસ દરમિયાન માણવો જોઈએ. સવારના ધ્યાનમાં તમારા હૃદયમાં જોયેલા ભગવાનને, તમારે દિવસની પ્રવૃત્તિ દરમિયાન સર્વ ચહેરાઓમાં જોવા જોઈએ, એ જ 'યોગ' છે. તે સર્વોચ્ચ પુરસ્કાર છે. તમારા જીવનના જીવનરૂપે તમારા હૃદયમાં રહેલા ભગવાન સંપૂર્ણ વિશ્વમાં સર્વના આત્મા તરીકે વ્યાપીને રહેલા છે. તેથી બધાની સેવા કરો, જેથી આ અનુભૂતિ તમારા અસ્તિત્વના દરેક કોષમાં પ્રવેશી જશે. અહીં વાસુદેવ સિવાય અન્ય કશુંય અસ્તિત્વ ધરાવતું નથી-**'વાસુદેવઃ સર્વમ્ ।'** બધાને પ્રેમ કરો, જેથી તમે પરાભક્તિમાં તે પ્રભુ સાથે એકાત્મતા અનુભવશો. તમારાં શરીર, મન અને ઈન્દ્રિયોના બધા વિચારોને ત્યાગી દો. તે સર્વોચ્ચ વૈશ્વિક અસ્તિત્વમાં આશ્રય લો. તે તમને અહીં અને અત્યારે મુક્ત કરી દેશે. ભય ન રાખો. તમારા મનને હંમેશાં પ્રભુની ઉપર સ્થિર રાખો, તમે જાણો કે તમે બધામાં પ્રેમ કરીને તેમને જ પ્રેમ કરો છો. બધામાં રહેલા ભગવાનની સેવા કરો. વિશ્વનાં બધાં જ પ્રાણીઓમાં વ્યાપીને રહેલા સર્વશક્તિમાન પરમાત્માને નમન કરો. હવે તમે ભય, દુઃખ, પીડા અને દિલગીરીથી મુક્ત થઈ ગયા છો. તમે નિઃશંક આ જ જન્મમાં તેમને પામી જશો. તમે હમણાં અને અહીં જીવનમુક્ત બની જશો. તમારા સર્વની ઉપર ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ ઊતરો! તમે આ જ જન્મમાં સ્થિતપ્રજ્ઞ તરીકે પ્રકાશો!

## (૧૨) પૂર્ણતા - જીવનનો કાનૂન :
### (૧૯૫૩માં ગીતાજયંતીનો દિવસ)

પ્રકાશનાં સંતાનો ! તમારા સૌની ઉપર શાંતિની વર્ષા થાઓ! તમારા સર્વ પ્રયત્નો દિવ્ય પ્રકાશથી ઝળહળો અને સત્ય માટેની તમારી મહત્ત્વાકાંક્ષા પૂર્ણ થાઓ!

ભગવદ્‌ગીતા સત્યના સ્વભાવ, આકાંક્ષાઓનાં લક્ષણો અને સત્યના અનુભવ તરફ દોરી જતા પ્રયત્નો ઉપરનો બોધ છે. સાચે જ તે ઉપનિષદોનું સત્ત્વ છે અને

સ્વયં પણ એક ઉપનિષદ છે. તે વાસ્તવિકતાનું વિજ્ઞાન, યોગની કળા, જીવનનું તત્ત્વજ્ઞાન અને મનુષ્યનો ધર્મ છે. મનુષ્ય ભગવાન તરફ પાછો વળે, તેની પદ્ધતિના મહાન શિક્ષણનો તેમાં સારરૂપ બોધ છે; એક અંશનું પૂર્ણમાં ભળી જવાનું જ્ઞાન છે, અમર આનંદ અને જ્ઞાનનો ભંડાર છે. શ્રીકૃષ્ણ ભગવાને ગીતા પ્રબોધી છે અને શ્રીવ્યાસે તે લખી છે - કેવું ભવ્ય સાધન છે! પરમાત્માનાં બે સ્વરૂપોએ તેમના આત્માનું ગીતામાં શબ્દરૂપે અવતરણ કરીને ગીતાને ભગવાનનું મૂર્ત સ્વરૂપ બનાવી દીધું છે. શ્રીકૃષ્ણ અને વ્યાસનાં શક્તિ અને જ્ઞાનનું જોડાણ થયું અને તેના પરિણામે શાશ્વત સુખનું અવતરણ થયું. તે સુખને પામવા માટે મનુષ્યે સૌપ્રથમ યોગાગ્નિમાંથી પસાર થઈ સોનાની માફક ચમકવું પડશે. સર્વશ્રેષ્ઠ યોગી શ્રીકૃષ્ણ, યોગીનું શાસ્ત્ર-રાજગુહ્ય બ્રહ્મવિદ્યા આપે છે.

**પ્રકૃત્યૈવ ચ કર્માણિ ક્રિયમાણાનિ સર્વશઃ ।**
**યઃ પશ્યતિ તથાત્માનમકર્તારં સ પશ્યતિ ॥ ૧૩/૨૯॥**

'જે (મનુષ્ય) સર્વ પ્રકારનાં કર્મોને પ્રકૃતિ દ્વારા જ થતાં જુએ છે અને આત્માને અકર્તા જુએ છે, તે જ યથાર્થ જુએ છે.'

યોગના અભ્યાસની તથા આધ્યાત્મિક સાધનની યુક્તિ અહીં આપવામાં આવી છે. એ સાધના શરીરથી કરવાની નથી, પરંતુ વ્યક્તિના ચારિત્ર્યને નિશ્ચિત કરનાર આંતરિક ચેતનાથી કરવાની છે. શારીરિક ક્રિયા તો બધાં પ્રાણીઓમાં નાડીઓના ધબકારારૂપે આપોઆપ વ્યક્ત થતું વૈશ્વિક આંદોલન બની જાય છે, જ્યારે મૂળ બાબત પર આધારિત અંતરજ્ઞાનના અનુભવમાં અવિનાશી તત્ત્વ સીધેસીધું ઓળખાઈ જાય છે. વિસંવાદ કુમેળ, ભૂલ, વિરૂપતા અને એવી ખુલ્લેખુલ્લી રજુઆતો દેખીતી રીતે વિશ્વની વ્યવસ્થિત એકતા અને સંવાદિતાને નકારતી જણાય છે, છતાં અંશરૂપ ચેતનાનો (જીવનો) અનંત આત્મામાં સ્થિત થવા માટે તે જરૂરી અને અવિરોધી વિકાસનો તબક્કો છે, એમ સમજાય છે. આ દિશામાં પ્રયત્ન કરવા માટે મનુષ્ય પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે. આધુનિક માનવ જ્યાં બધી ભૌતિક સુવિધાઓ છે, તે આકાશમાં ઊડવાનું અને જળમાં તરવાનું જાણે છે; પરંતુ તેનામાં પૂર્ણતાની બુદ્ધિ હોવા છતાં તેણે સમત્વ કેવી રીતે જાળવવું અને એક 'મનુષ્ય' તરીકે કેવી રીતે વર્તવું, તે શીખવાનું છે. મનુષ્યમાં એ શક્તિ રહેલી છે, જેનાથી સત્યના પ્રકટીકરણનો પ્રારંભ મનુષ્યજન્મમાં થાય છે. આત્માનુભવની વિશ્વવ્યાપકતા તરફના પોતાના આરોહણમાં તેના પૃથ્વી પરના રોજિંદા જીવનમાં તેના પૃથ્વી પરના બીજા બંધુજનો સાથેના સંબંધમાં આ જ સ્થળ-કાળના ક્રમમાં તે શક્તિનો ઉપયોગ કરવો કે ન કરવો તે મનુષ્યના હાથમાં છે. એ માટે મનુષ્ય તેના 'મનુષ્ય' તરીકેના સ્થાનને જાણવું જોઈએ. આ બ્રહ્માંડમાં વસ્તુઓ વચ્ચે રહસ્યાત્મક સંબંધ રહેલો છે, જે યંત્રવત્ તત્ત્વજ્ઞાન દ્વારા પરિચયમાં આવતા સંબંધ કરતાં વધુ છે. વૈશ્વિક પારસ્પરિકતાનો કોયડો અંતિમ નિર્ણાયકતાના સિદ્ધાંત (Finalism)થી પણ ઉકેલી શકાતો નથી. મનુષ્ય અને ભગવાન વચ્ચેનો સંબંધ યાંત્રિક નથી. આનું અનુભવાતીત માનસિક ચિત્ર ઘડવામાં આખરી સીમાઓના આશ્રય દ્વારા અથવા મૂળભૂત હેતુઓ દ્વારા ભગવાન અને મનુષ્યનો સંબંધ સમજવાનો પ્રયત્ન પણ પૂરતો ન થઈ શકે. ઐન્દ્રિક અનુભવના જગતમાં કાર્ય-કારણનો સિદ્ધાંત અને તર્કની રીત સીધેસીધી કામ લાગતી નથી. સ્થળ-કાળના સાતત્યમાં બંધાયેલા બાહ્ય જગતની સાચી સમજણ મેળવવા તર્કશાસ્ત્ર અને બુદ્ધિના નિયમો ઘણા સારા છે અને કદાચ એ વિશ્વાસપાત્ર સાધન છે; પરંતુ આ રીતો જીવ (અંશ) અને પરમાત્મા (અંશી) વચ્ચેના પ્રચંડ સંબંધના પ્રકારની ઊંડાઈ માપવામાં સંપૂર્ણ નિષ્ફળ જાય છે. બ્રહ્માંડની કોઈ પણ એક પરિસ્થિતિ તપાસો; તે એક દર્પણ છે, જેમાં આખા વિશ્વની પરિસ્થિતિ પ્રતિબિંબિત થાય છે. પૂર્ણનો એક અંશ પૂર્ણના નિયમનું પ્રતિનિધિત્વ કરે છે; એ બતાવે છે કે સમજવામાં અને કર્મ કરવામાં ડાહ્યા માણસે સંપૂર્ણ બ્રહ્માંડની પરિસ્થિતિ તથા એક મનુષ્યના બ્રહ્માંડીય પર્યાવરણના બીજા મનુષ્ય સાથેના સાચા સંબંધને ધ્યાનમાં લેવાં જોઈએ. આ સત્યને ભારપૂર્વક

સમજવા ભગવદ્ગીતાએ તેના બુદ્ધિયોગ અને તેનો કર્મ કરવામાં જ્ઞાનપૂર્ણ ઉપયોગ કરવા પર ભાર દીધો છે. એકનું (વ્યષ્ટિનું) જ્ઞાન ઘણામાં (સમષ્ટિમાં) અને સમષ્ટિનું જ્ઞાન એકમાં (વ્યષ્ટિમાં) - એવા અનુભવોની હારમાળાના સર્વોચ્ચ જ્ઞાન ઉપર ગીતા લક્ષ આપે છે. કારણ કે એક સર્વગ્રાહી કર્મનું ગ્રહણ વ્યષ્ટિ અને સમષ્ટિ બંને એકસાથે કરે છે. સર્વજ્ઞતાની આ સ્થિતિ પરમાત્મામાં અચળ શ્રદ્ધાથી પમાય છે, ગણિત જેવી બૌદ્ધિક રીતથી નહિ. જ્યારે આ જ્ઞાન સહિત આપણાં કર્મો થાય, ત્યારે આપણે કર્મયોગી બનીએ છીએ. જ્યારે આપણાં કર્મો આ જ્ઞાનથી તરબોળ હોય, ત્યારે આપણે જ્ઞાનયોગી બનીએ છીએ. વ્યષ્ટિનું કર્મ સમષ્ટિ સાથે જોડાયેલું છે, એવા જ્ઞાન તરફ આપણે સહજ પ્રેરણાથી આકર્ષાઈએ અને તેને ચાહીએ, ત્યારે આપણે ભક્તિયોગી છીએ. ગીતા બધાં જ દૃષ્ટિબિંદુઓને ધ્યાનમાં રાખીને બોલે છે; કારણ કે તે પરિપૂર્ણતમ પરમાત્મા શ્રીકૃષ્ણની સ્પષ્ટ અને અનોખી રીતે બોલાયેલી વાણી છે. શ્રીકૃષ્ણ જ્ઞાનની મૂર્તિ હતા, તે વૈવિધ્યભર્યાં કર્મો કરનારી સર્વતોમુખી પ્રતિભા ધરાવતા હતા, તે એક મહાન યોગી હતા અને અસીમ પ્રેમનું કેન્દ્ર હતા. શ્રીકૃષ્ણને રચનાત્મક અનુકરણીય આદર્શ ગણવા જ જોઈએ, તેમને ભગવદ્ગીતાના ભાવના યથાર્થ મૂર્તસ્વરૂપ સમજવા જ જોઈએ, જેથી તેમની ગીતાવાણીને અનુસરી શકાય. ભૌતિક પરિબળોથી અંધ બનેલો માનવી વસ્તુઓના સત્યને જોતો નથી. રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ પરમોચ્ચ અને તર્કથી તોડી ન શકાય તેવા સત્ય પર આધારિત હોવી જોઈએ કે - જ્યાં સુધી આત્માની નિરપેક્ષ પૂર્ણતા સિદ્ધ ન થાય, ત્યાં સુધી મનુષ્યે ઉચ્ચથી ઉચ્ચતર આત્માનુભૂતિમાં ઉત્ક્રાંતિ કરવી જોઈએ. ચેતનાના અંતઃપ્રવાહ વિના જીવન વેરાન બની જાય છે અને 'જીવન' નામની સાર્થકતા રહેતી નથી. જો આ વાત ભુલાઈ જાય તો જીવનની પ્રવૃત્તિ નિરર્થક બની જાય છે, તે આત્મઘાત સમાન છે. આધ્યાત્મિક વાસ્તવિકતામાં નિરપેક્ષ એકતાના આ શાશ્વત આહ્વાનને ન સાંભળવાનું પરિણામ 'દુઃખ' છે. મનુષ્ય જ્યારે નિરપેક્ષ સત્યના કાયદા સાથે સુમેળ રાખે, ત્યારે જ દુઃખને ટાળી શકાય છે.

હે માનવ! તારી આંખો ખોલીને તારી મૂર્ખતાને જો! તું પુષ્કળ શાંતિ શોધે છે, પરંતુ ખોટા માર્ગે; જેના પરિણામે તે તું મેળવી શકતો નથી. હે માનવ! તારા જીવનના સમગ્ર ક્ષેત્રમાં પરમાત્માના સંપૂર્ણ વ્યક્ત સ્વરૂપને તારે ભેટવાનું છે, જેની તરફ તું ગતિ કરી રહ્યો છે. જ્યારે તું તે જાણીશ અને આ જ્ઞાન પ્રમાણે તું યોગી બનીશ ત્યારે તું ભગવદ્ગીતાનો સાચો શિષ્ય બનીશ. આજે જ તું આ વૈશ્વિક ઉપદેશના ભાવનું અનુસરણ કરવા ગંભીરપણે નવપ્રસ્થાન કર અને તારી અને વિશ્વની શાંતિના અવતરણ માટે તેના ઉપદેશનું આચરણ કર.

### (૧૩) પૂર્ણબ્રહ્મ-યોગ :
### (૧૯૫૪માં ગીતાજયંતીનો દિવસ)

હે સત્યના શોધક! ભગવાનના આશીર્વાદ તમારા સૌની ઉપર ઊતરો! ગીતાજયંતીની ઉજવણી દ્વારા તમારા માટે જીવનનો નવો અધ્યાય શરૂ થાઓ! આ ઉજવણી તમારા માટે શાશ્વત ભગવાન શ્રીકૃષ્ણના સ્મરણમાં અંતઃચૈતન્યનો આનંદ લેવાના પ્રસંગરૂપ બનો! કારણ કે આ સર્વશ્રેષ્ઠ આશીર્વાદ છે, જેની મનુષ્ય અહીં આશા રાખી શકે. ભગવદ્ગીતા મનુષ્યના સંપૂર્ણ અસ્તિત્વને અસર કરે છે. તે પૂર્ણ-બ્રહ્મ-યોગ અર્થાત્ આત્માના પરમાત્મા સાથેના યોગનો ઉપદેશ છે. તે પરમ આત્માના સાક્ષાત્કારનો માર્ગ છે, જે વિશ્વવ્યાપી છે અને તે એવું સર્વોચ્ચ સત્ય છે, જે ઇન્દ્રિયો અને સમજથી પર એવા રાજ્યથી પણ પર છે. ઇન્દ્રિયાતીત પ્રોન્નત તત્ત્વની સિદ્ધિ મેળવવા, મનુષ્યની માનવીય પ્રવૃત્તિનું યૌગિક શિસ્તમાં રૂપાંતર કરવા તથા જીવનને દિવ્ય તત્ત્વ ઉપર નિરંતર ચિંતન કરતું બનાવવાનો ભગવદ્ગીતાનો સંકલ્પસ્ત આદર્શ છે. જીવનના કર્મનો આધાર ભગવાને નીચેના શ્લોક દ્વારા પ્રકટ કરેલું સત્ય હોવો જોઈએ.

**મત્તઃ પરતરં નાન્યત્કિઞ્ચિદસ્તિ ધનઞ્જય ।**
**મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઇવ ॥૭/૭॥**

'હે ધનંજય ! મારાથી અધિક શ્રેષ્ઠ બીજું કંઈ

નથી; દોરામાં મણકાઓના સમૂહની પેઠે આ સર્વ મારામાં પરોવાયેલું છે.'

મનુષ્ય જીવે છે, ફરે છે અને તેનું અસ્તિત્વ ભગવાનમાં છે; અને આ સભાનતા જાળવવા માટે જગતમાં જે કર્મો તેને કરવા માટે નિશ્ચિત થયેલાં છે, તે કરવાની કળા ગીતાએ વિવિધ રીતે બતાવી છે; અને આ જ ભગવદ્‌ગીતાનો યોગ છે. પગ ધરતી ઉપર અને મસ્તક સ્વર્ગમાં રાખીને કર્મ કરવાની કળા શ્રીકૃષ્ણે તેમના અવતારી જીવનકાળ દરમિયાન આચરીને ઉદાહરણરૂપે બતાવી છે, જે દ્વારા તેમણે યોગીનો શ્રેષ્ઠ આદર્શ સ્થાપિત કર્યો છે. ગીતા-યોગનો અભ્યાસ કરવા માટે શ્રીકૃષ્ણનું રચનાત્મક અનુસરણ કરવું જોઈએ.

આ યોગનું અજોડ લક્ષણ એ છે કે તે માનવના વ્યક્તિત્વને બધી બાજુએથી આંબી જવાની યુક્તિ છે; અને ગીતાના યોગના કોઈ પણ પાસાનું સાચું અને સંપૂર્ણ આચરણ બીજાં પાસાંનું પણ આચરણ સમાંતર રીતે કરાવી દે છે. ભગવાન દરેક મનુષ્ય પાસે અપેક્ષા રાખે છે કે તે જે પરિસ્થિતિઓને પરવશ છે, તેની માગ પૂર્ણ કરવા તેણે તેના વ્યક્તિત્વની અંદર રહેલી અનુભવાતીત વાસ્તવિકતાનો આશ્રય લઈ શક્તિમાન થવું જોઈએ. શ્રેષ્ઠ યોગી તે છે, જે તેની અંદર રહેલા શાશ્વત શ્રીકૃષ્ણ સાથે જોડાયેલો રહે, સામાન્ય મનુષ્ય તરીકે જીવે, જગતમાં સર્વના ભલા માટે કામ કરતો રહે, લોકસંગ્રહ કર્યા કરે તથા પૂર્ણતાના માર્ગ પર અજ્ઞાની બની રહે. સાચો યોગી બાળક સાથે બાળક, યુવાન સાથે યુવાન, પ્રૌઢ સાથે પ્રૌઢ, જ્ઞાની સાથે જ્ઞાની તથા આનંદી સાથે આનંદી થઈને રહે. તેને કચડાયેલાઓની દયા આવે છે, તે પીડાયેલાઓની અને જરૂરિયાતવાળાઓની સેવા કરે છે; તે ભાગ્યવાન લોકો સાથે મૈત્રી રાખે છે અને સદાચારીઓ સાથે સુખી થાય છે. તે બીજાઓના ચારિત્ર્યથી પ્રભાવિત થતો નથી, એટલું જ નહિ, બીજા લોકો પણ તેનાથી દૂર ભાગતા નથી. શ્રીકૃષ્ણ માનવને આખા વિશ્વ સાથે મિત્રતાનો વ્યવહાર કરવાની સલાહ આપે છે; કારણ કે વિશ્વ એ વિરાટ પ્રભુનું શરીર છે. બધી ભિન્નતાઓને નીચેના શ્લોકો પ્રમાણે એકતા પર આધારિત જાણવી.

**પ્રકૃત્યૈવ ચ કર્માણિ ક્રિયમાણાનિ સર્વશઃ ।**
**યઃ પશ્યતિ તથાત્માનમકર્તારં સ પશ્યતિ ॥૧૩/૨૯॥**

'જે (મનુષ્ય) સર્વ પ્રકારનાં કર્મોને પ્રકૃતિ દ્વારા જ થતાં જુએ છે અને આત્માને અકર્તા જુએ છે, તે જ યથાર્થ જુએ છે.'

જ્યારે માણસમાં આ જ્ઞાન આવે છે, ત્યારે પોતાના આત્માની અન્યથી અલગપણાની ધારણાથી મુક્ત થઈ જાય છે અને તે પોતાનું ભલું અને અન્યનું ભલું એક જ સમજે છે. વ્યક્તિગત, સામાજિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક ભલું એવા માણસ માટે સમાન જ છે; કારણ કે સાચી રીતનું ભલું વ્યક્તિએ વ્યક્તિએ અલગ હોતું નથી, ભલે પછી ચેતનાના પ્રકટીકરણની કક્ષાઓ જુદી જુદી હોય. સાપેક્ષતાએ નિરપેક્ષતાનું સમર્થન કરવું જોઈએ, ભલે પછી સાપેક્ષ, નિરપેક્ષ કરતાં તેના વ્યક્ત થવાનાં લક્ષણોથી જુદું હોય, માણસે ભગવાનના ન્યાયના નિયમને આધીન રહેવું જોઈએ. આ પ્રકારનું જીવન એ યોગ છે. હે માનવ ! ધરતી પર ધર્મ અને યોગ વિચિત્ર વસ્તુઓ છે તથા ધરતી પર સામાન્ય તંદુરસ્ત જીવન સાથે સંબંધિત નથી એવું માની લઈ તું કુમાર્ગે ન જા. આવો ખોટો ખ્યાલ ઉત્પન્ન થવાનું કારણ એ છે કે તને તારા ભગવાન અને વિશ્વ સાથેના સાચા સંબંધનું તને જ્ઞાન નથી. તું વિચારે છે કે તું વિશાળ કિનારા પરના કાંકરા જેમ એકબીજાથી અલગ હોય, તેમ અન્યથી અલગ છે. ના, તું જીવનવાળાં અને જીવના ભલા માટે કર્મ કરતાં પ્રાણીઓનો એક ભાગ છે. એ જીવ 'વિશ્વ' છે. જેમ આખું શરીર નિરામય ન હોય, તો તેનો એક કોષ પણ તંદુરસ્ત નથી, તે રીતે જ્યાં સુધી તું વિશ્વની ભલાઈ માટે કામ નહિ કરે ત્યાં સુધી તું સુખશાંતિને નહિ પામી શકે. શ્રીકૃષ્ણના ભારપૂર્વકના વિધાનનો આ આંતરિક અર્થ છે : **'મામેકં શરણં વ્રજ ।'** - 'માત્ર મારા જ શરણે આવ'; કારણ કે અહીં શ્રીકૃષ્ણ ભગવાન તરીકે બોલે છે. તેનો અર્થ એ છે કે મનુષ્યે વૈશ્વિક જીવનમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા પરમપુરુષ બનવાની મહેચ્છા સેવવી જોઈએ. જ્યાં સુધી સર્વવ્યાપી શ્રીકૃષ્ણની વેદી પર અહંકાર અને વૈયક્તિકતાનો ભોગ આપવામાં નહિ આવે, ત્યાં સુધી માણસ દેહ સાથે બંધાયેલો માણસ જ રહેશે. યોગ એ

સાચા જીવનનું વિજ્ઞાન છે. તેને કોઈ પણ ધાર્મિક માન્યતા, પરંપરાથી ચાલતી આવેલી શ્રદ્ધા, રંગ કે ધંધા સાથે સંબંધ નથી. યોગ પૌર્વાત્ય કે પાશ્ચિમાત્ય નથી, તે તો જગતનો છે અને સામાન્ય રીતે તે આખી માનવતાનો છે. શ્રીકૃષ્ણ એ માત્ર હિંદુ-દેવ નથી; તે અંદરની વાસ્તવિકતાના પ્રતિનિધિ છે, જે દરેકની અંદર કોઈ પણ પ્રકારના ભેદ વિના રહેલા છે. ગીતા એ માત્ર આર્યોનું શાસ્ત્ર નથી, પરંતુ દિવ્ય જીવનનો ઉપદેશ છે. તે યોગીનું શાસ્ત્ર છે અને મનુષ્ય જીવનના દરેક પગલે અને કક્ષાએ યોગી બની શકે છે; કારણ કે 'યોગ' કક્ષાઓનો સ્વીકાર કરે છે. જે મનુષ્ય યોગ માટે ઉત્કટ ઈચ્છા રાખે છે તે માનવીય ચારિત્ર્યના સામાન્ય નિયમોથી અને ધાર્મિક વિધિઓથી પર થઈ જાય છે.

**પૂર્વાભ્યાસેન તેનૈવ હ્રિયતે હ્યવશોઽપિ સઃ ।**
**જિજ્ઞાસુરપિ યોગસ્ય શબ્દબ્રહ્માતિવર્તતે ॥૬/૪૪॥**

'તે જ પૂર્વના અભ્યાસને લીધે તે અવશ્ય યોગ પ્રત્યે ખેંચાય છે. આ યોગનો જિજ્ઞાસુ પણ (સકામ વૈદિક કર્મો કરનારની સ્થિતિને) શબ્દબ્રહ્મને ઓળંગી જાય છે.' યોગનું લક્ષ્ય પોતાના અસ્તિત્વ અને ચેતનામાં વિશાળ અને ઊંડા બનવાનું છે અને આ જ ધ્યેય મનુષ્યના જીવનનું પણ છે. ગીતાજયંતીની ઉજવણી તમારા સર્વની અંદર થાઓ. ભગવદ્‌ગીતાના વૈશ્વિક યોગની ચેતનાનું ઉત્થાન તમારા સર્વમાં થાઓ. તમે બધા અંતર્યામી ઈશ્વરની હયાતીને ઓળખો અને તેમને તમારાં હૃદયમંદિરોમાં સ્થાપવા પ્રયત્ન કરો. ભગવદ્‌ગીતાની ચાલુ કોમેન્ટ્રી તમારા હૃદયમાં રહો. આત્મસાક્ષાત્કારના તમારા સર્વ પ્રયત્નો સફળ થાઓ.

## (૧૪) આધુનિક જગતને ભારતનો સંદેશઃ
## (૧૯૫૫માં ગીતાજયંતીનો દિવસ)

જ્ઞાનના શાશ્વત પ્રકાશ-શ્રીકૃષ્ણને અનેક પ્રણામ!

જો ક્યારેય જગતને ભગવદ્‌ગીતાના સંદેશની જરૂર પડી હોય, તો તે અત્યારે પડી છે. જ્યારે માનવતા ચાર-રસ્તે ઊભી છે અને ભારત સ્વતંત્ર અને જ્ઞાની થયું છે, ત્યારે આ જગતના રંગમંચ પર ગીતા પુનઃ ભાગ ભજવી રહી છે. ભારતે શ્રીકૃષ્ણની ભૂમિકા ભજવીને માનવજાતને જ્ઞાનપ્રકાશથી ઝળહળાવવાની છે. અહંકાર, સ્વાર્થ, લોભ; સત્તા, કીર્તિ અને હોદ્દો પ્રાપ્ત કરવાની લોલુપતા એ બધાં અંધકારનાં પરિબળો છે, તેમણે માનવજાત ઉપર હુમલો કર્યો છે, તેની દૃષ્ટિને ઘેરી લીધી છે, તેની બુદ્ધિને ગૂંચવી દીધી છે અને તેને આત્મઘાત તરફ અભિમુખ કરી છે. પ્રગતિ પામેલા વિજ્ઞાને કરેલા પાપના પ્રતાપે યુદ્ધને ન ટાળી શકાય તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે, જે ભયંકર વિનાશ વેરી શકે તેમ છે. જે લોકો યુદ્ધનું કારણ બને છે, તેમનો તો વિનાશ તેઓ સ્વયં વહોરે જ છે, પરંતુ સાથે સાથે જે લોકો સંપૂર્ણ નિર્દોષ છે, તેમની પણ ભયંકર હાનિ થાય છે. આજના જગતને શ્રીકૃષ્ણ શું સંદેશ આપે? 'ઊભો થા, ઓ માનવ! કમર કસી લે, કાયર ન બન. શાંતિના આ અંતઃશત્રુઓની નિર્દય રીતે કતલ કર. એ શત્રુઓ આ રહ્યા : કામ, ક્રોધ અને લોભ. તેમનો તથા સર્વ ઈચ્છાઓનો ત્યાગ કરી, સર્વને આત્મવત્ પ્રેમ કરી અને સર્વ જીવોના ભલા માટે કામ કરી તું શાશ્વત જીવન, અખંડ શાંતિ અને અક્ષુબ્ધ આનંદને પ્રાપ્ત કરીશ.' તારો કોઈ શત્રુ તારી બહાર નથી. અંદર તરફ દૃષ્ટિ નાખ. માયાના હાથમાં સૌથી બળવાન સાધન હોય, તો તે છે માનવનું રહસ્યમય મન. આ માયા સર્વને ભ્રમમાં નાખે છે અને તારો દુષ્ટતમ શત્રુ છે. તમારું યુદ્ધ આ કે તે રાષ્ટ્ર સાથે નથી, આ કે તે જાતિ સાથે નથી, આ કે તે ધર્મ સાથે નથી, પરંતુ યુદ્ધ તો અંદર રહેલા શત્રુઓ સાથે છે. તો પછી ઊઠો અને એ મનરૂપી શત્રુ પર વિજય મેળવવાનો પ્રયત્ન કરો. એક વાર તે પવિત્ર બને અને તમારા સંપૂર્ણ અધિકારમાં આવે, તો તે તમારો સૌથી સારો મિત્ર બની જશે. તમે શાંતિનો અનુભવ કરશો અને શાંતિનું વિકિરણ કરશો. બધાં જ રાષ્ટ્રોના નેતાઓએ સૌ પ્રથમ આ અંતઃશાંતિ પ્રાપ્ત કરવી જોઈએ અને તે પછી જ તે શાંતિનો ફેલાવો કરી શકશે. શાંતિ માટે કામ કરો અને પૃથ્વી પર શાંતિની સ્થાપના કરો. મનને પવિત્ર કરવા માટેનો શ્રેષ્ઠ ઉપાય નિષ્કામ સેવા છે. સ્વાર્થરહિત સેવા એવું માદળિયું છે, જે મનમાંથી નકારાત્મક વિચારો અને વલણોને તરત જ હાંકી કાઢે છે. જો કોઈ સ્વાર્થ છોડીને, બદલામાં કંઈ મેળવવાની અપેક્ષા વિના સેવા કરે અને એમ માને કે ભગવાન તેના દ્વારા કાર્ય કરી રહ્યા છે અને તે તેમના હાથનું માત્ર ઉપકરણ છે; તો આ જ ક્ષણે, અહીં અને અત્યારે

તેને આત્માના જ્ઞાનનો પ્રકાશ લાધશે અને તે મુક્ત થઈ જશે, એ વાતમાં કોઈ શંકા નથી. તમે સૌ ભગવદ્‌ગીતાના યોગનું આચરણ કરો અને આ જ જન્મમાં, આ જ સેકંડે સ્થિતપ્રજ્ઞ તથા જીવનમુક્ત બનીને વિચરો. પૃથ્વી પર શાંતિ હો !

## (૧૫) કર્મયોગનો ઉપદેશ :
## (૧૯૫૬માં ગીતાજયંતીનો દિવસ)

હે સત્યના શોધકો! ભગવદ્‌ગીતા એ પરમાત્માનો સમસ્ત માનવજાત માટેનો સંદેશ છે. તેનો હેતુ નિદ્રામાં પડેલી જીવ-ચેતનાને જગાડી દિવ્ય તેજ અને ભવ્યતાની અંતિમ ઊંચાઈ પર લઈ જવાનો છે. માનવની મુશ્કેલી યથાર્થ જીવનશક્તિ અને સર્વ જીવોના જીવન સાથેના સંબંધોના અસ્તિત્વ ધરાવતા સિદ્ધાંત વિશેના ભૂલભરેલા ખ્યાલોમાં રહેલ છે. ગીતા મહાન સત્ય રજૂ કરે છે કે કોઈ પણ જગાએ દિવ્ય સત્ત્વથી અન્ય કશું જ જોવા મળશે નહિ.

**મત્તઃ પરતરં નાન્યત્કિઞ્ચિદસ્તિ ધનઞ્જય ।**
**મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઈવ ॥૭/૭॥**

'હે ધનંજય! મારાથી અધિક શ્રેષ્ઠ બીજું કંઈ નથી; દોરામાં મણકાઓના સમૂહની પેઠે આ સર્વ મારામાં પરોવાયેલું છે.'

જો આ સત્ય છે, જો માનવતાના ભગવાન જગતના ભગવાન હોય, જો તે બધી જ વસ્તુઓમાં સર્વવ્યાપી છે અને એક જ સમયે સર્વોત્તમરૂપે રહે છે, તો પછી આપણા અસ્તિત્વનું તાત્પર્ય, આપણા જ્ઞાનમાં આવતા પદાર્થોનું દ્રવ્ય, આપણી પાસે વસ્તુઓનું જે જ્ઞાન છે તે, અંતિમ વાસ્તવિકતા (પરમાત્મા)થી જુદાં પાડી શકાય તેવાં ન હોઈ શકે. પછી મનુષ્યનું સ્વાર્થમય જીવન તેનો આધાર ગુમાવી દે છે અને તેની અંદરની સત્તાને ભૂલીને તે પોતાના પગ નીચેની ધરતીને ભેદી રહ્યો છે. કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ સ્વાર્થમય જીવન સુખમય બનાવી ન શકે. કારણ કે તે કાયમી સુખની સિદ્ધિના સિદ્ધાંતથી વિરુદ્ધ છે. જોકે સુખ મેળવવામાં સ્વાર્થીપણું રહેલું છે, પણ તે સુખ આપી શકતું નથી; કારણ કે તે જ્યારે સુખ શોધવામાં આવે છે ત્યારે સુખના સ્રોતથી વિમુખ થઈ જાય છે. માનવીય પ્રવૃત્તિ નિરંતર સુખની પ્રાપ્તિ માટેના વ્યક્તિના સંઘર્ષનું નાટકીય પ્રદર્શન છે; પરંતુ આ સંઘર્ષ અને પ્રયત્ન નીચેનાં કારણોને લીધે નિષ્ફળતા અને નાશમાં પરિણમે છે :

**૧. નાશવંત વસ્તુઓમાંથી સુખ મળશે એવી ભ્રામક શ્રદ્ધા.**

**૨. માનવીની પોતાના બળમાં અને પોતે સ્વતંત્ર હોવામાં શ્રદ્ધા તથા દિવ્ય તત્ત્વની શાશ્વત હાજરીનો આડકતરો ઈન્કાર.**

શ્રીકૃષ્ણ અર્જુનને સાવધાન થવા માટે પ્રેરણા આપે છે કે તેણે જોવું જોઈએ કે કર્મનાં મૂળ ઉચ્ચતર પવિત્ર થયેલી સમજના યોગમાં; બધા કર્તાઓ, કર્મ અને કર્મફળો ઉપરની નિરપેક્ષ પરમસત્તાની પ્રભુતાને ઓળખવામાં તે બેદરકાર નથી - એવા જ્ઞાનમાં રહેલાં છે. કર્મયોગી એ ધ્યાન રાખે છે કે વ્યક્તિઓના અનુભવો વિગતસંબંધી ચીવટની સાપેક્ષમાં હોય છે અને કોઈપણ અનુભવનું મૂલ્ય, સર્વ લોકો જેના એક અંશ છે, એવી વૈશ્વિક ચેતનામાં જાણી શકાય છે અને તેને પ્રાપ્ત પણ કરી શકાય છે. મનુષ્ય જે લાભોનો જીવનમાં ઉપભોગ કરે છે તે વિશ્વના અંશરૂપ બધી વ્યક્તિઓના યોગ ઉપર થયેલા કર્મનું પરિણામ છે અને જે પોતાના વ્યક્તિગત સંતોષ માટે અન્યની વસ્તુઓ પચાવી પાડવાનો પ્રયત્ન કરે છે, તે ખરો ચોર છે.

**ઈષ્ટાન્ભોગાન્હિ વો દેવા દાસ્યન્તે યજ્ઞભાવિતાઃ ।**
**તૈર્દત્તાનપ્રદાયૈભ્યો યો ભુક્તે સ્તેન એવ સઃ ॥૩-૧૨॥**

'કેમ કે યજ્ઞ વડે સંતુષ્ટ થયેલા દેવો તમને ઈચ્છિત ભોગો આપશે; (પરંતુ) તેમણે આપેલા (ભોગો) તેમને નહિ આપી જે (પોતે જ) ભોગવે છે, તે ચોર જ છે.'

મનુષ્ય તેના પર્યાવરણથી વિમુખ થઈ શકતો નથી. મનુષ્ય બાહ્ય સંજોગોનું પોતાના સંબંધમાં જેટલું નિયમન કરવામાં ફાળો આપે છે, તેટલો તે એ સંજોગોથી પ્રભાવિત થાય છે. વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને દુનિયા એ બધાં ક્રમશઃ અને પ્રગતિશીલ રીતે ગોઠવેલાં સર્વવ્યાપકતાનાં ક્ષેત્રો છે. જ્યાં સુધી તે આખા વિશ્વને પોતાની સમજ પ્રમાણે ગ્રહણ ન કરે અને પરમાત્મામાં ભળી ન જાય, ત્યાં સુધી તે વધુ ને વધુ વિસ્તરે છે. આ કક્ષાઓની દરેક વ્યક્તિએ જુદી જુદી

કક્ષાઓમાં યોગના ગતિશીલ અભ્યાસનું ક્ષેત્ર બનવું જોઈએ અને તેનું દરેક કર્મ દિવ્યસત્તાના ચિંતનરૂપ થવું જોઈએ.

કર્મયોગના ઉપદેશ તરીકે ગીતા મનુષ્યને સાચા વલણનો નિર્દેશ કરે છે કે તેણે કર્મો અને વસ્તુઓ તરફ યોગમય દૃષ્ટિ રાખવાની બાબતમાં ક્રમશઃ વિકાસ કરવો જોઈએ. દિવ્ય ગુરુ શ્રીકૃષ્ણનો મનુષ્યને સાવધ કરતો શબ્દ 'અનાસક્તિ' છે. વૈરાગ્ય અને અભ્યાસ-જગતની વસ્તુઓ તરફ આસક્ત થવું નહિ તથા જીવનમાં અને જીવન દ્વારા પરમસત્તાની સાથેની ચિંતનની સ્થિતિમાં રહેવું-એ કર્મયોગનો આદર્શ છે. આ આદર્શનો અભ્યાસ કરો અને અનાસક્તિ દ્વારા વૈરાગ્ય કેળવો. યોગીની કુશળતા કર્મનું યોગમાં રૂપાંતર કરવામાં રહેલી છે. શ્રીકૃષ્ણ જે કર્મકુશળતાની વાત કરે છે, તેનાં મૂળ સમત્વમાં રહેલાં છે; તે જ 'યોગ' કહેવાય છે. આ યોગમાં વ્યક્તિગત કર્તા પોતાની જાતને અનંત પરમાત્માના હાથનું સાધન માને છે. ઘડિયાળના કાંટા તેની અંદર રહેલા યંત્રના નિયંત્રણ અને નિયમન પ્રમાણે ફરે છે, તે રીતે કર્મયોગી પોતાને કાંટો અને ભગવાનને યંત્ર માનીને કર્મ કરે છે; છતાં કર્મયોગી અને ઘડિયાળના કાંટામાં તફાવત છે. કાંટાને યંત્ર તેને ફેરવે છે, તેવું જ્ઞાન હોતું નથી, પરંતુ કર્મયોગીને જ્ઞાન હોય છે કે, ભગવાનની પ્રેરણા અને તેમના બળથી તે કર્મ કરે છે. કર્મ કરવાના પ્રયત્નનું વૈશ્વિક ચેતનાના સ્વયંસંચાલિતપણાની સભાનતામાં રૂપાંતર થવું જોઈએ; પછી બધાં જ કર્મો યોગ બની જશે. શારીરિક ક્રિયાઓ, પ્રાકૃતિક કર્મો અને જીવનશક્તિની પ્રક્રિયાઓ પણ વૈશ્વિક ઉત્ક્રાંતિનો યોગ બની જશે.

સામાન્ય માણસ કર્મ કરે ત્યારે તેના માથા પર ભયજનક બોજો આવી જાય છે; કારણ કે એવા ખોટા વિચારથી કર્મ કરે છે કે તે તેના પર્યાવરણથી સંપૂર્ણ રીતે અલગ થઈ ગયો છે, તે વિશાળ વિશ્વથી અલગ થયેલી વ્યક્તિ છે અને તે વિશ્વ તેની બહાર રહેલું છે. સામાન્ય મન માટે ભગવાન એ એક આદર્શ શક્યતા છે, ભવિષ્યમાં પહોંચવાની સત્તા છે, પરંતુ જ્ઞાની સાધક પૂર્ણતા પ્રાપ્ત કર્યા પછી ભગવાન એ એક વાસ્તવિકતા છે, સર્વ જીવનોનું સત્ત્વ અને સર્વ જીવનોનો અર્થ છે, તે જ વિશ્વનો પ્રાણ છે - એમ માને છે. અહીં કર્મયોગના આચરણમાં મુશ્કેલી એ છે કે - કર્મયોગ યોગી પાસે આવી અપેક્ષા રાખે છે. (૧) દ્વંદ્વોથી ભરેલા જગત તરફ વૈરાગ્ય, (૨) જીવનમાં બધામાં રહેલા 'એક'નું દર્શન કરવાનો સતત પ્રયાસ, (૩) જે કર્મ કરે છે, તે 'હું' નથી, પરંતુ કોઈ 'એક' છે, જે કર્મ કરે છે. યુક્તિપૂર્વકના કર્મયોગથી નીચેની સિદ્ધિ પ્રાપ્ત થાય છે : (૧) સાધક શાંત, સંયમી અને ચિંતનશીલ બુદ્ધિમાન બને છે, (૨) ઇન્દ્રિયોના ત્રાસ અને અહંકારને વશ થયા વિના, લાભ અને ક્રોધ, ગમા-અણગમાની ગાંઠોથી મુક્ત થઈને વિશ્વની સમગ્રપણે સામાન્ય પરિસ્થિતિ સાથે અનુકૂલન સધાય છે, જે કર્મયોગનો મહત્ત્વનો અંશ છે, જે ગીતામાં ઉપદેશાયો છે.

'યોગ' એ આજના સમયની તાતી જરૂરિયાત છે. 'યોગ'માં કર્મમાંથી બળપૂર્વક મુક્તિ મેળવવાની નથી, પરંતુ કર્મના સત્યની તે માત્ર એક શોધ છે, માનવજીવન ગહનતર મર્મ છે. તેની ઉપેક્ષા આજે બધી બાજુથી માણસને ઘેરી વળેલી બીમારીમાં પરિણમી છે. ખલેલ પહોંચાડતી પ્રવૃત્તિની વચ્ચે પણ સમતા, રોજિંદા જીવનમાં 'યોગ'-એ ત્યારે શક્ય છે, જ્યારે માણસ ઓળખે કે વિશ્વ એ જીવંત પ્રાણી છે, જેનો દરેક ઘટક અનિવાર્યપણે 'પ્રાણી એક જ એકમનું બનેલું છે' એવા નિયમ તરફ ઝોક ધરાવે છે અને તે નિયમની પૂર્તિ કરે છે. તેથી દરેકની ફરજ છે કે તેણે ભૂલવું ન જોઈએ કે- દરેક મનુષ્ય વિશ્વરૂપી વિરાટપુરુષનો એક અખંડ અંશ છે. વિશ્વ એ ભગવાનનું બાહ્ય પ્રકટીકરણ છે; મનુષ્યે પોતાનાં જ્ઞાન અને શક્તિ પ્રમાણે તે વિરાટ પુરુષ તરફ વફાદાર રહીને કર્મ કરવું જોઈએ. આ રીતે ગીતાએ જગતની આબાદીની ખાતરી આપી છે. હે માનવ! તારી આંખો ખોલ. આજ્ઞાંકિતપણે ગીતાની આજ્ઞા પાળીને કર્મયોગના જ્ઞાનપૂર્વક કર્મ કર. તારો બચાવ થશે-ઉદ્ધાર થશે.

# ગીતા-યોગ

શ્રી સ્વામી ચિદાનંદજી

## આંતરિક દર્શન

જે અસ્તિત્વમાત્રમાં વિવિધ નામરૂપે આપણા નૈતિક અને નિરંતર ઉત્થાન માટે પ્રગટ્યા છે તે પરમ પ્રભુનાં ચરણોમાં ભાવભક્તિભર્યા પ્રણામ. એની સર્વવ્યાપકતા અને સર્વસ્થિતતા જ સાચું દર્શન છે, જે દશ્ય જગતને પેલે પાર જઈ અદશ્યને પણ જોઈ શકે છે. આ જ અંતઃદષ્ટિ છે, જે શ્રીમદ્ ભગવદ્ ગીતા ઈચ્છે છે કે આપણે સૌ અપનાવીએ અને વસ્તુમાત્રને જોવાના અભિગમરૂપે જોઈએ. એ કહે છે - **समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।** - ભૂતમાત્રમાં હું ગુપ્ત રૂપે વસું છું. અશાશ્વતમાં પણ હું શાશ્વત સમાયેલો છું.' (ગીતા ૧૩.૨૭)

માણસની દૃષ્ટિમાં બે દોષ છે. એ હંમેશાં બહાર જુએ છે, એટલે જે અંદર છે તેને એ જોઈ શકતો નથી. એની દૃષ્ટિ નામ-રૂપ સુધી પહોંચે છે, પરંતુ એ નામરૂપની પાછળ જે વસ્તુ છુપાયેલી છે તે એ જોતો નથી. નજરને અંદર જવા દો. જે ભીતર છે તે તમારે જોવું જોઈએ. ઇન્દ્રિયોને કાબૂમાં રાખો અને અંદર જોવાની વૃત્તિ સેવો. **''कश्चिद्धीरः प्रत्यगात्मान-मैक्षदावृत्तचक्षुरमृतत्वमिच्छन्''**-ઇન્દ્રિયોના વિષય ભોગોથી નજર હઠાવીને જે અંદરનો આત્મા જુએ છે. (કઠ.ઉ.૨.૧.૧) અંદર જે પ્રકાશે છે તે તમામ અંધકારને પેલે પારનો પ્રકાશનોય મહાપ્રકાશ છે. તે તમારા અંતરમાં વસે છે. એ ઈશ્વરનો પ્રકાશ છે. **''ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।''** ઈશ્વર સર્વેના અંતરમાં વસે છે, હે અર્જુન ! (ગીતા ૧૮.૬૧) એ આંતરિક અંતરાત્માનો પ્રદેશ છે, જે સમસ્ત વિશ્વમાં સૌથી મહત્ત્વનું સ્થાન છે. આપણે એ ભૂલી ગયા છીએ, કારણ કે આપણું ધ્યાન બાહ્ય ચીજોમાં છે. જો તમને અંદર જોવાની અને અંતરાત્માના પ્રકાશને જોવાની ઈચ્છા હોય તો તમારે એકાંતમાં શાંતિથી બેસવું જોઈએ. ખૂણામાં ભીંત સામું જોઈને બેસો. કેવળ ઇષ્ટદેવ. અથવા તો 'ૐ'ના આકાર સિવાય બીજું કશું જોશો નહીં. બાહ્ય ચીજોમાંથી નજરને ખેંચી લો અને એને પરમાત્મા પર સ્થિર કરો. ગીતા યોગનો આ અભ્યાસ છે.

તો પછી જ્યારે બહારની દુનિયા તરફ જોવું હોય તો ત્યારે શું ? ગીતામાં સમજાવ્યું છે તે મુજબ બધામાં છુપાયેલા પ્રભુને જુઓ. 'તમામ પદાર્થો મારામાં વસે છે અને હું સૌ પદાર્થોમાં વસું છું. હું તમામ ચીજોથી પર છું, પરંતુ તેમ છતાંય તમામ ચીજોમાં હું ઘણોબધો છું. ઘણા બધા દેખાતા પદાર્થોમાં હું એકલો જ વસું છું. હું એકલો જ અનેક રૂપે દેખાઉં છું. ગળાના હારમાં ઘણાં મોતીઓને પરોવતા એક સૂત્રની જેમ હું છું. મોતી ઘણાં છે, વિવિધ પણ છે, પરંતુ દોરો એક અને અખંડ છે. હું 'સૂત્રાત્મા' છું. મને આ રીતે જો અને 'મારા' દર્શનમાં પ્રતિષ્ઠિત થા. (ગીતા ૭.૭).

તમારો અંતર્યામી પ્રભુ તમારી અંદરની એની ઉપસ્થિતિ તથા બહારની ઉપસ્થિતિનું ભાન કરાવવાની કૃપા કરે. અંતઃસ્થિત પરમાત્માના તમને આશીર્વાદ હો !

## બાહ્ય દર્શન

**''समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् । विनश्यत्स्वविनश्यतं यः पश्यति स पश्यति ॥** સૌ ભૂતમાત્રમાં જે ઈશ્વરને સમાન રીતે રહેલો જુએ છે, જે વિનાશીમાં પણ અવિનાશીને જુએ છે, તે જ જુએ છે.'' (ગીતા ૧૩.૨૭). આ ગીતાનો બાહ્ય યોગ છે, તે પરમાત્માને અનેકોમાં એકસમાન રૂપે રહેલા જુએ છે. સૂતરમાંથી બનાવેલી સેંકડો ચીજોમાં, કેવળ સૂતર એ જ એક સર્વસાધારણ ચીજ છે. સોનાનાં સેંકડો ઘરેણાંમાં, સર્વસાધારણ ચીજ કેવળ સુવર્ણ છે. કુંભારની દુકાને માટીનાં અસંખ્ય ઘડા-કુંડાં છે, પરંતુ સૌમાં સર્વસાધારણ ચીજ 'માટી' જ છે. આ જ રીતે, લાખો વિધવિધ વસ્તુઓમાં સર્વસાધારણ ચીજ છે-ઈશ્વરી તત્ત્વ

અથવા તો માત્ર આત્મા. મહાન ઋષિ યાજ્ઞવલ્ક્ય પોતાની પત્ની મૈત્રેયીને કહે છે : ''इदं सर्वं यदयमात्मा''- રે, તું જાણ કે આ બધું મારા સિવાય બ્રહ્મ સિવાય બીજું કશું નથી, આ બધું આત્મા સિવાય બીજું કશું નથી. (બૃ.ઉ. ૪.૫.૭)

આ ગીતાયોગ છે, ગીતાદર્શન છે, ગીતાઅભ્યાસ છે. ઈશ્વરદર્શન, ઈશ્વર-ચિંતન તથા ઈશ્વર-સ્મરણનો પ્રવાહ અખંડિત રાખવો હોય તો આ ચીજ જરૂરી છે. - અનેકોમાં એકને જોવો, જગતની તમામ ચીજોમાં પરમાત્માના દર્શન કરવાં જરૂરી છે. આ રીતે સક્રિય અવસ્થામાં પણ ધ્યાનાવસ્થા કાયમ રહે છે. આંતરિક આધ્યાત્મિકતા, સાધનાનું પ્રયોજન આપણી અંતઃચેતનાને એકમાંથી બીજી અવસ્થામાં બદલવા માટે છે. આ બીજી ચેતના અત્યંત ઊંચી અને વરિષ્ટ ઉત્તમોત્તમ છે, મૂલ્યવાન અને અનુપમ છે, એની અદ્વિતીયતા અજોડ છે. આ એક આંતરિક કીમિયો છે.

ભગવાન કૃષ્ણ અર્જુનને ઘણુંબધું જ્ઞાન આપ્યા બાદ એક પ્રશ્ન પૂછે છે : 'હું તને જે થવાનું કહું છું તેવો તું થઈશ ? હું તને જે કરવાનું કહું છું તે તું કરીશ ?' અર્જુન હા પાડતાં કહે છે કે, 'હા. હું અવશ્ય કરીશ. તમે મને જે બનવાનું અને જે કરવાનું કહેશો તે હું બનીશ અને તે હું કરીશ.' (ગીતા ૧૮.૬૩, ૧૮.૭૩). તમામ સાધકો માટે આ એક સનાતન માર્ગદર્શન છે. પ્રત્યક્ષ આધ્યાત્મિક જીવન જીવીને એને પરિણામકારી બનાવો. અધ્યાત્મ એ વિજ્ઞાનનો વિનિયોગ છે, પ્રત્યક્ષ આચાર છે.

એટલે આપણે નિશ્ચય કરીએ કે હવેથી આપણો હેતુ સિદ્ધાંતને અમલમાં મૂકવા, જે કાંઈ જાણ્યું છે તેને આચરવા અથવા તેવા થવા માટેનું છે. મુક્તિ જ જેની મંજિલ છે એવી આ મહાનયાત્રામાં સફળતા મેળવવા માટે જે જરૂરી અને મહત્ત્વનું છે તેવી આ અનિવાર્ય પ્રક્રિયામાં પરમ પિતા અને પૂજ્ય ગુરુદેવ આપણને મદદ કરે. તમારી અંદર વસેલો પ્રભુ તમને એની હાજરી તમારી અંદર જોવાની અને એની જ હાજરીમાં કૃપા વરસાવે. અંતર્વાસી દિવ્ય પરમાત્માના તમને આશીર્વાદ હો ! □ 'નિત્ય સ્વાધ્યાય'માંથી સાભાર

---

**(ગીતા રહસ્ય અનુસંધાન પાના નં.૨૭ ઉપરથી ચાલુ)**

કર્યાં. બાળકના જન્મ સાથે જ માતાના સ્તનમાં મીઠું અમૃત સમું દૂધ કોણે ભર્યું ? માટે જ ગીતા કહે છે, ઈશ્વર છે. ઈશ્વર જ છે. ઈશ્વર જ સત્ય છે, જે અનન્ય ચિંતન કરી એક માત્ર ઉપાસનાથી સાધના કરે છે, તે તેને ચોક્કસ પામે છે.

શ્રીકૃષ્ણ કહે છે, અર્જુન તું નિષ્કપટ છે. તું નિષ્પાપ છે, માટે જ હું તને આ ગહન જ્ઞાન આપું છું. આપણી સૌથી મોટી મુશ્કેલી આ બંનેમાંથી એક પણ યોગ્યતાને છેડે આપણે નથી. આપણાં જીવન કાવાદાવા છળકપટ, સ્વાર્થ અને મદ વચ્ચે જ વિંટળાયેલાં છે. ત્યારે ગીતા સાવધાન કરે છે. ગીતા કહે છે, 'તું તારા ધર્મને સંભાળ, પારકો ધર્મ તને ભયમાં મૂકશે. ગીતાની સમજણ આપતાં પૂજ્ય બાપુજી અને સંત વિનોબાજીએ કહ્યું, પારકા ધર્મના કૂવામાં જઈને તરવા કરતાં પોતાના ધર્મના કૂવામાં ડૂબવું વધુ સારું છે. આપણે આપણો ધર્મ એટલે આપણાં કર્તવ્યથી વિમુખ છીએ. આપણી ફરજો તરફ આંખ આડા કાન કરીએ છીએ, આમ ધર્મ ન સંભવે. ગીતાએ સ્પષ્ટ કહ્યું, 'યજ્ઞ, દાન, તપ, કર્મ પાવનાનિ મનીષીણામ્' યજ્ઞ એટલે પ્રભુસ્મરણ, દાન એટલે ઉદારતા, તપ એટલે જીવનમાં સત્યનું પાલન, અને કર્મ એટલે સરળતાથી 'હું'નો ત્યાગ કરી કર્તાપણાનો વિચ્છેદ કરી, ફળની આકાંક્ષા વગર કરેલાં કૃત્યો. જો આ 'ધર્મચતુષ્ટ્ય'ના મંડાણ ઉપર જીવનની અટ્ટાલિકાનું નિર્માણ થાય, તો ગીતા અમૃત આપણાં જીવનને સુરભિત કરી શકે. બાકી ગીતા પ્રવચનો કે માત્ર ચર્ચાઓથી જીવન સાર્થક્ય સંભવ નથી. ગીતાને માત્ર વાંચવાથી નહીં, વાગોળીને પચાવવી પડશે. અહીં ત્યાગનું પ્રભુત્વ છે, શરણાગતિની આવશ્યકતા છે. ઈશ્વર અને ગુરુમાં શ્રદ્ધા હોવી જરૂરી છે. આટલું થઈ શકે તો માનવધર્મ મહેકી ઊઠે, જીવન ધન્ય બને. ગીતા ચિંતન, મનન અને નિદિધ્યાસન સાર્થક થાય. ૐ શાંતિ.

# ગીતા રહસ્ય

શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

શ્રીમદ્ ભગવદ્ગીતાનો પ્રારંભ 'ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે' શબ્દો કે કથનથી થાય છે. તેનો અર્થ થયો 'ક્ષેત્રે ક્ષેત્રે કુરુ ધર્મ' ક્ષેત્રે ક્ષેત્રે અર્થાત્ જીવન કવનની પ્રત્યેક ક્ષણે ધર્મનું પાલન કરવું. અહીં આ ધર્મતત્ત્વને પણ સમજવું જોઈએ. સંતોએ કહ્યું કે, 'ધર્મસ્ય તત્ત્વં નિહિતં ગુહાયામ્' ધર્મનું સ્વરૂપ સમજવું દુષ્કર નથી. પરંતુ ગાંભીર્ય તો માગી જ લે છે. માટે ધર્મનો અર્થ 'ધૃ ધારયતિ ઈતિ' જે ધારણ કરે. જે જીવનનો આધાર હોય, જે સમાજનો આધાર હોય, જે સમગ્ર વિશ્વનો આધાર થઈ શકે તે ધર્મ. દુર્ભાગ્યે પંથો અને વાડાઓને આપણે ધર્મના નામમાં ખપાવીએ છીએ. હિન્દુ, મુસલમાન, પારસી, શીખ, બૌદ્ધ, જૈન કે ખ્રિસ્તી ધર્મ વગેરે. હવે સ્વામિનારાયણ ધર્મનું નવું લેબલ પણ લગાડ્યું. આ બધા વિવિધ માર્ગો છે. 'જેતો મત તેતો પથ' એવું શ્રી રામકૃષ્ણ પરમહંસદેવે કહ્યું. જેટલા મત તેટલા પંથ. અમો આર્યસમાજ ધર્મ પાળીએ છીએ, તો પંજાબમાં વળી દેવસમાજ પણ છે. આ બધા જ માર્ગો સાચા છે. જેને જે માર્ગે આત્મતત્ત્વે સૂઝે તે માર્ગે જવું. પૂજ્ય સ્વામી વિવેકાનંદજીએ કહ્યું, 'મારા દેશમાં તેત્રીસ કરોડ દેવતાઓ છે, તો ભલેને તેત્રીસ કરોડ ધર્મ માર્ગો હોય, અંતે સૌ જો કોઈપણ માર્ગેથી આત્મતત્ત્વને જાણે, સમજે કે પામે તો તે બધા જ ધર્મો માટે મારા હૃદયનાં દ્વાર ખુલ્લાં છે અને ભવિષ્યમાં આવનારી પ્રજા, જો બીજા નવા દેવી દેવતાઓની પૂજા કરે, માનતા કરે અને તે માર્ગે પરબ્રહ્મને પામે તો પણ તેમને માટે પણ હું સદૈવ મુક્ત મને તેમનો સ્વીકાર કરીશ.

ખરેખર આપણે સૌ જન્મ્યા ત્યારે શૈવ, વૈષ્ણવ કે શાક્ત ન હતા. આ હિન્દુ-મુસલમાનની ઓળખ તો સમાજે આપી. આપણો જન્મ એક માનવ તરીકે થયો છે, એટલે માનવતા એ જ એક માત્ર આપણો ધર્મ છે.

આ માનવતા એટલે શું ? જેમાં પશુત્વ નથી, રાક્ષસ વૃત્તિ નથી, જે પરોપકારી છે, જેમાં વિનય, શીલ, લજ્જા અને મર્યાદા છે, તે માનવ. જેમાં વિવેક, ધૈર્ય અને પવિત્ર વિચારસરણી છે, તે માનવ. અન્યથા પશુ કે દાનવ માટે જ સંતોએ ગાયું છે :

*પ્રભુ એવી દયા કર તું, વિષય ને વાસના છૂટે,*
*ત્રિવિધ તાપો સહિત માયા, જરાયે ના મને જૂટે.*
*પરાયા દોષ જોવાની, ન થાઓ, વૃત્તિ કે ઈચ્છા,*
*સૂતાં કે જાગતાં મનમાં, મલિન વિચાર ના ઊઠે.*
*રહે નહીં વસ્તુની મમતા, બધામાં હો સદા સમતા,*
*રહે નહીં દંભ દિલડામાં, ત્રિગુણની શૃંખલા તૂટે.*
*વૃત્તિને ઈન્દ્રિયો મારી, રહે તલ્લીન તારામાં,*
*પ્રભુ વલ્લભ રહી શરણે, અલૌકિક ભક્તિરસ લૂટે.*
*સદાયે ભાવના તારી, નિરંતર ભાન હો તારું,*
*રહું એકતાર તારામાં નહિ બીજું સ્ફુરણ ફુટે.*

ગીતા તેના અઢાર અધ્યાયોમાં કર્મથી પ્રારંભ કરી, ભક્તિ કરતાં જ્ઞાનની પ્રાપ્તિ કરવાની વાત કરે છે. કર્મ એ જીવનનો પર્યાય છે. જન્મ એ કર્મનો પ્રારંભ છે. મૃત્યુ એ કર્મનો વિરામ છે. જીવન એટલે જ કર્મ. કારણ કે જીવનની એક પણ ક્ષણ કર્મ વગરની જતી નથી. પ્રશ્ન અહીં એ કે આપણે જે કંઈ પણ કર્મ કરીએ છીએ, તેમાં આપણો અહમ્ કેટલો સમાહિત છે ? 'મેં કર્યું' આ કહેવાની સાથે અહમ્-મમકારનું બંધન આપણને કર્મના ભોગ અને વિકારમાં બાંધે. કર્તા ઈશ્વર છે. ઈશ્વર થકી જ પવન ચાલે છે. ગગન ગાજે છે. ધરા થથરે છે. આ સૂર્ય, ચંદ્ર, વાદળો કે મેઘધનુષ, સાગર તરંગોની પાછળ પ્રકૃતિની શક્તિ છે. આ પ્રકૃતિનો પ્રાણ એટલે જ ઈશ્વર. વડનાં એક બીજમાં સમગ્ર વડ સમાયેલો છે. ગુલાબની ઢબુરાયેલી કળીમાં જે વિકાસની ક્ષમતા, સૌન્દર્યનો ઊભાર અને સુગંધની બૌછાર છે, તે પ્રાકૃત પ્રભુને કારણે જ સંભવી શકે છે. દરિયાને કિનારે ખારીફાટ રેતી વચ્ચે જમીનથી પૂરાં પાંત્રીસ ફૂટ ઊંચે ત્રણ પડદા વચ્ચે નાળિયેરીમાં મીઠું પાણી કોણ ભરે છે. ઊંચે અભરાઈએ રાખેલી મીઠાઈ સુધી પંક્તિ બદ્ધ જતી કીડીઓનાં ફેફસાં કોણે સદ્ધર

**(અનુસંધાન પાના નં.૨૬ ઉપર)**

## શ્રી ગુરુ નાનકદેવ - પ્રાકટ્ય પર્વ

**(દેવદિવાળી-કારતક સુદ પૂનમ)** **શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**

વિક્રમ સંવત ૧૫૨૬માં કારતક સુદ પૂનમના રોજ તલવંડી રાય ભોઈ, હવે તે નાનકાના સાહેબ (હાલ પાકિસ્તાન)ના નામે ઓળખાય છે, ત્યાં શ્રી મહેતા કાલુ અને શ્રીમતી તૃપ્તાદેવીને ત્યાં શ્રી ગુરુ નાનકદેવનું પ્રાકટ્ય થયેલું. તેમને એક મોટી બહેન પણ હતી, તેનું નામ બેબે નાનકી હતું. બાળક નાનકના પ્રાગટ્ય સમયે દાઈ (સોયાણી)એ એક અવર્ણનીય અદ્‌ભુત પ્રકાશ અને પ્રસૂતાના કક્ષમાં દિવ્ય સુગંધની અનુભૂતિ કરી હતી. પંડિત હરદયાલે જોષ જોઈને કહેલું, 'બાળક વિશ્વ વિખ્યાત અસાધારણ પ્રતિભાને પામશે.'

તેઓ મોટા થયા એટલે તેમનો યજ્ઞોપવીત પ્રસંગ ઉજવાયો. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે તેમણે જનોઈ પહેરવાની ઘસીને ના પાડી. તેણે આચાર્યને પૂછ્યું, 'શું આ ત્રણ તાંતણા મને બ્રહ્મજ્ઞાન આપશે ?' આચાર્ય નિરુત્તર હતા, અને તેમણે અહીંથી પરંપરાથી અલગ પ્રથા પાડી. તેમને જ્યારે શાળાએ મોકલવામાં આવ્યા ત્યારે શિક્ષકોને લાગ્યું કે, 'આ બાળકને શીખવવા જેવું તેમની પાસે કશું જ નથી, કારણ કે તે બધું જ જાણે છે.' તેમને કરિયાણાની દુકાને બેસાડવામાં આવ્યા ત્યારે તેમણે બધું અનાજ સાધુસંતોને વહેંચી દીધું. નાનકને મન આ જ 'સાચો સોદો' સાચો વ્યાપાર હતો.

બેબે નાનકી સુલતાનપુરના શ્રી જયરામ પલતેને પરણ્યાં હતાં. તેમણે પિતાશ્રી શ્રી મહેતા કાલુને નાનકને સુલતાન મોકલી આપવા કહ્યું. સુલતાનપુરના દૌલતખાનને કહીને નાનકને રાજ્યના મોદીખાનાના મુખ્ય વહીવટી તરીકે નીમવામાં આવ્યા. અહીં પણ નાનક ગણતરી કરતાં દસ, અગિયાર, બારહ, તેરા... સબકુછ તેરા કહીને સૌને પ્રમાણથી કંઈક વધુ વધુ જોખી આપતા. લોકોમાં એક કહેવત વ્યાપી

**'પૂરા કીસીના તોલેયા... જીસ તોલેયા તીસ ઘટ,**
**પૂરા તો નાનક હી તોલેયા... જેહે ગયે જાન તું ખટ.'**

શ્રી નાનકને મન તો શાહી મોદીખાનાનો માલિક પરમેશ્વર જ હતો, તેથી 'પ્રભુ કા ધાન... પ્રભુ ખા ખેત... ખાઓ ચીડિયા ભરભર પેટ'નો જ હિસાબ હતો. પરંતુ આ વાત લાંબી ન ચાલી. સુલતાન પાસે ફરિયાદ ગઈ. નાનક તમોને દેવાળિયા કરશે. પરંતુ તપાસ કરતાં જણાયું કે વેચાણ થયેલું અનાજ... બચેલું અનાજ હિસાબ ચોખ્ખો છે, પરંતુ નાનકના નામે વધુ પૈસા જમા થયેલા છે. સુલતાને નાનકને શાબાશી આપી, સિરપાવ આપ્યો, અને મોટા વહીવટના મુકાદમ નિમ્યા.

બીબી સુલક્ષણી (સુલખની) સાથે તેમનું દામ્પત્ય સૂત્ર બંધાયું. તેમના બે પુત્રો હતા. મોટા શ્રીચંદ અને નાના લક્ષ્મીદાસ (લખમીદાસ). શ્રી નાનકદેવે પોતાના બંને દીકરાઓની બળ, બુદ્ધિ, વિદ્યા, સેવા, પવિત્રતા, ધાર્મિક વિચારો, સાધારણ જનમાનવ પ્રત્યેની સેવાનો અભિગમ વગેરેની પરીક્ષાઓ લીધેલી અને અંતે એક વિશિષ્ટ ક્ષમતા સમ્પન્ન ભાઈ લૈણાને પોતાના પછી ગુરુપદે નીમ્યા, તેમનું નામ ગુરુ અંગદદેવ.

એક દિવસ ગુરુ નાનકદેવ નિદ્રાધીન હતા, એક વિશાળકાય સર્પ તેની ફેણ ઊંચી કરીને તેમના મુખમંડળ ઉપર છાંયો કરીને બેસી રહ્યો હતો. એક દિવસ પિતાશ્રીના કહેવાથી ગાયો ચરાવવા ગયેલા નાનકની લોકોએ ફરિયાદ કરેલી કે નાનકની ગાયો આજુબાજુના ખેતરોનો ઊભો પાક ખાઈ જાય છે, તપાસ કરતાં જણાયું કે ગાયો તો ખેતરોમાં ગઈ જ નથી અને નુકસાનની વાત તો ઉપજાવી કાઢેલી છે. સૌના આશ્ચર્ય વચ્ચે શ્રી નાનક એક દિવસ રોજની જેમ નદીએ નહાવા ગયા, પરંતુ ત્રણ દિવસ સુધી પાણીમાંથી બહાર આવ્યા જ નહીં, અને જ્યારે બહાર આવ્યા ત્યારે તેમના ચહેરા ઉપર એક નૂર હતું, પ્રકાશ હતો, કંઈક પ્રાપ્ત કર્યાનો આત્મસંતોષ હતો. બહાર આવ્યા પછી જે તેમણે કહ્યું, તેમાંથી નાનકની આંતરચેતનામાં વૈદિક વાઙ્મયનો પ્રકાશ પ્રકટ્યો. તેમણે કહ્યું, 'ના હમ હિંદુ, ના મુસલમાન, હમ તો અલ્લાહરામ કે પીંડ પ્રાણ' અને પછી થોડીવારે કહ્યું, 'આખાં જીવાં... વિસરે મર જાઉં, રામ સ્મરણ એ જ જીવન અને વિસ્મરણ એટલે મરણ' બસ, હવે તેમણે નવાબની નોકરી છોડી, પ્રભુની નોકરીમાં તેઓ જોડાયા. તેઓ તેમના બે અનન્ય ભક્તો અને બાળપણના સખાઓ શ્રી ભાઈ મરદાના ભાઈ બાલા સાથે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એમ ચાર યાત્રાઓ કરી. આ યાત્રા દરમિયાન તેમણે સુલતાનપુર લોદી, લાહોર, મુલતાન, પાકપટ્ટણ, કુરુક્ષેત્ર, કરનાલ,

પાનીપત, હરિદ્વાર, દિલ્હી, મથુરા, બનારસ, પટણા, બુદ્ધગયા, આસામ અને ઓરિસ્સાની યાત્રામાં ધર્મ પ્રચાર કર્યો. સંતોનો સત્સંગ કર્યો, તીર્થોનાં દર્શન કર્યાં અને પાછા તલવંડી આવ્યા.

આ જ પ્રમાણે બીજી દીર્ઘ યાત્રામાં તેઓ બિકાનેર થઈને વિંધ્યાચલથી છેક રામેશ્વર સુધી ગયા. દરિયો પાર કરી શ્રીલંકા પણ ગયા, ત્રીજી યાત્રામાં ઉત્તર ભારતનું ભ્રમણ કર્યું. કાશ્મીર, સુમેરુ પર્વત, નેપાલ, સીક્કિમ, ભૂતાન અને તિબેટ સુધીની યાત્રા કરી. અંતે પશ્ચિમમાં મક્કા, મદીના, બગદાદ, તેહરાન, તુર્કીસ્તાન, તાશ્કંદ, સમરકંદ, બોખરા, કાબુલ અને અફઘાનિસ્તાન સુધી તેઓ ગયા. પેશાવર, કાબુલ થઈને તેઓ હસન અબ્દલ થઈને કરતારપુર આવ્યા અને આ બધી યાત્રાઓ પછી ઈ.સ. ૧૫૦૪માં તેઓશ્રીએ તેમનો કાયમી નિવાસ કરતારપુર નક્કી કર્યો.

હરિદ્વારમાં સૌ હર કી પૈરીમાં ગંગાસ્નાન કરીને સૂર્યને પૂર્વ દિશામાં અર્ધ્ય આપતા હતા, ત્યાં શ્રી ગુરુ નાનકદેવે પૂછેલું, 'આ બધા શું કરે છે.' 'સૂર્યને જળ ચઢાવે છે.' અને નાનક પશ્ચિમમાં મોઢું રાખીને ખોબે ખોબે પાણી પશ્ચિમ દિશામાં ચઢાવવા લાગ્યા, લોકોએ પૂછ્યું, 'નાનક શું કરો છો ?' જવાબ હતો, 'મારાં ખેતરને પાણી પાઉં છું.' 'અરે ! અહીંથી તમારાં ખેતરમાં પાણી કેમ પહોંચશે ?' 'કેમ વળી ? જો તમારો અર્ધ્ય સૂરજ સુધી પહોંચતો હોય તો મારું પાણી મારા ખેતરમાં ભલા કેમ ન પહોંચે ?'

આવો જ એક પ્રસંગ મક્કામાં પણ બનેલો. બપોરના ભોજન પછી શ્રી ગુરુ નાનકદેવ વિશ્રાન્તિમાં હતા. તેમના પગ કાબા પથ્થરની દિશામાં હતા. લોકો કહે, 'તમો કાબા તરફ પગ રાખીને કેમ સૂતા છો ?' નાનકે કહ્યું, 'તો જે તરફ કાબા ન હોય તે તરફ પગ મૂકી દો.' અને સૌનાં આશ્ચર્ય વચ્ચે જે જે દિશામાં તેમના પગને ફેરવવામાં આવ્યા, તે તે દિશામાં કાબાને પણ લોકોએ ફરતો જોયેલો. નાનકની સમજણ સ્પષ્ટ હતી, 'ઈશ્વર સર્વત્ર છે. ઈશ્વર એક જ છે. પછી તે અલ્લાહ હોય કે ઈશ્વર, આહુરમઝદા હોય કે ઝંદેવસ્ત, જીસસ કે મોસસ, બુદ્ધ કે મહાવીર, શ્રીરામ કે કૃષ્ણ !' ઈશ્વર એક જ છે.

શ્રી ગુરુ નાનકદેવને અંતરમાં પ્રકાશ થતાં તે શબ્દબ્રહ્મ તેમની વાણીના રૂપમાં પ્રગટ થયેલ. તેમની રચનાઓ ઓગણીસ વિવિધ રાગોમાં પ્રાપ્ત છે. જ્યારે 'જપુજી સાહિબ'નું બંધારણ કોઈ વિશેષ રાગમાં નથી.

શ્રી ગુરુ નાનકદેવજી મહારાજ પછી બીજા શ્રી ગુરુ અંગદદેવજી, ત્રીજા શ્રી ગુરુ અમરદાસજી, ચોથા શ્રી ગુરુ રામદાસજી, પાંચમા શ્રી ગુરુ અર્જુનદેવજી થયા. આ ગુરુ અર્જુનદેવજીએ પોતાની પૂર્વે થયેલા ગુરુઓની પવિત્ર વાણીનું સંકલન કર્યું. ત્યાર પછી ભવિષ્યમાં આવનારા છઠ્ઠા ગુરુ શ્રી હરગોવિંદજી, સાતમા ગુરુ શ્રી હરરાયજી, આઠમા ગુરુ શ્રી હરકૃષ્ણજીની વાણી આ સંકલનમાં સંકલિત નથી. પરંતુ નવમા ગુરુ શ્રી તેગબહાદુરજી ઉપરાંત ભક્ત કબીર, ભક્ત નામદેવ, ભક્ત રવિદાસજી, ભક્ત રામાનંદજી, ભક્ત જયદેવજી, ભક્ત ત્રિલોચનજી, ભક્ત ધન્ના, ભક્ત સૈનજી, ભક્ત પીપાજી, ભક્ત ભીખનજી, ભક્ત સદનાજી, ભક્ત પરમાનંદજી, ભક્ત સૂરદાસજી, ભક્ત બેનીજી અને સૂફી સંત શેખ ફરીદજીની રચનાઓ કે વાણીનો સમાવેશ થાય છે.

આ પવિત્ર સંકલનમાં છ ગુરુજનો, પંદર ભક્તો, અગિયાર ભાટ અને ચાર ગુરશિકખ મળીને કુલ ૩૬ સંતોની રચનાઓનો સમાવેશ થાય છે. જે બધું મળીને ગુરુ કી કાશી એવા દમદમા સાહેબ ખાતે આ ગ્રંથનું નામ ગુરુ ગ્રંથસાહેબ નક્કી કરવામાં આવ્યું, જેમાં ૧૪૩૦ પૃષ્ઠોમાં ૫૮૬૭ પદો કે ગુરુવાણીનું પવિત્ર સંકલન વિવિધ ૩૧ રાગોમાં છે. જેમાં શ્રી, માંઝ, ગૌરી, આશા, ગુજરી, દેવગંધાર, બિહાગ, ધનાશ્રી, સોરઠ, વાદહંસ, જેતશ્રી, તોડી, ભૈરવી, તિલંગ, સુહી, બિલાવલ, ગૌડ, રામકલી, નટ નારાયણ, માલી ગૌરા, મારુ, કેદાર, ભૈરવ વગેરેનો સમાવેશ થાય છે.

દસમા ગુરુ બહુ જ પ્રતાપી પુરુષ શ્રી ગુરુ ગોવિંદસિંહજીએ કહ્યું, 'જે કંઈ કહેવાનું છે, તે બધું જ વેદ પુરાણ ગીતા ભાગવત ઉપનિષદનું જ્ઞાન શ્રી ગુરુ ગ્રંથ સાહેબમાં છે, હવે મારે કંઈ કહેવાનું નથી.' હવે પછી કોઈ નવા ગુરુ નહીં, ગુરુ ગ્રંથ સાહેબ જ શીખોના ગુરુ કહેવાશે.

શ્રી ગુરુ નાનકદેવજી મહારાજ કરતારપુર ખાતે ૨૨મી સપ્ટેમ્બર ૧૫૩૯ (A.D.)માં મહાનિર્વાણ પામ્યા. અનુશાસન, દઢભક્તિ, સેવા અને સત્સંગથી સભર શીખ સમ્પ્રદાય સમગ્ર વિશ્વમાં એક વિશિષ્ટ ક્ષમતાસમ્પન્ન ધર્મ થઈને દીપી રહ્યો છે.

# વૃત્તાંત

**દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ :** દર મહિનાની નિયમિત નવશીખાઉ યોગપ્રેમીઓ માટેની યોગ પ્રશિક્ષણ શિબિર પહેલી નવેમ્બરથી દસમી નવેમ્બર સુધી ડૉ. સ્નેહલ અમીને સંચાલન કરી.

અગિયારમી નવેમ્બરે ધનતેરસની સાંજે સામૂહિક ધન-લક્ષ્મી-પૂજામાં ૧૧૩ દંપતીઓ ધનપૂજાર્થે શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મી આદિશક્તિ પીઠ ખાતે જોડાયાં. પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રી તેમની ઉત્તર ભારતની યાત્રામાંથી તે જ દિવસે સાંજે પધાર્યા અને તેમની અધ્યક્ષતા તથા ઉપસ્થિતિમાં આ અત્યન્ત ભવ્ય પવિત્ર સમારંભ આયોજાયો.

બારમી નવેમ્બરે દીપાવલીની પૂર્વ સંધ્યાએ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ અમદાવાદના સુપ્રસિદ્ધ ગીતામંદિર ખાતે અખિલ ભારતીય સાધુ સમાજના પરમાધ્યક્ષ શ્રીમત્ સ્વામી મંગલાનંદજી મહારાજ, મહાનિર્વાણી અખાડાના આચાર્ય મંડલેશ્વર શ્રીમત્ સ્વામી વિશ્વદેવાનંદજી મહારાજનાં દર્શને પધાર્યા.

તેરમી નવેમ્બરે દીપાવલીના પવિત્ર અપરાહ્‌ને શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મી આદિશક્તિપીઠ ખાતે ભવ્ય અન્નકૂટનું આયોજન અને પૂજ્ય સ્વામીજી મહારાજ દ્વારા દિવ્ય આરતી કરવામાં આવી. આ પ્રસંગે હજારો ભક્તોએ આ દિવ્ય દર્શનનો લાભ લીધો, તદુપરાંત મહામંડળેશ્વર શ્રીમત્ સ્વામી મંગલાનંદજી મહારાજશ્રી પણ પોતાના ભક્તમંડળ સાથે આ પવિત્ર દિવ્ય અન્નકૂટના દર્શને પધાર્યા. અન્નકૂટમાં એક હજાર પાત્રોમાં અગણિત વ્યંજનો નિવેદિત કરવામાં આવ્યા. રાત્રે બારસોથી વધુ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો અને બેસતા વર્ષની સવારે એક હજાર પરિવારોને (દરિદ્રનારાયણ સેવા) એક કિલો મીઠાઈ તથા એક કિલો ફરસાણ નારાયણ સેવા રૂપે વિવિધ ઝુંપડપટ્ટી વિસ્તારમાં શ્રી મરૂતભાઈ દવે અને શ્રી તેજસ ભાવસારની આગેવાનીમાં આશ્રમના ભક્તોએ વિતરણ કર્યું.

● ચૌદમી નવેમ્બરે નૂતનવર્ષાભિનંદનના પવિત્ર પર્વે વહેલી સવારથી મોડી રાત સુધી આશરે અઢાર હજારથી વધુ ભક્તો શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મી આદિ શક્તિપીઠના દર્શને આવ્યા. મોડી બપોર સુધી પહેલા પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીએ અને બપોર પછી શ્રીમત્ સ્વામી કમલાનંદજી મહારાજે પ્રસાદ વિતરણ કર્યો.

● દિવાળી, નૂતનવર્ષ અને ભાઈબીજના પર્વોમાં વિવિધભારતી ઉપરાંત અને ટી.વી. ચેનલોએ પૂજ્ય સ્વામીજીના મંગળ સંદેશ પ્રસારિત કર્યા.

તા.૨૨મી નવેમ્બરે એરમાર્શલ શ્રી અનિલ ચોપ્રા, એવીએસએમ, પીવીએસએમ આશ્રમની મુલાકાતે પધાર્યા.

**ભાગવત કથા :** બાવીસમી નવેમ્બરથી અઠ્ઠાવીસ નવેમ્બર સુધી આશ્રમમાં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની વ્યાસપીઠે દિવ્ય ભાગવત કથા પારાયણનું આયોજન થયું. આ કથા સવારે અને સાંજે બે સત્રોમાં સાત દિવસ આયોજાઈ. કથા પ્રસંગ દરમિયાન સુપ્રસિદ્ધ જગતગુરુ જગ્ગી સ્વામીજીનાં દર્શને આશ્રમનું ઈષ્ટમંડળ ગયું અને તેઓશ્રી પણ આશ્રમની મુલાકાતે પધાર્યા.

ભાગવત કથા દરમિયાન શ્રીકૃષ્ણ પ્રાકટ્ય અને શ્રી રુક્મિણી વિવાહના પ્રસંગો પવિત્રદિવ્ય ભાવે ઉજવાયા. કારતક સુદ પૂનમને તા.૨૮ના રોજ ગુરુનાનકદેવના પ્રાગટ્ય પર્વે પૂજ્ય સ્વામીજી ગોવિંદધામ ગુરુદ્વારામાં પધાર્યા, પૂજ્ય સ્વામીજીના ઉદ્‌બોધને સૌને ધન્ય કર્યા. આશ્રમની સર્વે પ્રવૃત્તિઓ ખૂબ જ પ્રેમથી નિયમસર ઉજવાઈ.

**હરિદ્વાર :** શ્રી અમર મિત્ર મંડળ, બાપુનગરના સૌજન્યથી હરિદ્વારના શ્રી દક્ષક્ષેત્રમાં પવિત્ર ગંગાતટે શ્રી હરિગિરિ આશ્રમમાં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન ભાઈબીજથી કારતક સુદ આઠમ તા. ૧૫ થી ૨૧ નવેમ્બર સુધી થયું. ગુજરાતમાંથી ૩૦૦ ઉપરાંત ભક્તો આ વિશેષ જ્ઞાનયજ્ઞનો લાભ લેવા પધાર્યા. સંગીતમય જ્ઞાનસમારંભની પૂર્ણાહુતિમાં હરિદ્વાર માયાપુરી-પંચપુરીના ૧૭૦ સંતો મંડળેશ્વરોએ પધારી આશિર્દાન કર્યા. વિશાળ ભંડારા અને અવભૃત (સામૂહિક) ગંગા સ્નાન સાથે સમગ્ર કાર્યક્રમનું સમાપન થયું.

આ સમય દરમિયાન દરરોજ સાંજે શિવાલિક નગર **BHEL** ખાતે પણ પૂજ્ય સ્વામીજીનાં ગીતા પ્રવચનો આયોજાયાં. શ્રી સૂર્યષષ્ટિ-છઠ પૂજાનો મહાત્સવ દીપદાન સાથે પૂજ્ય સ્વામીજીની નિશ્રામાં થયો.

**યમુનાનગર :** પહેલી અને બીજી નવેમ્બરની બપોર સુધી પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ યમુનાનગર ખાતે રહ્યા. વૃક્ષારોપણ, રક્તદાન શિબિર અને સ્વામી દયાનંદ આર્ય વિદ્યાલયમાં પૂજ્ય સ્વામીજીનાં પ્રવચનો થયા. ભક્તોને ત્યાં પધરામણી ઉપરાંત વડીલોના વૃદ્ધાશ્રમોમાં જઈને પણ પૂજ્ય સ્વામીજીએ સત્સંગ કર્યો.

**કરનાલ :** બીજી નવેમ્બરની મધ્યાહ્‌ને પૂજ્ય શ્રી સ્વામીજી મહારાજ કરનાલ પધાર્યા. અહીં ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ્સમાં પૂજ્ય સ્વામીજીએ બે પ્રવચનો મેનેજમેન્ટ-પ્રોડકશન-સમસ્યાઓ અને સમાધાન વિષયક કર્યાં. પૂજ્ય સ્વામીજીએ કહ્યું કે 'તમારામાંનો દરેક નાનામાં નાનો કારીગર પણ આ ઔદ્યોગિક સંકુલનું આવશ્યક અને અનિવાર્ય અંગ છે, માટે સૌએ પોતાની જવાબદારી સમજવી અને સંકુલના હિતમાં જ આપણું હિત સમાયેલુ છે એ બાબત ઉપર ભાર આપી હાર્દિક વિજ્ઞપ્તિ કરી.

પહેલી તારીખે રાત્રે રોટરી ક્લબ આયોજિત સમારોહનું અધ્યક્ષસ્થાન પૂજ્ય સ્વામીજીએ સંભાળ્યું. નિર્મલ આશ્રમમાં ગુરુમુખી ભાષામાં પવિત્ર ગ્રંથસાહેબની વાણી સંભળાવીને સૌને આશીર્દાન કર્યાં.

**અંબાલા :** દિવ્ય જીવન સંઘ અંબાલા ખાતે પૂજ્ય સ્વામીજીના સત્સંગ ઉપરાંત શ્રી ગુરુ ગોરખનાથ એન્જિનિયરિંગ કોલેજ ખાતે પૂજ્ય સ્વામીજીનું ઉદ્‌બોધન ઉપરાંત પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી વિશાળ રક્તદાન શિબિરમાં ૧૧,૩૨૯ યુનિટનું સ્વૈચ્છિક રક્તદાન થયું. આ પ્રસંગે હરિયાણાના મુખ્યમંત્રીનાં ધર્મપત્ની શ્રીમતી ઉષારાની હુડ્ડા તથા અગ્રણી ધારાસભ્યો પણ ઉપસ્થિત રહેલ. પૂજ્ય સ્વામીજી અત્રે દર વર્ષે પધારે છે, પૂજ્ય સ્વામીજીનો આ વિનમ્ર પ્રયત્ન સમગ્ર પ્રદેશમાં ખૂબ જ ધન્યતા પામ્યો. આ પ્રસંગે ચંડીગઢ, કુરુક્ષેત્ર, મંડીથી પણ મેડિકલ એસોસીએશનના સભ્યોએ અને દસ રક્તબેંકોના સ્વયં સેવકો ઉપસ્થિત રહી આ મહાન સેવાયજ્ઞને સફળ બનાવ્યો.

**અમૃતસર :** તા.૪થી નવેમ્બરથી ૬ઠ્ઠી નવેમ્બરે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે અમૃતસરમાં શ્રી નિર્મલવેદાંત સંમેલનમાં ભાગ લઈ સૌ સંતોની સેવા કરી, પોતાનું અહોભાગ્ય પ્રાપ્ત કર્યું.

**પંચકુલા-ચંડીગઢ :** તા.૭મી નવેમ્બરે પૂજ્ય સ્વામીજી મહારાજ એક દિવસની મુલાકાતે આવ્યા. ભક્તોને ત્યાં પધરામણી કરી, ડૉ. નિર્મલ ભાટિયા તથા શ્રી ધરમવીર ભાટિયા આઈ.એ.એસ., દ્વારા આયોજિત સત્સંગમાં 'ગીતાના પંચપ્રાણ' વિષયક મનનીય પ્રવચન આપ્યું. પૂજ્ય સ્વામીજીએ કહ્યું 'કર્મ, ભક્તિ અને જ્ઞાનની પ્રાપ્તિ માટે શરણાગતિ અને પ્રભુસ્મરણ જ રાજમાર્ગ છે'.

**લુધિયાના :** તા.આઠમીથી દસમી નવેમ્બર સુધી પૂજ્ય સ્વામીજી લુધિયાના ખાતે રહ્યા. અત્રે આયોજિત જૈન આચાર્ય શ્રી શિવ મુનિ મહારાજની ધ્યાન-જ્ઞાન શિબિરમાં બે દિવસ ઉદ્‌બોધન કરી, સમગ્ર જૈન સમાજ અને સંતોને આનંદ-શાતા આપી કૃતકૃત્યતાનો અનુભવ કર્યો.

**દિલ્હી :** તા.અગિયારમીની સવારે પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજ અત્રે પધાર્યા. આ દિવસ પવિત્ર ધનતેરસ હોઈ સરકારી અધિકારીઓના નિવાસસ્થાનોમાં પૂજ્ય સ્વામીજીની પધરામણીથી સૌએ આનંદ અનુભવ્યો. શ્રીમતી અમીતા શરણ (એ.આઈ.એમ.એસ.) અને શ્રી અંજનીનંદનશરણજી (આઈ.આર.એસ.) (વી.એસ.એન. એલ.ના વિજિલન્સ અધિક્ષક)ના નિવાસસ્થાને સત્સંગ આયોજાયો. સાંજની ફલાઈટમાં પૂજ્ય સ્વામીજી અમદાવાદ પધાર્યા.


## આગામી કાર્યક્રમો

**ડિસેમ્બર :** તા. ૧૦ થી ૧૯ સુધી યોગાસન પ્રશિક્ષણ શિબિર
તા. ૧૦ થી ૩૦ સુધી યોગશિક્ષક પ્રશિક્ષણ આવાસીય શિબિર

**જાન્યુઆરી :** તા. ૨ થી ૮ સુધી આશ્રમમાં પૂજ્ય સ્વામીજીની વ્યાસપીઠે શ્રીમદ્‌ ભાગવત કથા

૨૬મી જાન્યુઆરી : શ્રી અજય યાજ્ઞિક દ્વારા શ્રી સંગીતમય સુંદરકાંડ (આશ્રમના શ્રી દુ:ખભંજન હનુમાનજીના મંદિરનો પાટોત્સવ)


ISO 22000
સ્વાદ અને
ગુણવત્તાની પરંપરા
Ramdev
Premium
STRONG
HING
શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.
ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!
રામદેવ
મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ
રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.
સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com



"ધ્યાનેન આત્મનિ વિન્દતિ" ગીતા જયંતી, ૨૩-૧૨-૨૦૧૨




દીપાવલીની પવિત્ર સંધ્યાએ શિવાનંદ આશ્રમ ખાતે મહામંડલેશ્વર શ્રીમત્ સ્વામી મંગલાનંદજી મહારાજે પગલાં કર્યાં (૧૩-૧૧-૨૦૧૨)




પૂજ્ય આચાર્ય શ્રી શિવમુનિ મહારાજ સાહેબની નિશ્રામાં પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ દ્વારા ધર્મ-દેશણા, લુધિયાના (તા. ૮-૯/૧૧-૨૦૧૨)




શ્રી સદ્‌ગુરુ જગ્ગી વાસુદેવજી શિવાનંદ આશ્રમની મુલાકાતે (૨૪-૧૧-૨૦૧૨)




ધનતેરસ, દિવાળી, બેસતુંવર્ષ અને ભાઈબીજના પર્વોમાં દરરોજ વિવિધ ભારતી અને અનેક T.V. ચેનલોએ પૂજ્ય સ્વામીજીનાં આશિર્દાન પ્રસારિત કર્યાં.

Nov 07, 11:40 pm **दैनिक जागरण, अमृतसर**



कमल कोहली, अमृतसर : लोगों को अपने पुत्र व पुत्री की जन्म कुंडली की बजाय एचआईवी के टेस्ट करवा कर उनको विवाह बंधन में बांधने की परंपरा को अपनाना चाहिए। तभी आने वाला भविष्य को एचआईवी जैसी बीमारी से बचाया जा सकता है। उक्त विचार बुधवार को शिवानंद आश्रम अहमदाबाद से आए स्वामी श्री अध्यात्मानंद जी महाराज ने दैनिक जागरण से बातचीत करते हुए व्यक्त किया। महाराज जी इस समय अमृतसर में चल रहे 61वां अखिल भारतीय निर्मल वेदांत सम्मेलन में मुख्य तौर पर शामिल होने के लिए आए हुए हैं।

उन्होंने कहा कि इस समय लोग एचआईवी व थैलेसीमिया जैसी बीमारियों से जूझ रहे हैं। यदि कानून में यह प्रावधान हो जाए कि परिणय सूत्र में बंधने से पहले लड़का-लड़की के दोनों टेस्ट अनिवार्य होने चाहिए।